# ધાર્મિક વાર્તાઓ

સં. લેખન

**વિષ્ણુ મહંત**
(M.Com., M.Ed.)

-: પ્રકાશક :-

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

**DHARMIK VARTAO**

by ***Vishnu Mahant***
Shihol Ta. Petlad Dist. Anand M. 9998385365

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. :

**ધાર્મિક વાર્તાઓ**
વિષ્ણુ મહંત

-: ટાઈપ સેટીંગ :-
Mayur's

-: વિક્રેતા :-
**એમ. એમ. સાહિત્યપ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ

-: મુદ્રક :-
**અર્પણ પ્રિન્ટરી, આણંદ**

# અર્પણ

## મારા વ્હાલા દિકરા

## ચિ. કિર્તી ત્થા વિરલને

# પ્રસ્તાવના....

જીવનમાં આપણા વારસદારોને જો વારસામાં આપવા જેવી ચીજ હોય તો તે છે સંસ્કાર. સંસ્કાર આપવાનું એક માત્ર ઉત્તમ સાધન છે પુસ્તકોનું વાંચન. જો આપણે આપણા ઘરમાં સારાં પુસ્તકો વસાવીએ અને આપણા બાળકોને તે વાંચવાની ટેવ પાડીએ તો આ ચેનલોના જમાનામાં આપણી ઉગતી પેઢીને બચાવી શકીશું.

જ્યારે ઉત્તમ પુસ્તક વાંચવાની વાત આવે છે ત્યારે સવાલ ઉત્તમ સાહિત્ય શોધવાનો આવે છે. જોકે આપણે આપવાના સંસ્કાર અનુસાર સાહિત્ય પસંદ કરવું જોઈએ. તેથી મને વિચાર આવ્યો કે, બાળકોમાં ધર્મના સંસ્કાર આપવા માટે બાળકોને ધાર્મિક વાતો કહેવી જરૂરી છે. પણ આ યુગમાં માતા પિતાને કે દાદા દાદીને ધાર્મિક વાતો કહેવાનો સમય જ ક્યાં છે? તો મેં વિચાર્યું કે એવું ધાર્મિક વાર્તાઓનું કલેકશન આપણી આગળ રજૂ કરું કે, જેથી આપ બાળકોને કે આપના યુવાન દીકરા દીકરીના હાથમાં આ પુસ્તક ધાર્મિક સંસ્કારોના ભેટ રૂપે મૂકી શકો. અને તેનું સ્વરૂપ વાર્તાસ્વરૂપનું હોય એટલે આપને કે આપના કુટુંમ્બીજનોને વાંચવું પણ ગમે. તો એ અપેક્ષાસહ આ 'ધાર્મિક વાર્તાઓ' નામનું પુસ્તક આપની સમક્ષ રજૂ કરી રહ્યો છું જે આપ જેવા સુજ્ઞઘર, શાળા કે ગ્રંથાલયમાં વસાવવા લાયક બને.

આપ મારા આ નમ્ર પ્રયાસને આવકારી મારા પુસ્તકના વાંચક

બની મને આભારી કરશોજી. આ પુસ્તકમાં મેં જાણી-અજાણી ધાર્મિક વાર્તાઓ સમાવિષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે.

ભલે, આપણે ખાઈ-પીને મોજ મજા કરીએ, ઉત્સવો ઉજવી આનંદ કરીએ, ચેનલોના ચટકા માણતા હોઈએ પણ સાથે સાથે આવાં પાવન પુસ્તકો વાંચી થોડા ધાર્મિક આનંદના છાંટણા આપણા મન પર છાંટીશું, તો જાણે-અજાણે થોડા પાવન થઈશું.

અસ્તુ... જય હો આપના ઈષ્ટદેવની, અને કૃપા વરસો આપના કુટુંબ પર.


**વિષ્ણુ મહંત**

સિંહોલ, તા. પેટલાદ જિ. આણંદ-ગુજરાત

૯૯૯૮૩ ૮૫૩૬૫


# ::: અનુક્રમણિકા :::


| | | |
|---|---|---|
| ૧. | ઝૂંપડી | ૧ |
| ૨. | દેરાણી જેઠાણી | ૯ |
| ૩. | લક્ષ્મી-પાર્વતી | ૧૮ |
| ૪. | દશામા | ૨૫ |
| ૫. | દેવનો સ્વભાવ | ૨૯ |
| ૬. | ચોટલી | ૩૭ |
| ૭. | રામજીના ભક્ત | ૪૨ |
| ૮. | શીવલો | ૪૬ |
| ૯. | દેવનો દરબાર | ૫૩ |
| ૧૦. | જીવન્તિકા | ૬૦ |
| ૧૧. | પરોપકાર | ૬૭ |
| ૧૨. | સૃષ્ટિ | ૭૬ |
| ૧૩. | શેર માટીની ખોટ | ૭૯ |
| ૧૪. | યમની સામે | ૮૯ |
| ૧૫. | મંગળા | ૯૮ |
| ૧૬. | તુલસી | ૧૦૨ |
| ૧૭. | કુલકાજળી | ૧૧૧ |
| ૧૮. | ઓખા | ૧૧૩ |
| ૧૯. | વાલિયો | ૧૧૭ |
| ૨૦. | ફજેતી | ૧૨૪ |
| ૨૧. | કોયલ | ૧૩૩ |
| ૨૨. | માયાજાળ | ૧૩૬ |
| ૨૩. | વૈકુંઠ | ૧૪૩ |
| ૨૪. | ઉપદેશ | ૧૫૦ |

# ૧. ઝુંપડી

ભગવાન શંકર.

ભોળાનાથ.

કૈલાસ પર્વત પર રહે. ત્યાં ઠંડી ખૂબ પડે. પણ શંકર તો બેદરકાર. કપડાં પહેરવાનું ભાન નહીં. તપ કરવા બેસે એટલે ખલાસ. એમને વળી ઠંડી શી?

પણ પાર્વતીને ચિંતા થાય. પતિનો સ્વભાવ તે જાણે. કપડાં તો પાર્વતી કહે તો પણ ના પહેરે. હવે ઉપાય શો?

પાર્વતીને ઝૂંપડી બનાવવાનો વિચાર આવ્યો. શિવજીના બે-ચાર ગણ ભેગા કર્યા. બધાએ ભેગા મળી ઝૂંપડી બાંધવા માંડી.

એટલામાં દૂરથી વીણાનો અવાજ આવ્યો. થોડીવારમાં તો 'નારાયણ નારાયણ' બોલતા નારદજી આવી પહોંચ્યા. પાર્વતીએ નારદને પૂછ્યું :



'નારદજી, ઝૂંપડી તમને કેવી લાગી?'

નારદજીએ વીણા વગાડવી બંધ કરીને કહ્યું :

'માતાજી ! ઝુંપડી તો સુંદર છે પણ...'

નારદજી એકદમ અટકી ગયા. પાર્વતીની મજાક કરવા માટેની સામગ્રી મનમાં ગોઠવી દીધી.

પાર્વતીજી ચમકી ગયાં. એકદમ બોલી ઉઠ્યાં :

'શું પણ? નારદજી, તમે કેમ અટકી ગયા?'

'માતાજી! મને એક શંકા જાય છે, પણ જવા દો એ વાત. પ્રભુ ક્યાં ગયા?'

'નારદજી ! વાત ના ઉડાવો. પ્રભુ હમણાં જ આવે છે. પણ તમે કઈ શંકાની વાત કરો છો?'

નારદજીએ જાણ્યું કે હમણાં શંકર આવશે, પછી વાતની મજા રહેશે નહીં. એટલે તેમણે તરત જ કહ્યું :

'આ ઝુંપડીનું બાંધકામ ખરાબ ચોઘડિયામાં શરૂ થયું છે. એના પર શનિની ખરાબ નજર પડે છે. એટલે આ ઝુંપડી વધુ સમય ટકશે નહીં.'

'ખરેખર !' પાર્વતીજીને નવાઈ લાગી. સાથે દુઃખ પણ થયું.

એટલામાં શિવજી આવ્યા. ઝૂંપડી જોઈને તે ખુશ થઈ ગયા. તેમણે કહ્યું :

'દેવી! ધન્ય છે તમને! ઝૂંપડી તો ખરેખર વખાણ કરવા લાયક બની છે. કેમ નારદજી, તમને કેવી લાગી?'

'પ્રભુ! આપની વાત સત્ય છે.'

નારદે જાણીને વાણી પર વિવેક રાખ્યો. જામગરી તો તેમણે ચાંપી દીધી જ હતી. એટલે થોડું બોલવામાં ડહાપણ હતું.

અને બન્યું પણ તેમ જ. પાર્વતીએ ગુસ્સો કરીને શિવજીના આનંદમાં ભંગ પાડ્યો.

'પ્રભુ! મેં ઘણી મહેનત કરી છે આ ઝુંપડી બાંધવામાં. પણ તમને તો મારી કદર જ નથી. આ ઝુંપડી પર શનિની ખરાબ નજર છે. તમારા દેવો ક્યાં શાંતિથી રહેવા દે છે?'

શિવજી તો બિચારા ભોળા. એમણે તો પાર્વતીની વાત માની લીધી. બીજો કંઈ વિચાર કર્યો જ નહીં. આંખ લાલ થઈ ! શરીર ધ્રુજવા લાગ્યું.

'એ શનિ મારી ઝૂંપડી પર ખરાબ નજર નાખે છે? એની આ હિંમત!'

પાર્વતી લાડમાં બોલ્યાં :

'હા પ્રભુ ! તમે તો તપ કર્યા કરો. હું તો આમ જ હેરાન થયા કરું છું. એ શનિ શું તમારા કરતાં પણ મોટો? એને તમારી પણ શરમ ના આવી?'

હવે નારદજી બોલ્યા :



'પ્રભુ ! શનિ બધી દુનિયાને હેરાન કરે છે. પણ તમને હેરાન કરે ત્યારે તો હદ થઈ. એને બોધપાઠ ભણાવવો જોઈએ.'

'સાચી વાત છે. દેવી, લાવો મારું ડમરું અને ત્રિશૂળ! માને તો ઠીક છે, નહીં તો....'

'પ્રભુ ! મારી એક વાત માનો. શનિ હઠીલો છે. કદાચ તમારી વાત ના માને, અને તમારી ઝૂંપડીનો વિનાશ કરે તો તમારી આબરૂ જાય.'

'એ વાત તો ખરી. શનિ ના માને તો હું શું કરવાનો હતો? એના કામમાં મારાથી દખલ પણ શી રીતે થાય? નારદજી, તમને કોઈ ઉપાય દેખાય છે? શિવજીએ નારદને પૂછ્યું.'

નારદ પાસે તો ઉપાય હતો જ. તેમણે કહ્યું :

'પ્રભુ ! શનિ ઝૂંપડીનો નાશ કરે તો તમારી આબરૂ જાય. પણ જો માતાજી પોતે જ એ પહેલાં નાશ કરી દે તો કલંકમાંથી બચી શકાય.'

શિવજી ખુશ થઈ ગયા. નારદની વાત તેમને ગમી ગઈ. તેમણે પાર્વતીને સૂચના કરી :

'હું શનિને સમજાવીશ. નહીં માને તો હું ડમરું વગાડીશ. એ સાંભળી ઝૂંપડીને આગ ચાંપી દેજો. સમજી જશે તો ઠીક છે. ચાલો નારદજી આવો છો ને?'

નારદજી ચાલ્યા શંકરની પાછળ.

'નારાયણ, નારાયણ' બોલતા જાય અને મૂછમાં હસતા જાય.

શિવજી તો ઝડપથી ચાલતા હતા. એમને તો આજે શનિની ખબર લઈ નાખવી હતી. પોતાનો પ્રભાવ બતાવીને પાર્વતીજીને ખુશ કરવાં હતાં. એટલે એ તો ઝડપથી ચાલે! પણ બિચારા નારદને તો દોડવું જ પડતું.

એમને તો હસવું આવે. હસવાને કારણે ચાલવામાં તકલીફ પડે. પાછળ પડી જાય, એટલે હસવાનું દબાવી દોડવામાં ધ્યાન આપે.

શનિનું નિવાસ સ્થાન આવી ગયું. નારદ દોડ્યા. ઝડપથી શિવજી પાસે પહોંચી ગયા.

'પ્રભુ ! તમે અહીં ઉભા રહો. હું એ શનિને બહાર બોલાવું છું.

નારદજી અંદર ગયા.

શનિએ આવકાર આપ્યો :

'આવો આવો નારદજી, આજે કેમ મારા પર કૃપા કરી? બેસો.'

નારદજીએ ધીમેથી કહ્યું :

'શનિદેવ ! એક કામ પડ્યું છે. બોલ કરશો? કામ સહેલું છે. ના પાડશો નહીં.'



'બોલો, કરીશ.'

'જુઓ, બહાર શિવજી ઊભા છે. હું...'

'હેં... શંકર ભગવાન....! મારે આંગણે!' એમ બોલતા શનિદેવ ઉભા થઈ ગયા. નારદે તેમને અટકાવી પોતાની વાત આગળ વધારી.

'હું જ યુક્તિ કરીને લાવ્યો છું. મારે એમનું નૃત્ય જોવું છે. પણ મારા જેવાનું કોણ માને? તમે કહેશો તો ના નહીં પાડે.'

'ઠીક છે, ચાલો. તમારી વાત સ્વીકારી.'

બંને બહાર આવ્યા. ચાલતાં ચાલતાં જ નારદે બધી વાત સમજાવી દીધી. શનિ પણ નારદની વાત સાંભળીને હસી પડ્યા.

શનિદેવને જોયા કે તરત જ શંકરે જોરશોરથી બૂમો પાડવા માંડી. શનિદેવે શાંતિથી સાંભળી લીધું. પછી તેમણે શંકરને વિનંતી કરી :

'પ્રભુ ! તમારી ઝૂંપડી પરથી મારી નજર પાછી ખેંચી લઉં. પણ એક શરત. મને આપનું નૃત્ય જોવાની ઈચ્છા થઈ ગઈ છે.'

શિવજીએ વિચાર કર્યો :

'શનિ જલદીથી માની ગયો. પાર્વતી પણ મારો પ્રભાણ જાણીને ખુશ થશે. નૃત્ય કરવામાં કંઈ વાંધો નથી.'

એટલે શંકરે શનિની વાત માની લીધી.

શિવજીએ નૃત્ય શરૂ કર્યું. ધીમેધીમે બધાં અંગ નૃત્યમય બનવા માંડ્યા. પછી તો 'તા...થૈ તા... થૈ' ના અવાજથી ધરતી ધમધમવા લાગી.

નૃત્યના તાનમાં, શિવજી મગ્ન બની ગયા. શિવજી એટલે શિવજી. નૃત્યના તાનમાં આવે એટલે બધું ભૂલી જાય. પછી તો ડમરૂવાળો હાથ પણ હાલ્યો. પાર્વતીને કહેલી વાત ભૂલી ગયા. ડમરું વાગવા માંડ્યું.

નારદ પણ એ જ રાહ જોઈ રહ્યા હતા. ડમરું વાગ્યું, એટલે નારદનું કામ સફળ થયું.

ડમરુનો અવાજ સાંભળીને પાર્વતી ચમક્યાં. તેમને ખાતરી થઈ ગઈ કે શનિ માન્યો નહીં હોય! એટલે પાર્વતીએ ઝટપટ મશાલ ચેતાવી. ઝૂંપડીને આગ ચાંપી દીધી.

ઝૂંપડી ભડભડ બળવા લાગી. આગની જવાળાઓ આકાશમાં પહોંચી. હવે શંકરને ભાન આવ્યું. તેમણે નૃત્ય બંધ કરી દીધું. દોડ્યા ઝૂંપડી તરફ.

શનિને પણ નવાઈ લાગી. શિવજીની ઝૂંપડી બળી શી રીતે? શનિને દુઃખ થયું. તે પણ દોડ્યા શંકરની પાછળ.

સૌથી છેલ્લા નારદજી હસતા હસતા આવે.

શંકરે ગુસ્સાથી શનિ સામે જોયું. શનિ તરત જ બોલી ઊઠ્યો :



'પ્રભુ ! હું નિર્દોષ છું. મને તો આ નારદનાં કારસ્તાન લાગે છે. તમારી ઝુંપડી પર મારી કંઈ નજર હતી જ નહીં.'

શંકર ગરજી ઊઠ્યા :

'સાચું બોલો, દેવી ! શનિની ઝુંપડી પર ખરાબ નજર છે, એણ કોણે કહેલું?'

'પ્રભુ, નારદે.'

એટલામાં નારદ આવી પહોંચ્યા.

ઝૂંપડી બળીને રાખ થઈ ગઈ હતી. નારદજીએ તે જોઈ ખડખડાટ હસી પડ્યા. પેટ પકડીને હસ્યા.

શંકરે બૂમ પાડી :

'અલ્યા નારદ! તારું કામ છે?'

નારદજી હસવાનું રોકીને બોલ્યા.

'પ્રભુ ! તમારા માટે ઝુંપડી હોય નહીં. તમારા જેવા ત્યાગી અને તપસ્વીને ઝુંપડી શોભે નહીં. એટલે મેં જે કર્યું છે તે તમારા ભલા માટે જ.'

નારદની વાત સાંભળીને શંકર હસી પડ્યા. પૂરી વાત સમજ્યા પછી શનિ પણ હસ્યો.

એક ન હસ્યાં પાર્વતી.

પણ નારદને શું? એ તો 'નારાયણ... નારાયણ' કરતા બીજો શિકાર શોધવા ચાલવા માંડ્યા.

# ૨. દેરાણી-જેઠાણી

એક ગામ હતું.

એ ગામમાં દેરાણી, જેઠાણી અને સાસુ રહેતાં હતાં.

દેરાણી અને જેઠાણી બંનેને એક એક દીકરો હતો. પરંતુ જેઠાણી ભારે અદેખી હતી.

નાની વહુ સીધી, સાદી અને ભલી ભોળી હતી.

શીતળા સાતમનું વ્રત કરવા માટે નાની વહુ રાંધણ છઠ્ઠને દિવસે રાંધવા બેઠી કે જેથી બીજે દિવસે ટાઢું જમી શકાય. એનો છોકરો ઘોડિયામાં સૂતો હતો અને રાંધતાં રાંધતાં મધરાત થઈ ગઈ તોય હજી રાંધવાનું બાકી હતું.

એવામાં છોકરો રડ્યો એટલે નાની વહુ દેરાણી રાંધવાનું પડતું મૂકીને છોકરા પાસે ગઈ અને છોકરાને ધવડાવી ઘોડિયામાં સુવડાવતી હતી ત્યાં પોતે ઝોકાં ખાવા લાગી અને સૂઈ ગઈ.



એ વખતે શીતળા માની ઘરમાં પધરામણી થઈ. ચૂલો સળગતો હતો. એ જોઈને તેઓ ગુસ્સે થઈ ગયાં. તેમાં તેઓ આળોટ્યાં અને દાઝ્યાં. આથી શીતળા માએ તેને શાપ આપ્યો કે, ''જેવું મારું શરીર બળ્યું એવું એનું પેટ બળજો.''

શીતળામાં તો શાપ આપીને ચાલ્યાં ગયાં અને નાની વહુએ સવારે ઊઠીને ઘોડિયામાં જોયું તો એનો છોકરો બળીને ભડથું થઈ ગયો હતો.

હવે એને પોતાની ભૂલ સમજાઈ અને લાગ્યું કે શીતળા માતા કોપ્યાં છે. આથી તે રડવા લાગી અને માથું કૂટવા લાગી.

એને રડતી સાંભળી એની જેઠાણી ત્યાં દોડી આવી. એની સાસુ પણ દોડતી દોડતી ત્યાં આગળ આવી ચડી. આવીને એ બંનેએ જોયું ને નાની વહુને કહ્યું :

'રાતે તું ચૂલો સળગતો મૂકીને સૂઈ ગઈ હતી, તેથી તારી ઉપર શીતળામાં કોપાયમાન થયાં છે. તું તારા છોકરાને લઈને શીતળામાની પાસે જા અને તારી ભૂલ કબૂલ કરીને એમની માફી માંગ. મા તારી ઉપર દયા કરીને તારા છોકરાને સજીવન કરશે.'

સાસુની વાત માની છોકરાને ટોપલામાં લઈ, ટોપલો માથે ચડાવી નાની વહુ તો શીતળા માતા પાસે ચાલી. ચાલતાં ચાલતાં રસ્તામાં એક તળાવ આવ્યું. એ તળાવ પાસે ટોપલો ઉતારી નાની વહુ તળાવમાં પાણી પીવા ગઈ, ત્યાં તળાવમાંથી અવાજ આવ્યો

'બાઈ! તું આ તળાવનું પાણી પીશ તો મરી જઈશ. તું શા માટે રડે છે. એ તો કહે?'

એટલે નાની વહુએ કહ્યું : ''શીતળામા મારી ઉપર કોપ્યાં છે. મારા છોકરાને એમણે બાળી મૂક્યો છે. માટે શીતળામાંની માફી માગવા જાઉં છું.''

''તું શીતળામા પાસે જાય છે તો મારું પણ પૂછતી આવજે કે મારા તળાવનું પાણી પીનાર મરી કેમ જાય છે?''

નાની વહુએ તો પાણી પીધા વગર ટોપલો માથે ચડાવ્યો અને આગળ ચાલવા લાગી. થોડેક દૂર ગઈ ત્યાં રસ્તાની વચ્ચે બે આખલા ઊભા હતા અને એ બંને આખલાના ગળામાં ઘંટીનું એક એક પડ હતું. તેઓ બંને એકબીજાને માથાં મારીને લડતા હતા.

નાની વહુ નજીક આવી એટલે આખલા લડતા બંધ થયા અને નાની વહુને પૂછ્યું :

''બેટા! તારી આંખમાં આંસુ કેમ છે?''

''શીતળામા મારી ઉપર કોપ્યાં છે, એટલે માફી માગવા જાઉં છું.''

''તો બાઈ ! શીતળામાને અમારું પણ પૂછતી આવજે ને કે અમારા કયા પાપને લીધે અમારા ગળામાં ઘંટીનાં પડ બાંધ્યાં છે અને અમે શા માટે લડ્યા કરીએ છીએ?''



''સારું.'' કહી નાની વહુ તો આગળ વધવા લાગી.

થોડેક દૂર ગઈ ત્યાં એક ઝાડની નીચે એક મેલીઘેલી ડોશી બેઠી હતી અને વારંવાર માથું ખંજવાળતી હતી.

એને જોઈને ડોશીએ કહ્યું : ''આવી બેટી ! હું તારી જ રાહ જોતી હતી. તારો ટોપલો નીચે ઉતારીને જરા મારું માથું જોઈ આપને! માથામાં મને બહુ ખંજવાળ આવે છે.''

આ સાંભળી નાની વહુને દયા આવી. એણે ટોપલો નીચે મૂક્યો ને એ તો ડોશીનું માથું જોવા બેસી ગઈ.

ઘણી વાર સુધી નાની વહુએ ડોશીનું માથું જોયું. એમાંથી ઘણી લીખો અને જૂઓ કાઢીને મારી નાખી. આથી ડોશીના માથામાં ખંજવાળ ઓછી થઈ. નાની વહુને આશીર્વાદ આપતાં ડોશી બોલી :

''બેટી ! ભગવાન તારું કલ્યાણ કરશે! અને તારી ભલાઈનો બદલો તને જરૂર આપશે.''

આમ કહી ડોશી તો અદૃશ્ય થઈ ગઈ. ડોશીની જગ્યાએ એકદમ પ્રકાશ પથરાઈ ગયો અને એની જગ્યાએ શીતળામા ઊભાં રહી ગયાં. છોકરાને શીતળામાએ સજીવન કર્યો અને એ તો શીતળામાના ખોળામાં રમવા લાગ્યો.

નાની વહુએ શીતળામાનાં દર્શન કર્યાં અને પોતાની ભૂલ બદલ ક્ષમા માગી.

શીતળામાએ તેના માથા ઉપર હાથ મૂકી એને માફી આપી અને એનો હસતો-રમતો છોકરો એના ખોળામાં મૂક્યો.

પછી નાની વહુએ તળાવનાં પાણી વિશે પૂછ્યું, ત્યારે શીતળામાએ કહ્યું :

“બેટી! ગયા ભવમાં એ તળાવ એક સ્ત્રી હતી. એ બહુ અદેખી હતી. એને ત્યાં કોઈ ચીજ વસ્તુ લેવા આવે તો એ કોઈને આપતી નહિ અને સવારમાં વલોણું કર્યા પછી કોઈ છાશ લેવા આવે તો પાણી નાખીને છાશ આપે. એનાં પાપનું નિવારણ એ કે તું જો જઈને એ તળાવનું પાણી ખોબામાં ચારે દિશામાં અંજલિ આપે અને પછી તું પાણી પીએ તો પશુપક્ષીઓ અને વટેમાર્ગુઓ એનું પાણી પી શકશે.”

પછી નાની વહુએ પેલા બે આખલાની વાત પૂછી, ત્યારે શીતળામાએ કહ્યું :

“બેટી! એ બંને આખલા ગયા ભવમાં દેરાણી-જેઠાણી હતાં. એમને ઘેર કોઈ આડોશી-પાડોશી દળવા-ખાંડવા આવે તો એનું અપમાન કરીને તેઓ કાઢી મૂકતાં. એટલે આ ભવમાં તેઓ આખલા બન્યા છે. તું જો જઈને એમના ગળામાં રહેલાં ઘંટીનાં પડ કાઢી નાખે, તો તેઓ સંપીને રહેશે.”

આટલું કહી શીતળામા તો અંતર્ધ્યાન થઈ ગયાં અને નાની વહુ પોતાના દીકરાને લઈને પાછી વળી.



ચાલતી ચાલતી તે જ્યાં આખલાઓ લડતા હતા ત્યાં આવી અને છોકરાને એક બાજુ બેસાડી તે આખલા પાસે આવી.

આખલા પાસે આવીને એણે વાત કરી અને પછી એણે ઘંટીનાં પડ કાઢી નાખ્યાં.

આથી બંને આખલાઓ શાંત પડી ગયા અને એકબીજાના મિત્ર જેવા બની ગયા, અને ડોક નમાવીને પેલી નાની વહુનો આભાર માન્યો.

પછી નાની વહુ તો પોતાના છોકરાને તેડીને પેલા તળાવ પાસે ચાલતી ચાલતી આવી. ત્યાં આવીને એણે તળાવને પણ તેની બધી વાત જણાવી. તેણે તળાવમાંથી ખોબો ભરીને પાણી લીધું અને ચારે દિશામાં અંજલિ ભરી છાંટ્યું. પછી પોતે થોડુંક પાણી પીધું.

ત્યાં તો ચારે દિશામાંથી પક્ષીઓ પાણી પીવા માટે આવવા માંડ્યાં.

પછી તળાવે નાની વહુનો આભાર માન્યો અને નાની વહુ પોતાના છોકરાને લઈને પોતાના ઘેર આવી.

ઘેર આવીને એણે તો પોતાનો છોકરો સાસુમાના ખોળામાં મૂકી દીધો. આથી તેની સાસુ તો રાજી રાજી થઈ ગઈ, પરંતુ આ તેની જેઠાણીને ગમ્યું નહિ.

સાસુએ તો નાની વહુને પૂછ્યું : “નાની વહુ! બેટા! આ

બધું કેવી રીતે બન્યું?''

એટલે નાની વહુએ બધી વાત માંડીને કહી.

આ સાંભળી જેઠાણીને પણ શીતળામાના આશીર્વાદ લેવાનું મન થયું અને પછી બીજે વરસે રાંધણ છઠ્ઠ ક્યારે આવે તેની રાહ જોવા લાગી.

પણ સમયને જતાં ક્યાં વાર લાગે છે? બીજા વરસનો શ્રાવણ મહિનો આવ્યો અને શ્રાવણ મહિનાની રાંધણછઠ્ઠ આવી, એટલે એણે પણ જાણી જોઈને રાંધણ છઠ્ઠની રાતે ચૂલો સળગતો મૂકીને એ તો સૂઈ ગઈ.

એવામાં શીતળામા ફરવા નીકળ્યાં અને ફરતાં ફરતાં એના ઘરમાં પ્રવેશ્યાં. ચૂલો સળગતો જોઈ એ તો ગુસ્સે થયાં અને તેમાં આળોટ્યાં એટલે દાઝયાં. એટલે શીતળા માતાએ તો જેઠાણીને શાપ આપ્યો :

''જેણે મને બાળી છે, એનું અંતર બાળજો.''

અને સવારે જેઠાણીએ ઊઠીને જોયું તો એનો છોકરો ઘોડિયામાં બળીને ભડથું થઈ ગયેલો પડ્યો હતો. એણે રડતાં રડતાં શું બન્યું એની બધી વાત સાસુને કરી, એટલે સાસુ એમને લડ્યાં અને પછી કહ્યું :

''જા! તું પણ નાની વહુની જેમ શીતળામાને મનાવવા માટે જા. એમને વિનવણી કરજે એટલે તારો દીકરો સાજો-નરવો



થઈ જશે.''

આ સાંભળી જેઠાણી તો છોકરાને ટોપલામાં નાખીને ચાલી નીકળી.

આગળ જતાં પેલું તળાવ આવ્યું. તળાવને કિનારે ઝાડ નીચે છોકરાનો ટોપલો ઉતારી એ તળાવમાં જેવું પાણી પીવા જાય છે એવો અવાજ સંભળાયો : ''પાણી પીશ નહિ, નહિતર મરી જઈશ.''

આથી એણે પાણી પીધું નહિ, એટલે તળાવે કહ્યું : ''તું ક્યાં જાય છે?''

જેઠાણી કહે : ''હું ગમે ત્યાં જાઉં એની તમારે શી પંચાત?''

આમ કહી એ તો પાણી પીધા વગર ચાલી નીકળી અને આગળ ગઈ, ત્યાં ઘંટીના પડવાળા બે આખલા મળ્યા. તેઓ લડતા હતા, પણ જેઠાણીને જોઈને શાંત થઈ ગયાં અને પૂછ્યું :

''બહેન, તું ક્યાં જાય છે?''

આ સાંભળી જેઠાણી ગુસ્સે થઈને બોલી :

''હું ગમે ત્યાં જાઉં એની તમારે શી પંચાત?''

આ સાંભળી આખલા કાંઈ બોલ્યા નહિ અને બાઈ તો ટોપલો લઈને આગળ ચાલી નીકળી.

આગળ જતાં પેલી મેલીઘેલી ડોશી મળી. એ ઝાડ નીચે બેઠી બેઠી માથું ખંજવાળતી હતી. એણે જેઠાણીને આવેલી જોઈને

કહ્યું :

"વહુ બેટા! સારું થયું તું આવી ગઈ તે! મારા માથામાં બહુ જ ખંજવાળ આવે છે. જરા માથું ખંજવાળી આપને જૂઓ અને લીખો કાઢી આપને!"

આ સાંભળી જેઠાણી ખિજાણી અને બોલી ઃ

"તમારા જેવી મેલીઘેલી ડોશીનું કામ કરવા હું નવરી નથી. હું તો શીતળા માતાની શોધમાં જાઉં છું."

આમ કહી એ તો ચાલી નીકળી.

એ બહુ બહુ ભટકી પણ એને શીતળા માતા ક્યાંય મળ્યાં નહિ, એ તો મરેલા છોકરાને લઈને પાછી આવી.



# ૩. લક્ષ્મી - પાર્વતી

એક વખત નારદજી ફરતા ફરતા કૈલાસ શિકર પર આવી પહોંચ્યા. તે વખતે શંકર તપ કરવા ગયા હતા. નારદને લાગ્યું કે લાગ સારો છે.

'નારાયણ, નારાયણ' કરતા આવ્યા શંકરને ઘેર. પાર્વતીને આવકાર આપ્યો.

નારદજી બેઠા અને શ્રીગણેશ માંડ્યા :

'માતાજી ! તમારે લક્ષ્મી સાથે ઝઘડો થયો હતો?'

પાર્વતીએ ચિંતા કરતાં કહ્યું :

'ના રે! મારે શું ઝઘડો હોય? પણ તમારે કેમ પૂછવું પડ્યું?'

નારદે કહ્યું :

'મેં તો જરા તમારાં વખાણ કર્યાં. લક્ષ્મીજીને બહુ ગમ્યું નહીં. એ તો જેમ તેમ બોલવા માંડ્યાં. હું તો ચૂપ જ થઈ ગયો.'

પાર્વતીએ ઉતાવળથી કહ્યું :

'શું કહ્યું? મારે વિષે એ લક્ષ્મી શું બોલી?'

નારદ બોલ્યા :

'જવા દો ને વાત ! નકામી કડવાશ કરવી. ખરાબ બોલે એનું મોં ગંધાય.'

પાર્વતી જરા ગુસ્સામાં બોલ્યાં :

'ના, મને એ કહો. મારે વિશે એ બોલે જ કેમ? હું કંઈ એનાથી ઊતરતી નથી.'

'માતાજી ! દોષ મારો છે. મારાથી જ જરા એવું કહેવાયું. મેં કહ્યું કે મોટા દેવ ત્રણ. એમાં પણ મોટા દેવ શંકર. એટલે ત્રણે દેવીઓમાં પાર્વતી વધુ ભાગ્યશાળી.'

પાર્વતીએ અભિમાનથી કહ્યું :

'નારદજી ! એમાં તમારો દોષ નથી. તમે સાચી જ વાત કહી. પછી એ શું બોલી?'

નારદે વાતને વળ આપ્યો :

'માતાજી ! એ શબ્દો કહેવાય તેવા નથી.'

પાર્વતીએ હઠ પકડી :

'કહેવાય તોય કહો, ના કહેવાય તોય કહો.'

નારદે હાથ જોડી કહ્યું :

'માતાજી ! તમારી નિંદા તો હું સહન પણ ના કરું.



પછી આ મુખે એવા શબ્દો બોલું તો પાપમાં પડું.'

હવે તો હદ આવી ગઈ. પાર્વતી અધીરાં બની ગયાં. તેમણે નારદને કહ્યું :

'નારદજી ! બીજાના શબ્દો કહેવામાં તમને પાપ ના લાગે. અને છતાંય લાગતું હોય તો માફ! જલદી બોલો.'

નારદે કહ્યું :

'જુઓ હોં ! પછી મારું નામ ના આવે.'

પાર્વતીએ ખાતરી આપી :

'નહીં આવે, બોલો.'

નારદ ઢોંગી જબરા. તેમણે ચહેરા પર દુઃખ લાવીને કહ્યું :

'એમણે કહ્યું કે શંકર મોટા દેવ ખરા, પણ એમને પત્ની લાયકાત પ્રમાણે ના મળી. પાર્વતી એટલે પર્વતની પુત્રી. પર્વત બુદ્ધિ વગરનો જડ. એટલે એની બેટી પણ એવી જ હોય ને?'

પાર્વતી તો લાલપીળાં થઈ ગયાં. લક્ષ્મીએ તેમનું ભયંકર અપમાન કર્યું.

નારદનું તો આટલું જ કામ.

તીર વાગી ચૂક્યું. હવે બેસી રહેવું નકામું. એ તો 'નમો નારાયણ' બોલીને ઉઠ્યા.

'માતાજી ! વાત મનમાં રાખજો.'

ઊઠતાં ઊઠતાં તેમણે કહ્યું પણ માતાજી શાનાં બોલે? તેમના

મનમાં તો ધરતીકંપ થતો હતો.

નારદજી ચાલ્યા આગળ.

આવ્યા વિષ્ણુલોકમાં. વિષ્ણુની તપાસ કરી. જાણવા મળ્યું કે પૂજામાં બેઠા છે. એટલે નારદજી પેઠા ઘરમાં.

લક્ષ્મીજી હતાં. નારદને એમનું જ કામ હતું. આવકાર મળ્યો એટલે બેઠા. લક્ષ્મીજીએ ખબર પૂછી એટલે નારદજી દુઃખી થયા હોય તેમ બોલ્યા -

‘દેવી! હું તો કૈલાસ પરથી આવ્યો. ત્યાં જે વાત થઈ, તે સાંભળીને મારું અંતર વલોવાઈ જાય છે.’

લક્ષ્મીએ પૂછ્યું :

‘કેમ શું વાત થઈ?’

નારદ બોલ્યા :

‘અરે, વાત ના પૂછો. પાર્વતીનો સ્વભાવ હમણાંનો તો જરા બગડી ગયો છે. દેવલોકની સ્ત્રીઓ પણ આમ કરે, તો પછી માનવલોકની સ્ત્રીઓની વાત જ શી પૂછવી?’

લક્ષ્મીજી જરા ચિડાઈને બોલ્યાં :

‘પણ તમે વાત તો કરતા નથી. પાર્વતી એવું શું બોલ્યાં કે તમે દુઃખી થઈ ગયા? એ તો બિચારાં સરળ સ્વભાવનાં છે. કોઈને દુઃખ થાય એવું બોલે નહીં.’

નારદજી કપાળે હાથ પછાડીને બોલ્યા :



‘નારાયણ, નારાયણ. તમે આટલાં બધાં ભોળાં છો એ તો આજે જ જાણ્યું. પણ દેવી, બહુ ભોળપણ સારું નહીં. એ પાર્વતી તો તમારા વિશે એવું બોલ્યાં છે...’

નારદે જાણીને વાત અધૂરી મૂકી.

લક્ષ્મીજી તો ચમકી જ ગયાં.

‘હેં... મારી વાત? મારી શી વાત?’

નારદે કહ્યું :

‘કેમ, તમારે કોઈ વાત જ નથી? પાર્વતીને શંકર જેવા સાધુ પતિ મળ્યા છે. તમને વિષ્ણુ જેવા રંગીલા પતિ મળ્યા છે. હું એ જ વાત પાર્વતીને કહેતો હતો. પણ એમણે તો તમારે વિશે ગમે તેમ બોલવા માંડ્યું.’

હવે લક્ષ્મીજીનો ચહેરો વાંકો થયો. તેમણે કહ્યું :

‘મારા વિષે શું કહ્યું એણે?’

નારદ બોલ્યા :

‘એમણે વિષ્ણુનાં તો વખાણ કર્યાં. પણ તમારા વિષે જરા ઘસાતું બોલ્યાં. કહેતાં હતાં કે લક્ષ્મી પૈસાદારની બેટી છે ને એટલે અભિમાની છે!’

આંખમાં ગુસ્સો લાવીને લક્ષ્મીજી બોલ્યાં :

‘એમ...! પછી...?’

નારદે છેલ્લું તીર મારી દીધું.

'પછી તો એમ કે લક્ષ્મી દુષ્ટોને ઘેર જ પડી રહે છે. બિચારા વિષ્ણુ તો પવિત્ર છે. આવી પત્ની એમને શોભે નહીં.'

હવે લક્ષ્મી બરોબરનાં ગુસ્સે થયાં :

'શું વાત કરો છો?'

નારદે કહ્યું :

'હા દેવી ! મને તો આવું સાંભળું છું ત્યારે આખી સ્ત્રી જાતિ તરફ નફરત થાય છે. ઠીક છે કે હું પરણ્યો નથી. તમારે વિષે આવું બોલવાથી પાર્વતીને શું મળ્યું?'

એમ કહીને નારદ ઉઠ્યા.

'લ્યો ત્યારે, નમો નારાયણ ! જો જો તમેય એવું કરતાં! મારું નામ ના આવે.'

એમ કહીને નારદજી ચાલ્યા.

થોડા દિવસ પછી દેવોની સભા મળી.

બધા દેવો ભેગા થયા. તેમાં વિષ્ણુ ગરુડ પર બેસીને આવ્યા. સાથે લક્ષ્મીજી હતાં.

શંકર પોઠિયા પર બેસીને આવ્યા. તેમની સાથે પાર્વતી હતાં.

બંને દેવો એકબીજાને મળ્યા.

વિષ્ણુ બોલ્યા, 'શિવજી તમે મહાન છો!'

પણ પાર્વતી અને લક્ષ્મી એકબીજાને ડોળા કાઢે. અને પછી



તો બંને લડી જ પડ્યાં.

વિષ્ણુને અને શંકરને નવાઈ લાગી.

લડાઈનું કારણ શું?

વિષ્ણુ હોંશિયાર. તેમને શંકા પડી. તરત જ તેમણે લક્ષ્મીને પૂછ્યું : 'નારદ આવ્યા હતા?'

લક્ષ્મીજીએ હા પાડી. પછી તેમણે પાર્વતીને પૂછ્યું. પાર્વતીએ પણ હા પાડી. તરત જ વિષ્ણુએ કહ્યું :

'આ કાવતરું નારદનું જ છે.'

એટલામાં નારદ પણ દેવસભામાં હાજરી આપવા આવી પહોંચ્યા. તેઓ ખડખડાટ હસી પડ્યા.

પાર્વતી અને લક્ષ્મી પણ હસી પડ્યાં.

શંકર અને વિષ્ણુ પણ હસી પડ્યાં.

# ૪. દશામા

અષાઢ મહિનો આવ્યો.

દિવાસાનો દિવસ આવ્યો.

ગામની સ્ત્રીઓ આ વ્રત કરવા માટે નદીએ નહાવા ગઈ. નદીને કાંઠે રાજાનો રાજમહેલ હતો. રાણીએ આ જોયું અને દાસીને પૂછ્યું :

''આ બધી સ્ત્રીઓ શાનું વ્રત કરે છે?''

''રાણીબા ! આ બધી સ્ત્રીઓ દશામાનું વ્રત કરે છે. દસ સૂતરના તાંતણા લે છે, એને દસ ગાંઠો વાળે છે અને પછી દોરાને કંકુ લગાડે છે.''

''આ વ્રત કરવાથી શો લાભ?''

''આ વ્રત કરવાથી નિર્ધનને ધન મળે. સંતાન સુખ મળે.''

રાણીએ આ વ્રત કરવાનો વિચાર કર્યો અને એમણે રાજાને



પૂછ્યું. પણ રાજાએ ના પાડી, કારણ કે એમને કોઈ ખોટ ન હતી. રાજાના અભિમાનભર્યા શબ્દો સાંભળી રાણી રિસાઈને સૂઈ ગયાં.

એ જ રાતે દશામા ગામમાં ફરવા નીકળ્યાં. આખી રાત આખા નગરમાં ફરી વળ્યાં. વહેલી સવારે આખા નગરમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ. ભંડાર ખાલી થઈ ગયો. કોઠાર પણ ખાલી થઈ ગયો. રાજ્યની પ્રજા પણ ચીંથરેહાલ થઈ ગઈ.

રાજા-રાણી તો હાથે પગે ચાલી નીકળ્યાં. ચાલતાં ચાલતાં ગામને પાદર આવેલાં રાજના બગીચામાં ગયાં. પણ એક રાતમાં તો આખો બગીચો સૂકાઈને ઝાંખરું જેવો બની ગયો હતો.

રાજા-રાણી ત્યાંથી પણ ચાલી નીકળ્યાં.

સાથે બે કુંવરો પણ હતા.

ચાલતાં ચાલતાં તેઓ રાણીની બહેનપણીને ઘેર આવ્યાં.

ત્યારે બંને રાજકુમારોને ભૂખ લાગી. રાણીએ બહેનપણી પાસે ખાવાનું માંગ્યું. એટલે એણે ખિજાઈને કહ્યું :

''જા રે ભિખારણ! તને ખાવાનું માગતાં શરમ નથી આવતી?''

આવા વેણ સાંભળી તેઓ આગળ વધ્યાં. રસ્તામાં વાવ આવી. બંને કુંવરોને તરસ લાગી, એટલે તેઓ વાવમાં પાણી પીવા ગયાં, ત્યાં દશામા એમને વાવમાં ખેંચી ગયાં.

રાજા રાણી કલ્પાંત કરતાં કરતાં આગળ વધવા લાગ્યાં રસ્તામાં રાજાની બહેનનું ગામ આવ્યું. ત્યાં તેઓ ગયા.

રાજાએ પોતાની બહેનને સમાચાર મોકલાવ્યા એટલે બહેનને લાગ્યું કે જરૂર ભાઈને કોઈ દુઃખ પડ્યું છે, નહિતર હાથી, ઘોડા અને રથ વગર તેઓ આવે નહિ.

આમ વિચારી બહેને સુખડી બનાવી, માટલીમાં સુખડી તથા સાવ સોનાનું સાંકળું મૂકી પોતાના ભાઈને મોકલાવ્યું.

ભાઈને માટલું મળ્યું અને માટલું ખોલીને જોયું તો સુખડીના કોલસા થઈ ગયા અને સાંકળાનો સાપ થઈ ગયો. આ જોઈને ભાઈને લાગ્યું કે બહેન તો આવું મોકલે જ નહિ. આ તો જરૂર આપણી દશા ફરી છે.

રાજાએ એક ચીભડું લીધું. ચીભડું લઈને તેઓ ચાલતાં ચાલતાં જતાં હતાં, ત્યાં એ નગરના સિપાઈઓ આવી ચડ્યાં. તેઓ રાજાના ખોવાયેલા કુંવરને શોધતા હતા. આ ચીભડાની સામે નજર પડતાં જ ચીભડું રાજકુંવરનું માથું બની ગયું.

આથી સિપાઈઓને લાગ્યું કે આ લોકોએ રાજાના કુંવરને મારી નાખ્યો છે, એટલે તેમને પકડીને કેદખાનામાં લઈ ગયાં અને પૂરી દીધાં.

એવામાં અષાઢ મહિનો આવ્યો અને દિવાસાનો દિવસ આવ્યો એટલે રાણીએ વિચાર્યું કે દશામાનું અપમાન કર્યું છે,



એટલે આપણી આવી દશા થઈ છે.

આથી રાણીએ કારાવાસમાં દશામાનું વ્રત કર્યું અને નકોરડા ઉપવાસ કર્યા. અને દસમે દિવસે માટીની સાંઢણીની પૂજા કરી.

આથી એ નગરના રાજાના સ્વપ્નમાં દશામાએ આવીને કહ્યું કે, " આ રાજા-રાણીને વગર વાંકે કારાવાસમાં પૂર્યાં છે, તો છોડી મૂકજે. તારો કુંવર સવારે ઘેર આવી જશે."

અને ખરેખર એમ બન્યું.

રાજા-રાણીને કારાવાસમાંથી છોડી મૂક્યાં.

ચાલતાં ચાલતાં તેઓ પાછા આવ્યાં અને પોતાની બહેનના નગરમાં આવ્યાં. ત્યાં આવીને માટલીમાં જોયું તો ખાવા જેવી સુખડી બની ગઈ અને સાપ હતો તે સોનાનું સાંકડું બની ગયો. સુખડી અને પેલું સાંકળું લઈને તેઓ વાવ પાસે આવ્યાં. ત્યાં દશામા એમના બંને કુંવરોને લઈને એમની રાહ જોતાં બેઠાં છે.

રાજા-રાણી આવ્યાં એટલે તેમના કુંવર તેમને સોંપી દીધાં અને કહ્યું : "હવે તમારી વળતી દશા થઈ છે. તો તમે વ્રતનો મહિમા સમજો, જય માતાજી."

## ૫. દેવનો સ્વભાવ

નારદજીની વાત જ નિરાળી.

બધા દેવો ધીર ગંભીર. પણ નારદજી તો નાટકિયા દેવ. બે-ત્રણ દિવસે એકાદ નાટક ના કરે તો એમને ચેન ના પડે.

એમના સ્વભાવમાં એક બીજી વિચિત્રતા. નાના માણસની મશ્કરી કરવી નહીં. મશ્કરી તો મોટા માણસની જ થાય. એમાં જ હિંમતની જરૂર પડે.

એમની તો વાત જ મોટી. મારવો તો હાથી મારવો અને લૂંટવો તો રાજાનો દરબાર લૂંટવો.

આ વખતે નારદજીનું નિશાન શંકર પાર્વતી પર હતું. મહાદેવ બિચારા ભોળા. એટલે નારદજીની યોજનામાં એ વધુ ઝડપાતા.

નારદજી આવ્યા કૈલાસ શિખર પર.



'નારાયણ, નારાયણ' નો અવાજ સંભળાયો.

પાર્વતી ખુશ થઈ ગયાં. નારદ આગમન તેમને ગમ્યું.

નારદનું સ્વાગત કર્યું. નારદે અલકમલકની વાતો છોડવા માંડી. નારદ બે વાત સાચી કહે અને બાર વાત ખોટી કહે. પણ એમની વાત સાંભળવી ગમે. પાર્વતીજી  પણ વાતો સાંભળવા બેસી ગયાં.

થોડી આડીઅવળી વાતો કરી. પછી તે મુખ્ય વાત પર આવ્યા.

'અરે માતાજી ! એક વાત ખાસ તમારે માટે જ છે.'

'મારા માટે? શી વાત છે?'

'ભઈ વાત તો જરા એવી જ છે. અહીં આવ્યો તે પહેલાં દેવલોકમાં હતો. ઈન્દ્રની પત્ની સાથે વાતોના ગપાટા ચાલતા હતા. તેણે મને આ વાત કરી.'

'શી વાત કરી?' પાર્વતીએ ઉતાવળથી કહ્યું.

'અમારી વાતોનો વિષય પત્નીઓનો હતો. તેણે મને પૂછ્યું કે નારદજી, તમે તો બધે ફરો છો. તો દેવપત્નીઓમાં સૌથી વધુ ભાગ્યશાળી કોણ? સૌથી મોટા કોણ?'

'તમે શું જવાબ આપ્યો?'

'મેં તો ફટાક દઈને કહી દીધું. સૌથી મોટા દેવ શંકર. સૌથી વધુ ભાગ્યશાળી દેવી પાર્વતી.'

પાર્વતીજી આ જવાબ સાંભળીને ખુશ થઈ ગયાં. તેમણે તરત જ કહ્યું :

'સાચી વાત છે. પછી....?'

'ઈન્દ્રાણીનો સ્વભાવ તો તમે જાણો છો. પછી શું થાય?'

'ના, ના, નારદ ! તમે વાત ના ઉડાવો. મને પૂરેપૂરી વાત કરો.'

'માતાજી! આમાં વાત ઉડાવવાનો સવાલ નથી. પરંતુ વાતમાં જ કંઈ માલ નથી. ઈન્દ્રાણી બીજું તો શું બોલે? મારી વાત સાંભળીને તેણે મુખ મચકોડ્યું.'

'એમ...! પછી શું બોલી?' પાર્વતીએ જરા કડવાશથી કહ્યું.

'પછી તો એમણે બહુ ખરાબ કહ્યું. તમારાથી નહીં સંભળાય. જો કે, હું માનતો જ નથી.' નારદે વાતને વધુ વળ આપ્યો.

'નારદજી, નહીં સંભળાય તોય સાંભળીશ. એ અભિમાની ઈન્દ્રાણી બોલી શું?'

'જુઓ ત્યારે, તમે કહો છો એટલે કહું છું. બાકી મને તો વિશ્વાસ નથી બેસતો. એમણે તો એમ કહ્યું કે શંકરતો ખારા છે.'

'હેં... એં... ખારા...?' પાર્વતી ચીસ પાડી ઉઠ્યાં.

'મારા પતિ ખારા?' થોડી વાર અટકીને પાર્વતી ફરીથી



બોલ્યાં.

'માતાજી ! આ વાત જ માની ન શકાય. મેં પણ ઈન્દ્રાણીને એમ જ કહ્યું કે રુદ્રાણીને પૂછી જોજો. હું તો ચાલ્યો રુદ્રાણી પાસે, રુદ્રાણીએ પણ એ વાતને ટેકો આપ્યો. એટલે મને પણ શંકા પડી.'

નારદની વાત સાંભળીને પાર્વતીનું દિલ પણ ડગી ગયું. તેમને પણ મનમાં શંકા થઈ. તેમણે અચકાતાં અચકાતાં કહ્યું :

'નારદજી, આ વાતની તો મને પણ ખબર નથી. ખાતરી કરવી પડશે. પણ ખાતરી કરવી શી રીતે?'

'જુઓ, શંકર તપ કરીને પાછા આવે ત્યારે તેમના શરીર પર જીભ ફેરવી જોજો. ખાતરી થઈ જશે. ચાલો ત્યારે, હું જાઉં. જો જો મારું નામ દેતાં!'

આમ કહીને નારદ મીઠું-મીઠું હસતાં ચાલવા માંડ્યા. પાર્વતી આગળ તો તેમની યોજના સફળ થઈ! હવે રહ્યા શંકર.

નારદ આવ્યા જંગલમાં. તપ કરતા શંકરને શોધી કાઢ્યાં.

નારદની વીણાનો અવાજ સાંભળીને શંકરે આંખો ખોલી. નજીક આવ્યા એટલે આવકાર આપ્યો :

'આવો નારદ.'

નારદે વીણા જરા પછાડીને જમીન પર મૂકી.

પોતાના શરીરને પણ ફેંકી દેતા હોય તેમ જમીન પર બેઠા. ચહેરા પર કંટાળાની રેખાઓ હતી.

શંકર તો જોઈ જ રહ્યા. તેમણે પૂછ્યું :

'શું થયું? આટલા બધા હાંફો છો કેમ? પાછળ વાઘ પડ્યો તો કે શું?'

નારદે હાંફતાં હાંફતાં કહ્યું :

'પ્રભુ ! વાઘની એસીતૈસી. એવી બાબતોથી ડરી જાય એ નારદ નહીં! પણ આ તો...'

શંકર પણ ગંભીર બની ગયા. તેમને ખબર હતી કે, નારદ કંઈ કાચાપોચા નથી. તેમણે પૂછ્યું :

'તો પછી આટલા ગભરાયેલા કેમ છો?'

'તમારે ઘેરથી...'

'મારે ઘેર?' શંકરને વધુ નવાઈ લાગી.

'હા, તમારે ત્યાં ગયો હતો. બારણામાંથી જ હું તો નાઠો.'

શંકરને હવે ચિંતા થઈ : 'કેમ, કેમ?'

નારદે જબરો ઢોંગ કરવા માંડ્યો. શંકર આતુરતાથી તેમની તરફ જોઈ રહ્યા.

નારદે થોડી વાર અટકીને કહ્યું :

'માતાજીમાં કંઈ ફેરફાર થઈ ગયો લાગે છે. તમારી જમાત બધી ડાકણ-શાકણની, એમની અસર આવી હોય એમ લાગે છે.'

'પણ થયું શું?'



'વાત ન પૂછો, પ્રભુ માતાજી મને... મને... ચાટવાં આવતાં હતાં.'

શંકર પર જાણે આભ તૂટી પડ્યું! તેમનાથી જોરથી બોલી જવાયું :'હેં એં...!'

'હા, પ્રભુ, જલદી ઘેર જાઓ. મને તો તેમનું વર્તન ડાકણ જેવું લાગ્યું.'

'શું વાત કરો છો. નારદ ! ચાલો, ચાલો, જલદી તપાસ કરીએ. તમે પણ ચાલો.'

એમ બોલતા બોલતા શંકર ઊભા થઈ ગયા. વાઘનું ચામડું શરીર પર જેમ તેમ વીંટાળી લીધું. એક હાથમાં ત્રિશૂળ અને બીજા હાથમાં ડમરું. શંકરે લગભગ દોડવા જ માંડ્યું.

પાછળ નારદ આવતા હતા. મુખે 'નારાયણ'નું નામ લેતા હતા. પણ મનમાં તો મલકાતા હતા.

શંકર દોડતા ઘેર આવ્યા. તેમણે પાર્વતીને કંઈ કહ્યું નહીં. તે તો પાર્વતીને ધારી ધારીને જોવા માંડ્યાં. પણ પાર્વતીનું ધ્યાન અત્યારે શિવજી ખારા છે કે નહીં તેની પરીક્ષા લેવાના વિચારમાં હતું.

પાર્વતીજી નજીક આવ્યાં. શિવજી દૂર ખસી ગયાં. પાર્વતી ફરીથી ખસ્યાં.

શિવજીને ખાતરી થઈ ગઈ. તે કૂદકો મારીને દૂર ખસી

ગયા. શિવજીને ખાતરી થઈ ગઈ કે, પાર્વતી ડાકણ બની ગયાં છે.

શિવજીને પાર્વતીનો ડર લાગવા માંડ્યો. તે તો ફાટી આંખે જોઈ જ રહ્યા.

પાર્વતીને પણ ખાતરી થઈ ગઈ. શિવજી ચોક્કસ ખારા હોવા જોઈએ. નહીં તો મારાથી દૂર શા માટે ભાગે?

પાર્વતીએ નિશ્ચય કર્યો. હવે તો પૂરેપૂરી ખાતરી કરવી જ. આ વખતે શિવજીને પકડી જ લેવા.

પાર્વતીએ અચાનક હુમલો કર્યો. શિવજી ઝડપાઈ ગયા. હવે ક્યાં જાય? શિવજીએ વિચાર કર્યો :

'હવે દૂર ભાગવું નથી. હવે તો પૂરે પૂરું પારખું કરી લઉં. મને ચાટવા આવે એટલી વાર.'

પાર્વતીએ શિવજીને બરોબર પકડ્યા. તેમનો ચહેરો તો બરોબરનો ગભરાયેલો હતો. શિવજી વિચારવા લાગ્યા : 'બિચારા નારદની શી દશા થઈ હશે?'

હવે પાર્વતીએ પોતાની જાળ બિછાવવા માંડી.

તેમણે મીઠાશથી કહ્યું :

'દેવ ! કેમ એકાએક પાર્વતી યાદ આવી? આજે મારાથી દૂર કેમ ભાગો છો?'

એમ બોલતાં બોલતાં પાર્વતીએ તો કાઢી જીભ. શંકર સાવચેત જ હતા.



પાર્વતીએ શંકરને ચાટવા જીભ લંબાવી કે તરત જ શંકરે છલાંગ મારી. એ સાથે જ બોલી ઉઠ્યા :

'ડાકણ... ડાકણ...!'

પાર્વતી ચમકી ગયાં. તે બોલી ઉઠ્યાં :

'શું... મને ડાકણ કહી? તમે ખારા છો તે તો કહેતા નથી. ઉપરથી મને ડાકણ કહો છો? હું તો ચાલી મારે પિયર.'

શંકર પણ ચમકીને બોલી ઉઠ્યા.

'હું ખારો છું? દેવી, ઊભા રહો! કોણે કહ્યું કે હું ખારો છું?'

'મને હમણાં જ નારદ કહી ગયા. જો તમે ખારા નથી તો દૂર કેમ ભાગો છો?'

'સમજાયું. આ બધાં નારદનાં કારસ્તાન છે. નારદે મને કહ્યું કે, તમે ડાકણ છો. દેવી, તમે ડાકણ નથી. હું ખારો પણ નથી.'

નારદ સંતાઈને તાલ જોતા હતા. 'નારાયણ, નારાયણ' બોલતા તે અંદર આવ્યા.

ત્રણે જણ ખડખડાટ હસી પડ્યાં.

# ૬. ચોટલી

નારદને ચોટલી કેમ ?

જો કે, ચોટલી તો ઘણા રાખે છે. પણ નારદની ચોટલી ઊભી કેમ?

તમારે એ જાણવું છે?

તમે એ જાણો છો કે નારદ સંગીત શીખેલા? એટલું જ નહીં, નારદ તો મહાન સંગીતકાર હતા. અરે સંગીતાચાર્ય હતા.

પહેલી વખત સંગીત શીખવાનો પ્રયત્ન કર્યો.

પણ નારદને સંગીત આવડે નહીં, તેમણે તો આડે ધડ ગાવા માંડ્યું. તેનાથી રાગ-રાગિણીઓની દશા બગડી ગઈ.

નારદ આમ તો પાછા દયાળુ.

તે તો દોડ્યા શ્રી વિષ્ણુ ભગવાન પાસે.

'પ્રભુ, રાગ-રાગિણીઓની દશા બગડી ગઈ છે. તેમાં



દોષ મારો છે. તેમને સુધારવાનો ઉપાય બતાવો.'

વિષ્ણુએ કહ્યું :

'તમે નિયમ પ્રમાણે સંગીત ગાઓ. તેમની દશા સુધરી જશે.'

નારદે કહ્યું :

'તો પ્રભુ ! મારે સંગીત શીખવું છે.'

વિષ્ણુએ સલાહ આપી :

'હું કૃષ્ણાવતાર લેવાનો છું. તે વખતે પૃથ્વી પર મને મળજો.'

પછી તો નારદ કૃષ્ણાવતારની રાહ જોવા લાગ્યા.

થોડા સમયમાં કૃષ્ણાવતાર થયો.

તે પછી કૃષ્ણ રાજા બન્યા.

એટલે નારદ આવ્યા પૃથ્વી પર. કૃષ્ણને મળ્યા.

સ્વર્ગમાં આપેલું વચન યાદ દેવડાવ્યું.

એટલે ભગવાને તેમને સંગીત શીખવાડવાની વ્યવસ્થા કરી.

તેમણે નારદને કહ્યું :

'સત્યભામા પાસે જાઓ. એ તમને સંગીત શીખવાડશે.'

નારદ સત્યભામા પાસે આવ્યા. સંગીતનો અભ્યાસ ચાલવા લાગ્યો. નારદનો અભ્યાસ પૂરો થયો.

કૃષ્ણએ કહ્યું :

'કેમ નારદ ! સંગીતનો અભ્યાસ થઈ ગયો?'

નારદે નમ્રતાથી કહ્યું :

'પ્રભુ ! મને હજુ સંતોષ નથી.'

એટલે ભગવાને નારદને જાંબુવતી પાસે મોકલ્યા. જાંબુવતીએ નારદને સંગીતનો અભ્યાસ કરાવ્યો. નારદને તેનાથી પણ સંતોષ ના થયો.

હવે ભગવાને તેમને રૂક્ષ્મણી પાસે મોકલ્યાં. રૂક્ષ્મણી સંગીત વિદ્યામાં પારંગત હતાં. તેમણે નારદને સંગીત શીખવાડ્યું.

કૃષ્ણએ પૂછ્યું :

'નારદ ! હવે કેમ લાગે છે?'

નારદે કહ્યું :

'પ્રભુ ! હવે મને સંતોષ થયો. હવે મેં સંગીતમાં હોંશિયારી મેળવી લીધી છે.'

પછી નારદે કૃષ્ણ ભગવાન પાસેથી રજા લીધી.

હવે નારદે એકલા જ સંગીતની સાધના કરવા માંડી. પછી તો સંગીતના આગવા નિયમો શોધી કાઢ્યા. નવા રાગનું સર્જન કર્યું. પોતાની કલ્પના શક્તિથી વીણા બનાવી. એ વીણા 'નારદી વીણા' તરીકે ઓળખાય છે.

એ જમાનામાં એક વિશેષતા હતી.



જે માણસ કંઈક નવું શોધી કાઢે, તે પોતાની આગવી નિશાની રાખે.

આવા માણસો બ્રાહ્મણો જ હોય.

આ બ્રાહ્મણોમાં વાળનું ખૂબ મહત્ત્વ.

વાળમાં પણ ચોટલીનું મહત્ત્વ.

એટલે એવા તપસ્વી ચોટલી બાંધવાની રીતમાં તફાવત રાખે. એમના અનુયાયીઓ એ પ્રમાણે જ ચોટલી રાખે.

વશિષ્ટ આપણા મોટા ૠષિ. તેમણે ઘણા મંત્રો બનાવ્યા છે. વેદની અનેક ૠચાઓની રચના કરી છે. તે પણ ચોટલી રાખતા. એ પાછળની બાજુ જમણી બાજુ બાંધી દે. એટલે જમણી બાજુ નાની અંબોડી બાંધી હોય તેવી લાગે. પછી વશિષ્ટ પંથના બધા શિષ્યો એ પ્રમાણે જ ચોટલી બાંધી દેતા.

એવા જ બીજા ૠષિ વિશ્વામિત્ર. તેમની રીત પણ જુદી. તેઓ ચોટલી પાછળ લટકતી રાખતા. તેમના શિષ્યો પણ ચોટલી લટકતી જ રાખતા.

શૈવપંથની રીત એથી પણ જુદી. તેઓ કપાલ આગળ ચોટલી બાંધી દે. એ પણ નાની અંબોડી જેવી જ લાગે.

એવી જ રીતે નારદ સંગીતાચાર્ય.

તેમણે સંગીતના નવા નિયમો આપ્યા.

તે પોતાની રીતે ચોટલી રાખતા. તે ઉભી ચોટલી રાખતા.

તેમની ચોટલી ઉભી અને કડક કેમ રહે છે? એનું પણ કારણ છે.

સંસારીની શક્તિ નીચેની બાજુ વહે. એટલે જ સંસારમાં પડ્યા પછી માણસની બુદ્ધિ ઘટવા માંડે.

બ્રહ્મચારીની શક્તિ ઉપરની બાજુ વહે. માટે તેમના વાળ ઉભા રહે. શક્તિને કારણે ચોટલી કડક રહે.

નારદની ચોટલી ઉભી કેમ? નારદને ભગવાનની ભક્તિ જ વહાલી લાગે. એટલે એ ગમે ત્યાં ફરે પણ એમની નજર બ્રહ્માંડમાં જ હોય. એટલે એમની ચોટલી બ્રહ્માંડ તરફ રહે છે.

બાળકો! આ છે નારદની ચોટલીનો ઈતિહાસ. છે ને રસ પડે તેવો?



## ૭. રામજીના ભક્ત

નારદ, નારદ, નારદ.

બધે જ નારદ ?

હા, નારદ. બધે જ નારદ. કૃષ્ણના ભક્ત પણ ખરા નારદ. બ્રહ્માના પુત્ર પણ ખરા નારદ. સ્વર્ગમાં નારદ, પાતાળમાં નારદ અને નારદ પૃથ્વી પર પણ ખરા. જ્યાં જુઓ ત્યાં નારદ.

એવા નારદ રામભક્ત પણ ખરા.

એક દિવસ ચાલ્યા.

આવ્યા પૃથ્વી પર. વાલ્મીકિ ઋષિ રહે. જંગલમાં એમનો આશ્રમ. નારદજી આવ્યા ત્યાં આગળ.

ઋષિ બેઠેલા. દૂરથી 'નારાયણ' નો અવાજ સંભળાયો. વીણાના મધુર સ્વર સંભળાયા. વાલ્મીકિ સમજી ગયા કે નારદનું આગમન થાય છે.

તેમને નારદ માટે બહુ માન. તે તો પહેલા લૂંટારા હતા. નારદે જ તેમને મુનિ બનાવ્યા હતા. એવા નારદને કેમ ભૂલાય?

એ નારદ આવી રહ્યા છે. થોડી જ વારમાં આશ્રમમાં આવી ગયા. વાલ્મીકિએ પ્રેમથી સત્કાર કર્યો. નારદે કુશળ સમાચાર પૂછ્યા અને પલાંઠી લગાવી.

થોડી આડીઅવળી વાતો થઈ. વાલ્મીકિને એમાં મજા ન આવી. એમના મનમાં એક મૂંઝવણ હતી.

એનો જવાબ નારદ સિવાય કોઈ ના આપી શકે. વળી નારદ તેમના મંત્રગુરુ. એટલે વાલ્મીકિએ તક જોઈને પૂછી નાખ્યું.

‘પ્રભુ ! દુનિયામાં કોઈ મહામાનવ છે ખરો? જે સંસારમાં રહેતો હોય, સંસારના ધર્મ પાળતો હોય, જે શૂરવીર પણ હોય, પરોપકારી પણ હોય, લોકોમાં પ્રિય હોય અને છતાં મનથી તે મુનિ જેવો હોય.’

નારદજી મધુર હસીને બોલ્યા :

‘કેમ આવો પ્રશ્ન પૂછવો પડ્યો?’

વાલ્મીકિ ગંભીરતાથી બોલ્યા :

‘પ્રભુ ! મેં સંસાર છોડ્યો તો મુનિ બન્યો. એટલે મને લાગે છે કે સંસારમાં ભક્તિ ના થઈ શકે. અત્યારે હું મારી જાતને સંસારીઓ કરતાં ઊંચી ગણું છું. જો સંસારમાં એવો માણસ હોય



તો મારા કરતાં પણ મહાન ગણાય. એવો માનવ પૂજવા લાયક ગણાય. એવો કોઈ માનવ હોય તો મને જણાવો.’

નારદે કહ્યું :

‘અયોધ્યા નામની નગરી છે. ત્યાં દશરથ રાજા રાજ્ય કરે છે. તેને ત્રણ રાણીઓ છે. કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી. કૌશલ્યાને એક પુત્ર છે. તેનું નામ રામ. તમે કહો છો એવા મહામાનવ એ રામ છે. તમારી ધારણા કરતાં પણ એ મહાન છે.’

વાલ્મીકિને સંતોષ થયો. તેમનું અભિમાન પણ ઊતરી ગયું.

નારદ તો ફરતા રામ. એમને ઘડીનો પણ જંપ નહીં. ક્યાંય ટકીને બેસે નહીં. એટલે એ તો ચાલ્યા આગળ.

નારદ ગયા, પણ રામનું નામ મૂકતા ગયા. વાલ્મીકિના મનમાં પણ રામની જબરી અસર થઈ. દિવસ હોય કે રાત, રામનું નામ જ યાદ આવે. અને પછી તો તે રામના જ ભક્ત બની ગયા.

એક દિવસ તે જંગલમાં ફરતા હતા. એક ઝાડ પર બે પંખી બેઠાં હતાં. બંને આનંદથી ગેલ કરતાં હતાં. વાલ્મીકિ તેમનું નિર્દોષ તોફાન જોઈને ખુશ થતા હતા.

તે વખતે એક પારધીએ બાણ માર્યું. એક પક્ષીને તે વાગ્યું.

તરત જ તે મરણ પામ્યું. બીજું પંખી પણ તેના વિયોગથી તરફડીને મરણ પામ્યું.

આ પ્રસંગથી તેમના પર ઊંડી અસર થઈ. મનમાં દુઃખ થયું. દિવસો સુધી તે આ અવસ્થામાં રહ્યા.

આ પ્રસંગે બ્રહ્મા મળ્યા.

બ્રહ્માએ દુઃખનું કારણ પૂછ્યું. મુનિએ આખો પ્રસંગ સંભળાવ્યો. સાથે પૂછ્યું પણ ખરું :

‘હે બ્રહ્માજી ! આ દુઃખ ભૂલવાનો કોઈ ઉપાય બતાવો.’

બ્રહ્માએ કહ્યું :

‘નારદે તમને રામનું ચરિત્ર લખવાનું કહ્યું છે. એ ચરિત્ર તમે લખો. તમારું દુઃખ દૂર થશે.’

આ પરથી વાલ્મીકિએ રામનું જીવન ચરિત્ર લખ્યું.

એ ગ્રંથ ‘રામાયણ’ તરીકે ઓળખાયો.

આમ, ‘રામાયણ’ લખેલું વાલ્મીકિએ, પણ એ રામકથા કહેલી તો નારદે.

નારદ અમર છે.



# ૮. શીવલો

એક હતી કંકુ ડોશી.

આ કંકુ ડોશીને સાત દીકરા.

એમાં એને છ દીકરા વહાલા ને સાતમો દીકરો અળખામણો.

આ કંકુ ડોશી છએ દીકરાને સારું સારું ખવડાવે-પિવડાવે, આગ્રહ કરી કરીને ખવડાવે. પરંતુ જે કંઈ વધ્યું-ઘટ્યું હોય એ સાતમા દીકરા શીવલાને ખવડાવે.

શીવલાની વહુ બેઠી બેઠી આ બધું જોયા કરે, અને મનમાં ને મનમાં બળ્યા કરે. પણ થાય શું? કરે પણ શું?

એક વખત એનાથી રહેવાયું નહિ એટલે એણે એના પતિને કહ્યું : “તમે તો સાવ ભોળા ભટ જેવા છો.”

“કેમ? તમારા બા! તમારા છ ભાઈઓને સારી રીતે જમાડે

છે અને તમને તો એનું એઠું વધ્યું હોય એ આપે છે.''

''હશે.'' કહી શીવલો એ વાત ટાળી દેતો.

એમ કરતાં કરતાં દિવસો પસાર થવા લાગ્યા અને થોડા દિવસ પછી ગણપતિ ચોથનો દિવસ આવી પહોંચ્યો.

એ દિવસે ઘરમાં ચૂરમાના લાડુ બનાવ્યા.

છએ ભાઈઓને કંકુ ડોશીએ જમવા બેસાડ્યા અને નાનો શીવલો છાનોમાનો છુપાઈને જોવા લાગ્યો.

ડોશીમાએ આગ્રહ કરી કરીને છયેને જમાડ્યા.

પછી આ છયે જણાનું જે વધ્યું-ઘટ્યું હતું, તે એક થાળીમાં ભેગું કરીને કંકુ ડોશીએ શીવલાને બૂમ મારી :

''અલ્યા શીવલા ! આ બધાએ જમી લીધું અને તું ક્યાં ચાલ્યો ગયો હતો? લે જમી લે!''

આ જોઈ શીવલાની આંખો ભરાઈ આવી. એનો કંઠ રૂંધાઈ ગયો. એણે જરા ગળું ખંખેરીને કહ્યું :

''બા ! આજે મારી તબિયત સારી નથી એટલે મારે જમવું નથી.''

''પણ જે ભાવે ઈ જમી લેને દીકરા!''

''ના બા !''

''સારું બેટા ! જેવી તારી મરજી!'' માએ કહ્યું અને તરત જ શીવલો એની પત્ની પાસે ગયો. પત્નીને શીવલાએ કહ્યું :



''હું દૂર દૂર કમાવા માટે જાઉં છું, માટે મારા માટે ભાતુ તૈયાર કરી દે.''

એની પત્નીએ ભાતું તૈયાર કરી આપ્યું. આ ભાતું અને બે જોડી કપડાંની એક પોટલી બાંધી શીવલો કમાવા માટે ઊપડ્યો અને જતી વખતે તેની પત્નીને કહ્યું :

''લે આ મારી વીંટી ! આ મારી એંધાણી તું સાચવી રાખજે. તારી કોઈ એંધાણી હોય તો મને આપ!''

''મારી પાસે તો આપવા જેવું કાંઈ નથી, પણ લો આ થાપો! ઈ જ મારું સંભારણું. ભગવાન તમને સાજા નરવા રાખે.'' એમ કહી એના બરડામાં અંગરખા ઉપર છાણનો થાપો મારી દીધો.

અને શીવલો પત્નીની વિદાય લઈને ચાલી નીકળ્યો.

ચાલતો ચાલતો શીવલો દૂર નીકળી ગયો અને એક મોટા નગરમાં પહોંચી ગયો.

એ નગરમાં જઈને તે એક મોટા વેપારીને ત્યાં વાણોતર તરીકે રહ્યો.

એ વેપારમાં ખૂબ જ ધ્યાન આપતો, એથી શેઠને ખૂબ જ ફાયદો થવા લાગ્યો અને પરિણામે શેઠે એને મેનેજર બનાવ્યો. છેવટે એની સચ્ચાઈ અને મહેનત જોઈને એને ભાગીદાર બનાવી દીધો.

આમ, એને વેપારમાં સારી કમાણી થવા લાગી.

આ બાજુ શીવલાની વહુને માથે દુઃખના ડુંગરા ઊગવા લાગ્યા. શીવલો હાજર નહોતો, એટલે એની પત્ની પાસે ઘરનું બધું કામ કરાવે.

એક દિવસની વાત છે.

શીવલાની વહુને જંગલમાં લાકડા કાપવા લાગી.

રસ્તામાં જતાં જતાં એણે જોયું, ઘણી સ્ત્રીઓ કંઈક વ્રત કરતી હતી. આથી એ સ્ત્રીઓ પાસે ગઈ અને પૂછવા લાગી :

''બહેનો ! તમે કયું વ્રત કરો છો?''

''અમે તો સંતોષીમાનું વ્રત કરીએ છીએ.''

''આ વ્રત કરવાથી શું લાભ થાય?''

'' આ વ્રત કરવાથી આપણાં દુઃખ ટળે અને સુખ તથા સંપત્તિ મળે. વળી કુંવારી કન્યા હોય તો એને મનગમતો વર પણ મળે. જો કોઈનો પતિ પરદેશ ગયો હોય તો સાજો-નરવો ઘેર પાછો આવે, વાંઝિયાને ઘેર પારણું પણ બંધાય - આમ આ વ્રત કરનારની બધી મનોકામના પૂરી થાય!''

''પણ બહેનો ! આ વ્રત કરવું કેવી રીતે?''

''આ વ્રત કરવાનું તો ઘણું સહેલું છે. દર શુક્રવારે જમ્યા પહેલાં સંતોષી માતાની વાત સાંભળી, ઘીનો દીવો કરવો. એની આગળ કુંભ મૂકવો. સવા રૂપિયાના ગોળ-ચણા લઈને પ્રસાદ



વહેંચવો. કોઈના ગ્રહ વધારે નબળા હોય તો આ વ્રત મોડું ફળે અને કોઈના ગ્રહણ ઓછા નબળા હોય તો વહેલું ફળે.''

''અને એનું ઉજવણું કેવી રીતે કરવું?''

''શુક્રવાર પૂરા થાય એટલે અઢી લોટનાં ખાજાં, વરા પ્રમાણે ખીર અને ચણાનું શાક બનાવવું. કુટુંબના અથવા તો પડોશનાં આઠ બાળકોને જમાડવાં, અને એ દરેકને યથાશક્તિ દાનદક્ષિણા આપીને વ્રત ઉજવણું કરવું.''

''ભલે.'' કહી શીવલાની વહુ તો ચાલી નીકળી.

અને એ દિવસે શુક્રવાર હતો, ત્યારથી જ તેણે સંતોષીમાના શુક્રવાર શરૂ કરી દીધા.

આમ એણે ત્રણ શુક્રવાર કર્યા અને શીવલાએ એની પત્ની ઉપર સો રૂપિયાનું મનીઓર્ડર કર્યું.

એટલે એની જેઠાણીઓ એને ચીડવવા લાગી.

પણ શીવલાની વહુ તો બિચારી ભોળી હતી. એ તો માતાજીના મંદિરે જઈને માતાજીને કહેવા લાગી :

''માતાજી ! મારે પૈસાને શું કરવા લાગે છે? મારે તો એમનું મોઢું જોયાને વરસો વીતી ગયાં છે.''

માતાજીએ આશીર્વાદ આપ્યા : ''જા દીકરી ! તારો પતિ સાજો - નરવો ઘેર આવશે, એટલે ચિંતા કરીશ નહિ.''

માતાજી તો શીવલાને સ્વપ્નમાં આવ્યાં અને કહેવા લાગ્યાં

: "તારી પત્ની તને યાદ કરે છે. તને ઘેર ગયે ઘણાં વરસો થઈ ગયાં, માટે ઘેર આંટો દઈ આવ."

અને બીજે દિવસે શીવલાએ પોતાનો વેપાર-ધંધો બંધ કરીને અઢળક ધન લઈને પોતાને ઘેર પાછો આવ્યો.

આવીને જોયું તો પોતાની પત્ની મહાત્રાસ ભોગવી રહી છે. રોજ લાકડાં કાપીને જંગલમાંથી લાવે તો એને જાડા લોટની ભાખરી મળે. આજે એ લાકડાં લઈને ઘેર આવતાં રસ્તામાં સંતોષી માતાના મંદિરે થાક ખાવા બેઠી ત્યારે માતાજીએ કહ્યું :

"બેટી ! આજે તારો પતિ ઘેર આવ્યો છે, એટલે ઘેર જઈને મોટે મોટેથી કહેજે કે :

જંગલમાંથી લાકડાં લાવી છું,
જાડા લોટની ભાખરી ખાવા દો,
ફૂટલા ડબલામાં પાણી પીવા દો!

શીવલાની વહુએ તો ઘેર જઈને એ પ્રમાણે કહ્યું. એ જ વખતે એનો પતિ આવીને ઓસરીમાં હિંડોળાપાટે બેઠો હતો, તે સાંભળી ગયો ને સાસુની પોલ પકડાઈ ગઈ.

સાસુએ એના પતિ શીવલાને દેખતાં ઘણા કાલાવાલા કરવા માંડ્યાં, પણ હવે શું વળે? એનો પતિ સમજી ગયો હતો.

પણ હવે તો શીવલો ઘણું ધન કમાઈને આવ્યો હતો, એટલે તેઓ સુખચેનથી રહેતાં હતાં અને સાસુ એની વહુને કાંઈ કહેતી



નહોતી.

એક વખતની વાત છે.

સંતોષી માતાને વહુની પરીક્ષા કરવાનું મન થયું. એમણે ગોબરી ગંધારી ડોશીનો વેશ લીધો અને કંકુ ડોશીને ઘેર આવી.

આ ડોશીનું વિચિત્ર રૂપ જોઈ એને ડાકણ માની બધી વહુઓ પોતપોતાનાં છોકરાં લઈને ઘરમાં જતી રહી, પણ શીવલાની વહુ જતી-રહી સાસુ સીવલાના છોકરાને રાખે છે. ઘર વહુને સોંપી દીધું. સૌને આનંદ થયો."

# ૯. દેવનો દરબાર

જેણે બહુ પુણ્ય કર્યું હોય તેને સ્વર્ગ મળે.

ઓછું પુણ્ય હોય તેને ગાંધર્વલોક મળે.

ગાંધર્વલોક સ્વર્ગથી સહેજ નીચે.

ત્યાં બધાં ગાંધર્વ રહે.

આ પ્રદેશ પણ સ્વર્ગ જેવો જ સુંદર. લીલાં લીલાં ઝાડ ઝુમ્યા કરે. ઠંડો મધુર પવન વાય. બારે મહિના વસંત જ વસંત. બધું જ સુંદર.

આ ગાંધર્વલોક ! આવું તેનું સૌંદર્ય! પછી એમાં રહેનારા લોકોની વાત જ શી કરવી? બધા જ કલાકાર.

એમને સંગીત આવડે. સંગીત એટલે જેવું તેવું નહીં. એમનું સંગીત એટલે જાદુ જ જોઈ લો. એ સંગીતના સૂર એટલે જાદુઈ વાંસળી.



તોફાને ચડેલો હાથી ડાહ્યો બની જાય. ઘાસ ચરતાં હરણાં સ્થિર બની જાય. મોરલા થનગની ઊઠે. અરે ! વહેતું પાણી પણ થંભી જાય. પછી માણસની તો વાત જ શું કરવાની?

એમને નૃત્ય પણ આવડે. વાહ ! ગજબનું નૃત્ય. પથ્થરમાં પણ પ્રાણ પુરાય. ઝાંઝરના ઝણકારની સાથે સાથે આખું વાતાવરણ ઝણઝણી ઊઠે.

નારદજીને બ્રહ્માએ શાપ આપેલો.

'જા, ગાંધર્વલોકમાં પડ!'

આ ગાંધર્વનો એક રાજા. એ રાજાને ઘેર નારદજીનો જન્મ થયો. રાજાએ તેનું નામ ઉપબર્હણ પાડ્યું.

રાજકુમાર !

અને તેય પાછો ગાંધર્વલોકનો!

પછી તો વાત જ શી પૂછવી? જે જોઈએ તે હાજર. જે માગે તે મળે. એના લાડમાં શું ખામી હોય? પાણી માગે તો દુધ મળે દુધ માગે તો મેવા મળે.

આવી વાત. દાસ-દાસીઓ તો એની આગળ પાછળ ફર્યા કરે.

આવા લાડકોડમાં મોટો થયો.

રાજાએ તેને પરણાવ્યો. પછી તો તે અનેક વખત પરણ્યો. સારી કન્યા જુએ એટલે પરણી જાય. આવી તો તેને ઘણી રાણીઓ

હતી.

આખો દિવસ કંઈ કામધંધો કરે જ નહીં. રાણીઓ સાથે વાતો કર્યા કરે.

રાણીઓ તો તેને ઘણી બધી હતી. પણ તેને માલાવતી ખૂબ ગમે. જ્યાં જાય ત્યાં બંને સાથે જ હોય. બંને સારસ બેલડી જેવાં હતાં.

એક દિવસની વાત છે.

બ્રહ્માજીનું આમંત્રણ આવ્યું. બ્રહ્માજી દરબાર ભરવાના હતાં. એ દરબારીઓને ગીત-સંગીત નૃત્યથી ખુશ કરવાના હતા.

ગાંધર્વનો ધંધો જ આ.

દેવો બોલાવે ત્યારે જવું. પોતાના ગીત સંગીતથી તેમને ખુશ કરવાના. ક્યારેક ઈન્દ્રલોકમાં, તો ક્યારેક વિષ્ણુલોકમાં. તે દિવસે તેમને બ્રહ્મલોકમાં જવાનું આવ્યું.

બ્રહ્માજીનો હુકમ. જવું તો પડે જ! ઉપબર્હણની ઈચ્છા ન હતી. તેને તો માલાવતીમાં રસ હતો, બ્રહ્મલોકમાં નહીં. કુંવર હતો, ત્યાં સુધી એમ ચાલ્યું. હવે તો તે રાજા બન્યો એટલે બીજા ગંધર્વોએ તેને પરાણે સાથે લીધો.

બિચારો ઉપર્બહણ ! તેને બ્રહ્માજીમાં શો રસ? ના છૂટકે બ્રહ્મલોકમાં તો ગયો. પણ સાથે માલાવતીને લીધી.

બ્રહ્માજીનો દરબાર. મોટા મોટા દેવો આવેલા. કેટલાક



પુણ્યશાળી આત્માઓ હતા. પૃથ્વીલોકના પણ કેટલાક જીવો ત્યાં આવ્યા હતા.

આ બધાને ખુશ કરવાનું કામ ગાંધર્વોનું. બધાં ગાંધર્વોએ પોતાનું કામ શરૂ કરી દીધું. કેટલાક મધુર રાગે ગાતા હતા. કેટલાક વાજિંત્રો વગાડતા હતા. ગાંધર્વ સ્ત્રી નૃત્ય કરતી હતી.

સંગીતના મધુર સૂરો રેલાતા હતા. આખો દરબાર શાંત હતો. બધા જ સંગીત સાંભળવામાં તલ્લીન બની ગયા હતા.

દરબારમાં મધુર શાન્તિ હતી. તે વખતે ઉપર્બહણ માલાવતી સાથે વાતો કરતો હતો. માલાવતીએ તેને ધીમા અવાજે સલાહ આપી :

‘તમે ધીમા અવાજે વાત કરો! અને ગીત સંગીત સાંભળો.’

‘માલાવતી ! મારે મન તો ગીત કે સંગીત, સૂર કે તાલ બધુંય તું જ છે.’

આ અવાજ બ્રહ્માજીએ સાંભળ્યો. તેમની નજર ત્યાં પડી. તે જાણીને ચૂપ રહ્યા.

ઉપર્બહણ તો નફ્ફટ જ થઈ ગયો હતો. તેણે ફરીથી માલાવતી સાથે વાતો કરવા માંડી. વાતો પણ કેવી? વાત કરે ને મોટેથી હસી પડે.

ફરી બ્રહ્માજીની નજર પડી. આ વખતે નજર કડક હતી.

બીજા ગાંધર્વો સમજી ગયા. તેમાંના એકે ખૂબ ધીમેથી ઉપર્બહણને કહ્યું :

'બ્રહ્માજી ગુસ્સે થયાં છે.'

બીજા ગાંધર્વે સલાહ આપી :

'શંકરનો ગુસ્સો બહુ ખરાબ છે. સારું છે કે તેમની નજર નથી પડી.'

ત્રીજો બોલ્યો :

'વિષ્ણુ પણ જાય એવા નથી. એ ગુસ્સે તો ન થાય, પણ મશ્કરી કરે. એવી મશ્કરી કરે કે એના કરતાં તો મોત સારું લાગે.'

ઉપર્બહણ પર કોઈ અસર ના થઈ.

તેણે હસીને કહ્યું :

'ભાઈ, મારે માટે તો માલાવતી જ સર્વસ્વ. એના સિવાય બધું ધૂળ. વળી તમે મને બ્રહ્માનો ડર બતાવો છો? એ મને શું કરવાના છે?'

બ્રહ્માએ આ જોયું. તેના શબ્દો પણ સાંભળ્યા. તેમને લાગ્યું કે તેને અટકાવવો જોઈએ. તેમણે ગુસ્સાથી કહ્યું :

'ઉપર્બહણ !'

પણ ઉપર્બહણ સાંભળે શાનો? તે તો માલાવતી સામે જોઈને હસતો હતો.

માલાવતીએ ગભરાઈને કહ્યું :



'બ્રહ્માજી બોલાવે છે.'

ઉપર્બહણ બેફિકરાઈથી બોલ્યો :

'મને બ્રહ્માની દરકાર નથી. મારે માટે તો તું જ બ્રહ્મા છે.'

ગીત, સંગીત, નૃત્ય બંધ થઈ ગયું. રંગમાં ભંગ પડ્યો. બધાની નજર ઉપર્બહણ પર હતી. બ્રહ્માજી તો બરાબરના ગુસ્સે થયા હતા. તે ફરી બોલ્યા :

'ઓ મૂર્ખ....'

બ્રહ્માજી લાલચોળ થઈ ગયા હતા. માલવતીએ ફરી સલાહ આપી : 'માફી માગો!'

ઉપર્બહણ જોરથી હસીને બોલ્યો :

'તારી માફી માગું. પણ બ્રહ્માની તો નહીં જ!'

હવે તો બ્રહ્માજી તપી ગયા. તેમણે કહ્યું :

'ઉપર્બહણ, હું તને શાપ આપું છું કે...'

આખો દરબાર ગભરાઈ ગયો. બધા જ હાથ જોડીને બ્રહ્માની પ્રાર્થના કરવા લાગ્યા. ઉપર્બહણને માફ કરવા વિનંતી કરી. બધું જ નકામું ગયું.

બ્રહ્માજીએ શાપ આપ્યો જ :

'ઉપર્બહણ, તું ગાંધર્વલોકને લાયક નથી. માટે પૃથ્વીલોકાં પડ.'

ઉપબર્હણ મૃત્યુ પામ્યો.

ઉપબર્હણ એજ નારદજી, સ્વર્ગલોકમાંથી શાપ મળ્યો ત્યારે ગાંધર્વલોકમાં આવ્યા. હવે નારદજી પૃથ્વી પર જન્મ લેશે.



## ૧૦. જીવન્તિકા

એ વખતે લલિત નામનો એક રાજા હતો. એ રાજાને એક રાણી હતી. એમનું નામ લલિતાદેવી.

રાજા અને રાણી સર્વ વાતે સુખી હતાં, પરંતુ એક વાતે દુઃખી હતાં.

એમને શેર માટીની ખોટ હતી.

એમને એક પણ સંતાન ન હતું અને તેથી એની ચિંતામાં અને ચિંતામાં રાણી અડધી થતી જતી હતી.

એક દિવસની વાત છે.

રાણી ઉદાસ ચિત્તે પોતાના ઓરડામાં બેઠી છે.

એવામાં રાણીની એક દાસી ત્યાં આગળ આવી ચડી. આ દાસી સુયાણીનું કામ કરતી હતી.

આ દાસીએ રાણીને ચિંતામાં બેઠેલી જોઈને કહ્યું :

"રાણીબા ! તમે શા માટે આટલી બધી ચિંતા કરો છો? તમે આજ્ઞા કરો તો હમણાં ઉપાય બતાવું."

"બોલ! શો ઉપાય છે?"

દાસીએ ધીમેથી રાણીના કાનમાં કહ્યું : "જુઓ રાણીબા! ગામમાં એક બ્રાહ્મણીને પાંચમો મહિનો જાય છે. તમે સગર્ભા છો એવો ઢોંગ આજથી શરૂ કરી દો. પછીનું કામ હું સંભાળી લઈશ."

દાસીની આ વાત રાણીને ગળે ઊતરી ગઈ.

અને પોતે સગર્ભા છે એવી વાત ફેલાવા માંડી.

આ વાતને સાત મહિના વીતી ગયા, ત્યાં બ્રાહ્મણીએ મધરાતે દાસીને તેડાવી.

મધરાતે બ્રાહ્મણીએ પુત્રને જન્મ આપ્યો.

આ પુત્રને છાનીમાની લઈને દાસી રવાના થઈ ગઈ અને રાણીના ઓરડાની પાછલી બારીએથી દાખલ થઈ બાળક રાણીને આપ્યું.

રાણી તો રાજી રાજી થઈ ગઈ.

સવારમાં આખા રાજમહેલમાં સમાચાર ફેલાઈ ગયા કે રાણીએ કુંવરને જન્મ આપ્યો છે, એટલે આનંદ-આનંદ છવાઈ ગયો.

આમ રાણીનું વાંઝિયામેણું ટળ્યું.



પરંતુ પેલી બ્રાહ્મણી તો જીવંતિકાદેવીનું વ્રત કરતી હતી, એટલે દેવી તેના બાળકનું રક્ષણ કરવા માટે રાજમહેલમાં પણ આવી પહોંચ્યાં. કુંવર જ્યારે ઊંઘતો હોય ત્યારે દેવી એના ઓશીકા પાસે બેઠાં હોય.

એમ કરતાં કરતાં દિવસો પછી મહિના અને મહિના પછી વરસો વીત્યાં.

કુંવર તો મોટો થયો અને એનું નામ પાડ્યું વિજયકુમાર.

રાજા લલિતકુમાર અવસાન પામ્યા એટલે વિજયકુમાર ગાદીએ બેઠા અને રાજા બન્યા.

આ રાજા તો ભારે દયાળુ હતો.

રાજા વિજયકુમાર એના પિતાનું શ્રાદ્ધ કરવા માટે ગયાજી જવા માટે નીકળ્યા.

રસ્તામાં એક વાણિયાનું ઘર આવ્યું. એ વાણિયાને ઘેર તેઓ રાતવાસો રહ્યા.

આ વાણિયાને છ બાળકો થયાં અને છયે બાળકો વારાફરતી છઠ્ઠે દિવસે મરણ પામતાં. આજે સાતમા બાળકની છઠ્ઠી હતી અને વિધાત્રી લેખ લખવા આવવાનાં હતાં.

અને વિજયકુમારનું રક્ષણ કરવા માટે જીવંતિકાદેવી પણ ત્યાં હાજર હતાં.

મધરાત થઈ અને વાણિયાને ત્યાં વિધાત્રી પધાર્યાં, એટલે

જીવંતિકા માતાએ આડું ત્રિશૂળ ધર્યું અને કહ્યું :

"દેવી વિધાત્રી ! તમે અહીં ક્યાંથી આવ્યાં?"

"વાણિયાના દીકરાની આજે છઠ્ઠી છે, એટલે લેખ લખવા આવી છું."

"અચ્છા ! તો બહેન! શું લખશો લેખમાં?"

"એ જ, કાલે સવારે તમારો દીકરો મરણ પામશે."

"ના, ના વિધાત્રી! એવું તમારાથી ન લખાય! હું તમારી મોટી બહેન અહીં હાજર હોઉં અને તમે આવું અમંગળ ન લખી શકો."

અંતે વિધાત્રીએ જીવંતિકાની વાત માની 'દીર્ઘાયુષ' લખીને ચાલતાં થયાં.

સવાર પડી ! વાણિયાએ પોતાના દીકરાને જીવતો જોયો અને નવાઈ પામ્યો.

તેઓ રાજીના રેડ થઈ ગયા.

તેઓએ આ વિજયકુમારને શુભ પગલાના માન્યા ને એમની સરભરા એમણે ખૂબ જ ભારપૂર્વક કરવા માંડી.

અંતે વિજયકુમાર ગયા. પરંતુ વાણિયાએ વળતાં પોતાના ઘેર થઈને જ જવાનું વચન લીધું.

અને વિજયકુમાર ગયાજી જવા રવાના થયા.

વિજયકુમાર ગયાજી ગયા અને ત્યાં શ્રાદ્ધ-કર્મ કર્યું. પિંડ



આપવા માટે હાથ લાંબો કર્યો પણ તેને તો એકને બદલે બબ્બે હાથ દેખાયા.

આમ થવાનું કારણ શું?

આ થવાનું કારણ એણે પંડિતોને પણ પૂછ્યું, પરંતુ પંડિતો પણ એનો કંઈ જવાબ આપી શક્યા નહિ.

આમાં બીજો હાથ કોઈ દેવીનો હાથ જેવો દેખાતો હતો.

વિજયકુમાર શ્રાદ્ધ-ક્રિયા પતાવીને પાછા વળ્યા અને વળતાં વચન આપ્યા પ્રમાણે પેલા વાણિયાને ત્યાં રાત રોકાયા ત્યારે વાણિયાના બીજા દીકરાની છઠ્ઠી હતી.

અડધી રાત થઈ અને વિધાત્રી આવ્યાં.

આ વખતે પણ જીવંતિકા માતાએ એની 'દીર્ઘાયુષ' લખવા કહ્યું.

એ વખતે વિજયકુમારની ઊંઘ ઊડી ગઈ અને બંને દેવીઓની વાતો સાંભળતો જાગતો પડી રહ્યો.

જીવંતિકાદેવી કહે : "હે વિધાત્રી! આ રાજકુમારની માતા વરસોથી મારું શુક્રવારનું વ્રત કરે છે, પીળું વસ્ત્ર અને પીળાં અલંકારો પહેરતી નથી, ચોખાના પાણીને પણ ઓળંગતી નથી, એટલે મારે એનું રક્ષણ કરવું પડે છે. એ જ્યાં જાય ત્યાં મારે જવું પડે છે. આજે આ વાણિયાને ત્યાં એનો વાસ છે. તો મારો પણ વાસ છે, તો વાણિયાનું અઘટિત મારે શા માટે થવા દેવું બહેન!

હું તારી મોટી બહેન છું. તારે મારી વિનંતી પાળવી પડશે.''

''ભલે.'' કહી વિધાત્રીએ એના લેખ 'દીર્ઘાયુષ' લખ્યા.

વાણિયાએ સવારે ઊઠીને જોયું તો આ બીજો દીકરો પણ જીવતો જણાયો.

અને લાગ્યું કે આ વિજયકુમાર નક્કી કોઈ મહાન પુરુષ છે. બીજે દિવસે વિજયકુમારે વિદાય માગી ત્યારે વાણિયાએ એમને આનંદથી વિદાય આપી.

થોડા દિવસમાં વિજયકુમાર રાજમહેલમાં પાછા આવ્યા.

આવીને એમણે રાણીને પૂછ્યું : ''બા! તમે કયું વ્રત કરો છો?''

''બેટા! હું તો એકેય વ્રત કરતી નથી.''

આ સાંભળી વિજયકુમારને નવાઈ લાગી, પણ એને એનો આખો ભેદ ઉકેલવાનો ઉપાય મળી ગયો.

શ્રાવણ મહિનો આવ્યો, અને એ મહિનાનો પહેલો જ શુક્રવાર આવ્યો.

એ દિવસે રાજા વિજયકુમાર આખા નગરમાં ઢંઢેરો પિટાવ્યો કે ''આજે નગરની તમામ સ્ત્રીઓએ પીળાં વસ્ત્રો પહેરીને જમવા આવવાનું. કોઈએ ઘેર રહેવાનું નથી.''

એવામાં એક દાસી સમાચાર લાવી કે ''એક બ્રાહ્મણી આવવાની ના પાડે છે. એને જીવંતિકા વ્રત છે. એટલે પીળાં



વસ્ત્રો પહેરીને નહિ આવે.'' વિજયકુમાર સમજી ગયા. બ્રાહ્મણી માટે લાલ વસ્ત્રો મોકલ્યાં. ગોરાણી રાજમહેલમાં રહેવા લાગ્યાં. પુત્ર પાછો મળ્યો. આનંદ થયો.

# ૧૧. પરોપકાર

ભયાનક જંગલ છે.

ઘોર અંધકાર છે.

ચારે બાજુ વાઘ અને સિંહની ગર્જનાઓ સંભળાય છે.

આ જંગલની વચ્ચે એક નદી છે. તેના કિનારે એક ઝુંપડી છે. આ ઝુંપડીમાં ત્રણ માણસો રહે છે. દીકરો અને તેનાં મા-બાપ.

બિચારાં ઘણાં ગરીબ. ખાવા માટે રોટલો પણ મળે નહીં.

છતાંય ભગવાનનાં ભક્ત. આખો દિવસ ભગવાનની ભક્તિ કરે. ભૂખ લાગે ત્યારે ઝાડનાં પાંદડાં ખાય અને નદીનું પાણી પીએ.

એક દિવસ નારદ ફરતા ફરતા ત્યાં આવી પહોંચ્યા. 'નારાયણ નારાયણ' બોલતા જાય અને વીણા વગાડતા જાય.



તેમણે આ ભક્તકુટુંબની ગરીબી જોઈ.

નારદ તો ગુસ્સે થયા. વીણાને મૂકી પડતી અને દોડ્યા ભગવાન પાસે. મોં ગુસ્સામાં લાલચોળ થઈ ગયું. ભગવાને તેમને આવકાર્યા.

'આવો નારદ. અરે! પણ તમારી વીણા ક્યાં ગઈ?'

'ખાડામાં પડી વીણા. તમે તો જાગો છો કે ઊંઘ્યા કરો છો?'

'પણ છે શું?'

'હોય શું? પેલા પાપી લોકોને જ આપ્યા કરો છો. તેઓ અધર્મ આચરી લહેર કરે છે. અને બિચારા પેલા ભક્તો! તમારી ભક્તિ કરે છે, છતાં તેમના નસીબમાં પાંદડું? આ તમારો ન્યાય?'

'પણ એ તો જેના નસીબમાં જે હોય તે જ મળે.' વિષ્ણુ ભગવાને કહ્યું.

'શું ધૂળ મળે? ગમે તે થાય, એ ગરીબ કુટુંબ માટે કંઈક કરો.'

'તમે કહો એમ કરું.'

'એ સુખી થાય એ રીતે ત્રણેને એક એક વરદાન આપો.'

'તથાસ્તુ !' કહીને ભગવાન ઉભા થયા. પણ જતાં જતાં કહ્યું - 'પણ ધ્યાન રાખજો, એમના નસીબમાં તો પાંદડાં જ છે.'

'એવું બને જ નહીં.' કહીને નારદ ઉપડ્યા. જંગલમાં જઈને

ડોસો, ડોસી અને તેના દીકરાને મળ્યા. વિગતે વાત કરી અને સલાહ આપી :

જુઓ આ વરદાનનો ઉપયોગ સારો કરજો. તમને સુખ મળે એવું માંગજો.

આ પ્રમાણે કહીને નારદ તો ઉપડ્યા. વીણા વગાડતા જાય અને નારાયણનું નામ લેતાં જાય.

રાત પડી ડોસો, ડોસી અને દીકરો સૂઈ ગયાં, ડોસો અને દીકરો તો ઊંઘી ગયા, પણ ડોસીને ઊંઘ આવે નહીં.

તેને વિચાર આવ્યો કે જુવાન બની જાઉં તો કેવું? ભગવાને વરદાન આપ્યું છે તો અપ્સરા જેવું રૂપ માગું. આ ડોસા સાથે શું સુખ મળવાનું છે?

આ વિચાર કરતાં પ્રભાત થયું. ડોસી ગઈ નદીએ. સૂર્યની સામે પાણીની અંજલિ લઈને બોલી :

'હે ભગવાન ! તારું વરદાન ખરું હોય તો મારું રૂપ અપ્સરા જેવું બનાવી દે.'

પછી તો કહેવું જ શું? ડોસી અદ્રશ્ય થઈ ગઈ. તે તો રૂપરૂપના અંબાર જેવી અપ્સરા બની ગઈ. ડોસી મનમાં ને મનમાં ખુશ થઈ.

એટલામાં એક રાજા રથ લઈને આવી પહોંચ્યો. તેણે આવા જંગલમાં આ અપ્સરા જોઈ. તેનું મન લોભાયું. તેણે આ સ્ત્રીના



હાથની માગણી કરી. અપ્સરા બનેલી ડોસીએ તેને સ્વીકારી લીધું.

રાજાએ તેને પટરાણી બનાવવાનું વચન આપ્યું. અપ્સરા રાજાના રથમાં બેસી ગઈ. તેણે વિચાર કર્યો કે, હવે પકવાન ખાવાનાં મળશે.

સવાર પડી એટલે ડોસો ઉઠ્યો. ડોસો જાગ્યો. પણ તેણે ડોસીને જોઈ નહીં. એક બે બૂમ મારી વિચારે ચડી ગયો.

ડોસાએ વિચાર કર્યો. કદાચ નદીએ ગઈ હશે. ડોસો પણ નદીએ જવા ઉપડ્યો. રસ્તામાં તે વિચારે ચડી ગયો.

'ભગવાને એક વરદાન આપ્યું છે. વરદાનથી હું રાજા બનીશ. પછી પાંદડાં ખાવાનાં જશે.'

આવા વિચારો કરતો તે નદીએ પહોંચ્યો. નદીએ જઈને જોયું તો ડોસી મળે નહીં. ઘણી બૂમો મારી. પણ સાંભળે કોણ? જંગલમાં તપાસ કરી પણ ડોસી મળી નહીં.

એટલામાં તેની નજર જમીન પર પડી. જમીન પર રથનાં પૈડાંની નિશાની હતી. ડોસો સમજી ગયો. તેણે નદીમાંથી કમંડળમાં પાણી લીધું. રથ જે બાજુ ગયો હતો તે બાજુ ચાલવા માંડ્યો. રથનાં પૈડાં રાજાના મહેલ આગળ આવી અટકતાં હતાં. આમ તેમ જોવા માડ્યો.

હવે શું કરવું? ડોસી ક્યાંથી મળે? આવો વિચાર કરતો

હતો, ત્યાં જ ઉપરથી અવાજ આવ્યો -

'પેલો ડોસો કેમ અહીં ઊભો છે? એને ધક્કા મારીને કાઢી મૂકો.'

ડોસાએ ઉપર નજર કરી. સાતમે માળે એક અપ્સરા ઊભી હતી. તેની પાસે જ રાજા ઊભો હતો. ડોસાએ ધારીને જોયું. તે તો પોતાની જ પત્ની હતી.

ડોસો તો બરોબરનો ગુસ્સો થયો. તેણે પોતાની પત્નીને સમજાવી. ગાળો ભાંડી, તોય માની નહીં. છેવટે તેણે રાજાને કહ્યું :

'હે રાજા ! તારી સાથે ઉભી છે એ મારી પત્ની છે. મારી પત્નીને રાણી બનાવીને તેં ઘોર પાપ કર્યું છે.હજુ સમય બાકી છે અને તું મારી પત્નીને સોંપી દે.'

પણ આ તો રાજા. વાંદરાં કરતાંય ભૂંડો. તેણે ડોસાનું કંઈ સાંભળ્યું નહીં. તેણે પોતાના નોકરને હુકમ કર્યો :

'આ ડોસાને લઈ જાઓ. પૂરી દો એને કાળી કોટડીમાં ! ખબર પડશે કે રાજાની રાણી તારા જેવાની પત્ની ન હોઈ શકે.'

રાણીએ પણ પોતાનો સૂર પુરાવ્યો.

'બરોબર છે. પૂરી દો એ ડોસલાને જેલમાં. ત્યારે જ એની સાન ઠેકાણે આવશે.'

હવે તો ડોસાનો ગુસ્સો કાબૂમાં ન રહ્યો. ગુસ્સામાં ને



ગુસ્સામાં તે ભાન ભૂલ્યો. કમંડળમાંથી પાણી કાઢી હથેળીમાં લીધું. ત્યાં જ જમીન પર એ પાણી ઢોળીને બોલ્યો :

'હે ભગવાન, તારા વરદાનની કસોટી છે. જા. પેલી દુષ્ટ રાણી ખરેખર મારી પત્ની હોય તો અત્યારે જ બકરી બની જાય.'

ભગવાનનું વરદાન. પછી પૂછવું જ શું? સાતમે માળના ઝરૂખામાં રાજા સાથે રાણી બેઠી હતી. ડોસો બોલી રહ્યો કે તરત જ તે બકરી થઈ ગઈ.

હવે તો રાજા બરોબરનો ગભરાયો. પોતાની સાથે તો રાણી હતી. તે ક્યાં ગઈ? આ બકરી ક્યાંથી આવી? તેણે વારંવાર આંખો ચોળી, છતાં પણ બકરી જ દેખાઈ. હવે તેને ખાતરી થઈ કે પોતાની રાણી જ બકરી બની ગઈ. રાજાની જોડે જ બેઠેલી બકરી બેં બેં બોલતી હતી.

રાજાને ખાતરી થઈ ગઈ. ચોક્કસ આ ડોસો જાદુગર હોવો જોઈએ. તેણે વિચાર કર્યો :

'જો આ બકરીને આપી નહિ દઉં તો તે મારી ઉપર ગુસ્સે થશે. અને મારા ઉપર પણ જાદુ કરશે.'

આવો વિચાર કરીને ડોસા પાસે આવ્યો. ડોસાને પગે લાગ્યો ને કહ્યું :

'મહારાજ, મારી ભૂલ થઈ. મને માફ કરો. ખબર ન હતી કે આ તમારી પત્ની છે.'

ડોસાએ પણ વિવેકથી જવાબ આપ્યો :

'હે રાજા, આમાં તારો વાંક નથી. વાંક છે મારા નસીબનો. મારી પત્ની મને સોંપી દો એટલે જાઉં.'

રાજાએ બકરી સોંપી દીધી. ડોસાએ બકરીને લઈ જંગલ તરફ ચાલવા માંડ્યું. અનેક વિચારો કરતો કરતો તે ઘેર આવી પહોંચ્યો.

ઝુંપડીમાં દીકરો નિરાશ થઈને બેઠો હતો. પોતાની મા ગઈ અને બાપ પણ ગયો. હવે આ જીંદગીમાં રહ્યું શું? આમ વિચારી તેણે વરદાન પણ માગ્યું નહીં અને એમ જ બેસી રહ્યો.

એટલામાં ડોસો આવી પહોંચ્યો. દીકરો પ્રથમ તો ખુશ થઈ ગયો. પણ પોતાની મા ક્યાં? તે રડવા જેવો થઈ ગયો.

'પિતાજી, મારી મા ન મળી?'

ડોસો શું બોલે? ડોસાની આંખમાં આંસુ આવી ગયાં. તેણે બકરી તરફ આંગળી કરી કહ્યું :

'બેટા! આ રહી તારી મા.'

'પિતાજી, તમે શું બોલો છો?'

'ખરૂ કહું છું બેટા. એ જ છે તારી મા.'

એમ કહીને ડોસાએ દીકરાને બધી વિગત કહી. દીકરો તો આ બધું સાંભળીને ધ્રૂસકે ધ્રૂસકે રોવા માંડ્યો.

'પિતાજી, આનો ઉપાય કહો. મારું વરદાન હજુ બાકી



છે.'

'બેટા, લે આ કમંડળનું પાણી અને તારી માને હતી તેવી કરી દે.'

દીકરાએ કમંડળનું પાણી હાથમાં લીધું.

અને ભગવાનને પ્રાર્થના કરી :

'હે ભગવાન, તારું આપેલું વરદાન જો સાચું હોય તો મારી માતાને હતી તેવી કરી દે.'

તરત જ બકરીની ડોસી બની ગઈ. પછી તો ડોસીએ ડોસાના પગમાં પડીને માફી માગી. ડોસાએ પણ તેને માફી આપી અને કહ્યું :

'આમાં તમારો વાંક નથી. પરંતુ આપણા નસીબનો વાંક છે.'

હવે તો ડોસો, ડોસી અને દીકરો મજાથી રહે છે. પાંદડાં ખાય છે. નદીનું પાણી પીએ છે અને ભગવાનનું ભજન કરે છે.

એવામાં નારદ એક વખત આવી પહોંચ્યા. તેમણે વિચાર કર્યો. હવે તો કુટુંબ સુખેથી રહેતું હશે. પણ અહીં તો તેમણે જુદું જ જોયું. ડોસાને કારણ પૂછ્યું. ડોસાએ આખી વાત કહી સંભળાવી.

હવે નારદને વિષ્ણુ ભગવાનની વાત યાદ આવી. હવે તેમને લાગ્યું કે નસીબ આગળ માનવી પાંગળો છે. નારદ મનમાં

ને મનમાં ગણ-ગણવા લાગ્યા.

'કરમમાં ડોળિયું ખાવાનું લખ્યું હોય તો પછી ઘી ખાવાનું ક્યાંથી મળે?'



# ૧૨. સૃષ્ટિ

પૃથ્વીના જન્મ સમયની વાત છે.

પૃથ્વી પર પ્રાણીઓ હતાં નહીં. આખી પૃથ્વી ખાલી ખાલી. પ્રજા પેદા કેમ કરવી? આવો વિચાર બ્રહ્માને થયો. છેવટે બ્રહ્માને ઉપાય મળ્યો.

તેમણે દક્ષ પ્રજાપતિને આજ્ઞા કરી :

'હે પ્રજાપતિ ! આ પૃથ્વીલોક ખાલી છે. તેને માટે પ્રજા પેદા કરો. દેવ દાનવ, માનવ, ગાંધર્વ, સર્પ અને બીજાં પ્રાણી પેદા કરો.'

પ્રજાપતિએ બ્રહ્માની વાત સ્વીકારી.

તેમણે પ્રજા પેદા કરવાનું નક્કી કર્યું.

શરૂઆતમાં દક્ષે મનના સંકલ્પથી પ્રાણીઓ પેદા કર્યાં. પણ ધાર્યા પ્રમાણે ફળ મળ્યું નહીં.

એ બધા માનસપુત્રો હતા, તે બીજા પ્રજા પેદા કરી શક્યા નહીં. એટલે દક્ષે પ્રજા પેદા કરવાની રીત બદલી.

આસિકની નામની તપસ્વીની સાથે દક્ષે લગ્ન કર્યું. પછી પત્ની દ્વારા પ્રજા પેદા કરવા માંડી. પહેલી વખત તેમણે પાંચ હજાર પુત્રો પેદા કર્યા. એ પુત્રોને પ્રજાપતિએ આજ્ઞા કરી.

'જાઓ, વધુ ને વધુ પ્રજા પેદા કરો. તમારું એ જ કાર્ય છે. સૃષ્ટિની રચના તમારે જ કરવાની છે.'

પ્રજાપતિએ પુત્રોને આ પ્રમાણે આજ્ઞા કરી. તેથી પુત્રોએ ચાલવા માંડ્યું.

નારદજીએ આ જાણ્યું. તેમનો મશ્કરી કરવાનો સ્વભાવ! એ તો નીકળી પડ્યા.

'નારાયણ નારાયણ' બોલતા તેમની પાછળ ગયા. દક્ષ પ્રજાપતિના પુત્રોને મળ્યા. નારદે નવાઈથી તેમણે પૂછ્યું : 'અરે! આટલી મોટી સંખ્યામાં ક્યાં જાઓ છો?'

પ્રજાપતિના પુત્રોએ જવાબ આપ્યો :

'અમારે સૃષ્ટિ રચવાની છે. એટલે પ્રજા પેદા કરવા જઈએ છીએ.'

નારદજી ખડખડાટ હસી પડ્યા.

'અલ્યા મૂર્ખાઓ ! તમે પૃથ્વી જોઈ છે? તમે અજ્ઞાની છો. પૃથ્વી જોયા વિના પ્રજા શી રીતે પેદા કરશો? માટે પ્રજા પેદા



કરવાની વાત પડતી મૂકો. જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરો.'

અને ખરેખર એવું બન્યું. તેમને નારદની વાત સાચી લાગી. પિતાની આજ્ઞા ભૂલી ગયા. તેઓ બધા જ્ઞાન મેળવવા લાગ્યા.

એ બધા પુત્રો ગયા તે ગયા જ. પાછા આવ્યા જ નહીં. હવે શું કરવું. ફરીથી પ્રજાપતિએ બીજા હજાર પુત્રો પેદા કર્યા. તેમને પણ આજ્ઞા આપી : 'પ્રજા પેદા કરો?'

હજાર પુત્રો નીકળી પડ્યા. તેઓને પણ નારદે સમજાવ્યા. તેમને વાત સાચી લાગી. તેઓને લાગ્યું -

'મહામુનિ નારદ બરાબર કહે છે.'

તેઓ પણ જ્ઞાન મેળવવા ચાલ્યા ગયા.

પ્રજાપતિને એ બાબતના સમાચાર મળ્યા. બીજા પુત્રો પણ નારદની સલાહથી ચાલ્યા ગયા. હવે પ્રજાપતિ શી રીતે સહન કરે? તેઓ નારદ પર ગુસ્સે થયા. નારદને શાપ પણ આપ્યો.

'તારા નસીબમાં પ્રજા પેદા કરવાનું નહીં હોય. આખી જીંદગી ભટકી ભટકીને ગાળીશ.'

આ શાપને લીધે જ નારદ પરણેલા નથી. સ્વર્ગમાંથી પૃથ્વી પર અને પૃથ્વી પરથી સ્વર્ગમાં ભટક્યા કરે છે.

# ૧૩. શેર માટીની ખોટ

એક બ્રાહ્મણ હતો.

બધી વાતે તેઓ સુખી હતાં, પરંતુ એમને એક જ વાતનું દુઃખ હતું.

એમને શેર-માટીની ખોટ હતી.

એમને કંઈ પણ સંતાન હતું જ નહિ.

આથી તેઓ હંમેશા ચિંતા જ કર્યા કરે!

અંતે બ્રાહ્મણે વિચાર કર્યો કે 'આ બધી ચિંતા છોડી દઈને તપ કરવા નીકળી પડું. મહાદેવનું તપ કરું અને શંકર ભગવાનને રીઝવું.'

આમ વિચાર કરીને એ ચાલી નીકળ્યો.

ગામથી થોડેક દૂર ગયો ત્યાં ઘોર જંગલ આવ્યું. આ ઘોર જંગલમાં ચાલતો ચાલતો એ થોડેક દૂર ગયો ત્યાં એક મહાદેવનું



મંદિર આવ્યું.

જંગલમાં મહાદેવના મંદિરમાં કોણ આવે અને કોણ જાય? આ મહાદેવનું મંદિર તો અવાવરું હતું. 'તપ કરવા માટે આ જગ્યા સારી છે' એમ વિચારી બ્રાહ્મણ મંદિરમાં સાફસૂફી કરી ભગવાનની પૂજા કરવા બેસી ગયો.

એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ એમ કરતાં કરતાં પાંચ દિવસ વીતી ગયા અને છઠ્ઠો દિવસ પણ વીતી ગયો, તોય મહાદેવજી પ્રસન્ન થયા નહિ.

એટલામાં એક પારધી ત્યાં એક બકરું લઈને આવી ચડ્યો. એણે તો 'જય મહાદેવ' કહીને બકરાના ગળા ઉપર તલવારનો ઘા ફટકાર્યો.

તરત જ મહાદેવજી પ્રસન્ન થયા અને બોલ્યા : 'માંગ, માંગ, માંગે તે આપું!'

પારધી કહે, " હે શંકર ભગવાન! મારે તો સાત-સાત દીકરા જોઈએ."

મહાદેવ કહે : "જા! તને સાત દીકરા થશે."

અને પારધી તો વરદાન લઈને ચાલ્યો ગયો.

આ જોઈ બ્રાહ્મણ તો વિચારમાં પડ્યો કે હું આટલા દિવસથી ભૂખ્યો-તરસ્યો તપ કરું છું, છતાં મહાદેવજી પ્રસન્ન થતાં નથી અને આ પારધીએ એક અબોલ જીવનો ભોગ ચડાવ્યો

અને મહાદેવજી તરત જ પ્રસન્ન થઈ ગયા! ભગવાનને ઘેર ફણ આવો ઘોર અન્યાય?

આવો વિચાર કરીને એણે તો મહાદેવજી સમક્ષ માથું પછાડીને મરી જવાનો નિર્ણય મનમાં કરી લીધો.

અને બ્રાહ્મણ જેવો માથું પછાડવા જાય છે તેવા જ મહાદેવજી પ્રકટ થયા અને બોલ્યા :

"હે બ્રાહ્મણ! તું શા માટે આપઘાત કરે છે? બોલ, તારે શું જોઈએ છે?"

બ્રાહ્મણ કહે : "હે ભગવાન ! હું તમારી રોજ સેવા કરું છું અને મારે ઘેર પારણું બંધાતું નથી અને પેલા પારધીને તમે એક ઘડીમાં સાત-સાત દીકરા આપી દીધા?"

શંકર કહે : "ભાઈ ! ઝાઝા છોકરા હોય પણ કીડાની માફક ખદબદતા હોય તો એ શું કામના? જા! તને હું એક જ દીકરો આપીશ, પણ તું એને પૂરું ભણાવજે, અને પૂરું ભણી રહે પછી જ એને પરણાવજે! એ પહેલાં એને પરણાવતો નહિ."

"સારું." કહી બ્રાહ્મણ તો ઘેર ગયો.

અને થોડા દિવસોમાં બ્રાહ્મણીને તો દિવસો રહ્યા.

એમ કરતાં કરતાં નવ માસ થયા અને બ્રાહ્મણીએ તો એક રૂપાળા દીકરાને જન્મ આપ્યો.

દીકરો તો દિવસે દિવસે મોટો થવા લાગ્યો.



અંતે દીકરો પાંચ વરસનો થયો અને એને નિશાળે મૂક્યો. છોકરો ભણવામાં તો ભારે હોંશિયાર!

છોકરો એક વખત વાંચે અને આખો પાઠ એને મોઢે થઈ જાય!

આમ કરતાં કરતાં છોકરો બાર વરસનો થયો અને ગામ ગામથી એનાં માગાં આવવાં માંડ્યાં.

છોકરાનો અભ્યાસ હજી પૂરો થયો નહોતો અને મહાદેવજીએ કરેલી શરત એ ભૂલી ગયો.

બ્રાહ્મણે તો છોકરાનું સગપણ નક્કી કરી નાખ્યું અને સારું મુહૂર્ત જોઈ લગ્ન પણ લીધાં. અંતે લગ્નનો દિવસ આવી પણ પહોંચ્યો અને જાન જોડી.

છોકરાને પરણાવીને જાન પાછી વળી અને અડધેક આવી, ત્યાં તો આકાશમાં વાદળાં ચડી આવ્યાં અને વીજળી ઝબૂકવા માંડી.

જોતજોતામાં મુશળધાર વરસાદ તૂટી પડ્યો અને વરસાદનાં પાણીમાં બળદ ચાલતાં બંધ થઈ ગયા, એટલે આખી જાન નીચે ઊતરીને પગે ચાલવા માંડી.

ચાલતાં ચાલતાં થોડેક દૂર ગયા ત્યાં ઓચિંતા વરના પગે સાપે ડંશ દીધો અને 'ઓ બાપ રે!' કહી વર તો ધરતી ઉપર ઢળી પડ્યો.

બધા તો ઊભાં રહી ગયાં અને વીજળીના ચમકારે જોયું તો એક મોટો કાળો નાગ સડસડાટ કરતો ચાલ્યો જતો દેખાયો.

થોડીવારમાં વરનું શરીર લીલુંછમ થઈ ગયું. આંખો ફાટી ગઈ. મોઢામાં ફીણ આવ્યા અને વરરાજાનું પ્રાણ-પંખેરું ઊડી ગયું.

બધાંને થયું કે આ તો ભારે થઈ ! જે થવાનું હતું તે થઈ ગયું, "આપણે બધાં ચાલ્યાં જઈએ, સવારે આવીને શબની વ્યવસ્થા કરીશું."

આમ કહી બધાં ચાલ્યાં ગયાં, પણ એકલી કન્યા શબ પાસે રોકાણી. એને ખૂબ સમજાવી, પણ એ એકની બે ન થઈ. એ તો પોતાના પતિનું માથું ખોળામાં લઈને રસ્તા વચ્ચે, રાતના ઘરઘોર અંધારામાં વરસતા વરસાદમાં ભીંજાતી બેઠી. એને બીક હતી કે કોઈ જંગલી પ્રાણી આવીને મારા પતિને ઉપાડી જશે તો એના જીવની ભારે અવગતિ થશે.

બધાં ચાલ્યાં ગયાં.

પછી પેલી કન્યાએ પોતાના પતિનું શબ ખભા ઉપર ઉપાડ્યું અને પડતી-આખડતી ચાલવા લાગી.

એવામાં વીજળીના ચમકારે નજીકમાં મહાદેવનું દેરું જોયું અને એ દેરામાં શબને લઈ ગઈ.

શબને અંદર લઈ જઈને અંદરથી સાંકળ ભીડી દીધી.



મધરાત થઈ અને એવરતમા આવ્યાં. આવીને બારણું ખોલવા ગયાં, ત્યાં બારણું અંદરથી બંધ ! એટલે મા બોલ્યાં :

"મારા દેરામાં કોણ છે? મારા દેરામાં કોણ છે? જે હોય તે કમાડ ખોલો!"

આ સાંભળી વહુ તો બિચારી ધ્રૂજી ઊઠી. એણે બીતાં બીતાં બારણું ઉઘાડ્યું. એવરતમાએ વહુને જોતાં જ પૂછ્યું : કોણ છે તું?"

વહુ કહે : "હું એક દુખિયારી સ્ત્રી છું. દુઃખની મારી આપને આશરે આવી છું. પરણીને અમે આવતાં હતાં ત્યાં રસ્તામાં મારા સ્વામીને સાપ કરડ્યો! માતાજી! મારા સ્વામીને જીવતા કરો."

"મારું કહ્યું માને તો તારા સ્વામીને જીવતો કરું."

"હા! તમે જે કહેશો તે કરીશ."

આમ કહ્યું અને શબ એક પડખું ફર્યું.

થોડી વાર થઈ ત્યાં જીવરતમા આવ્યાં. એમણે પણ એમ કહ્યું. અને વહુએ 'જે કહેશો તે કરીશ' એમ કહ્યું, એટલે શબે બીજું પડખું ફેરવ્યું.

થોડી વાર થઈ ત્યાં જયામા આવ્યાં. એમણે પણ આ વહુને એવું જ કહ્યું, ત્યારે શબમાં શ્વાસ ચાલતો થયો.

અને છેલ્લા પહોરે વિજયામા આવ્યાં. એમણે એ પ્રમાણે કહ્યું અને એમના કહ્યા પ્રમાણે વહુએ વર્તવાનું કહ્યું, એટલે

વિજયામાએ અમૃતનો ખોબો ભરીને શબ પર છાંટ્યો, એટલે આળસ મરડીને વરરાજા ઊભા થયા.

વહુ તો હરખમાં ને હરખમાં ગાંડીઘેલી બની ગઈ.

વર કહે : "આપણે અહીં ક્યાંથી આવી ચડ્યા?"

એટલે વહુએ માંડીને બધી વાત કરી.

પછી વર કહે : "મને તો તરસ પણ લાગી છે અને ભૂખ પણ લાગી છે."

એટલે મંદિરની વાડીમાંથી વહુ ફળ લઈ આવી અને મંદિરના કૂવામાંથી પાણી લઈ આવી. વર-વહુએ ફળફૂલ ખાધાં અને પછી ધરાઈને પાણી પીધું.

વર અને વહુ મંદિરને ઓટલે બેઠાં છે અને બેઠાં બેઠાં વાતો કરે છે. ત્યાં ગામના ગોવાળો ગાયો-ભેંસો લઈને ચારવા નીકળ્યા. એમણે વરવહુને જોયાં ને વિચાર્યું : અરે ! આ વરનાં માબાપ તો ગામમાં રોકકળ કરે છે અને આ બે જણાં તો અહીં બેઠાં બેઠાં હસી-મજાક કરે છે!

આ જોઈ ગોવાળ તો ગામમાં ગયા અને વરનાં માબાપને ખબર આપી, એટલે એમણે તો રોકકળ બંધ કરી, તપાસ કરી અને પછી જાન જોડીને વરકન્યાને તેડી ગયાં. ઘેર જઈને એમના સામૈયા કર્યા.

થોડા દિવસ થયા, ત્યાં તો વહુએ એક સરસ મજાના કનૈયા



કુંવર જેવા દીકરાને જન્મ આપ્યો.

એ રાતે મધરાત થઈ અને એવરતમા આવ્યાં. કહે, "અરે વહુ! છોકરો ઘોડિયામાં સૂતો હતો, તે ક્યાં ગયો?"

વહુએ જવાબ આપ્યો : "મને ખબર નથી."

સાસુને વહેમ ગયો કે 'વહુ એકલી જંગલમાં રહેલી અને પોતાના મરી ગયેલા પતિને સજીવન કરેલો, માટે નક્કી એના કોઈ કારસ્તાન હોવાં જોઈએ!'

છોકરો ગુમ થયાના સમાચાર આખા ગામમાં ફેલાઈ ગયા અને હાહાકાર વર્તાઈ ગયો.

થોડા વખતમાં એ વાત ભુલાઈ ગઈ અને વહુને બીજી વાર મહિના રહ્યા. બીજી વાર વહુએ દીકરાને જન્મ આપ્યો અને એ જ રીતે જીવરતમા મધરાતે આવીને દીકરાને લઈ ગયાં.

સાસુને લાગ્યું કે બબ્બે વાર રાંડ-વહુ છોકરાં ખાઈ ગઈ. ત્રીજી વાર એવું બન્યું અને સાસુ તો લાકડી લઈને આખી રાત ચોકી કરતાં રહ્યાં.

જયામાએ સાસુને ઊંઘાડી દીધાં અને મધરાતે બાળકને લઈ ગયાં.

સવાર પડી અને પછી રોકકળ ચાલુ થઈ અને આ વાત સીધી રાજા પાસે ગઈ.

ચોથી વખત વહુએ દીકરાને જન્મ આપ્યો.

આ વખતે તો રાજા પોતે ઉઘાડી તલવારે ઘોડિયા પાસે બેઠો અને ચોકી કરવા લાગ્યો.

મધરાત થઈ અને વિજયામા આવ્યાં.

દર વખતની જેમ રાજાને પણ વિજયામાએ ઊંઘાડી દીધો અને બાળકને લઈને ચાલતાં થયાં.

સવારે રાજાએ ઊઠીને ઘોડિયામાં જોયું તો છોકરો ન મળે!

સાસુએ તો માથું ને પેટ બેય કૂટવા માંડ્યાં અને કહેવા લાગ્યાં : ‘‘રાંડ ચૂડેલ! મારા ચાર-ચાર દીકરા ખાઈ ગઈ તોય તુ ધરાઈ નહિ?’’

પણ વહુ બિચારી શું બોલે?

પાંચમી વખત વહુને દહાડા રહ્યા અને આ વખતે દીકરી આવી. દીકરી જીવતી રહી. દીકરીને કોઈ લઈ ગયું નહિ.

એટલે વહુ કહે : ‘‘બા ! મારે ગોરાણી જમાડવી છે! આજે મારું વ્રત પૂરું થયું છે.’’

આ સાંભળી સાસુ તો ગુસ્સે થઈ ગયાં. સાસુ કહે, ‘‘તને ફાવે તેમ કર, મને કાંઈ પૂછીશ નહિ.’’

અને વહુએ વ્રતનું ઉજવણું કર્યું. વહુ તો સવારમાં ઊઠીને નાહી-ધોઈને મંદિરમાં ગઈ, ચારેય દેવીઓને ચાંદલા કર્યા અને પછી બોલી :

‘‘હે એવરતમા ! હે જીવરતમા! જયામા! વિજયામા!



ચારેય બહેનો ગોરાણી થઈને મારે ત્યાં જમાવ આવજો.’’

અને ચારેય માતાજી જમવા આવ્યાં. માતાજી જમવા બેઠાં! એ વખતે પેલી છોકરી ઘોડિયામાં રડી.

એટલે માતાજીએ પૂછ્યું : ‘‘દીકરી! કેમ રડે છે?’’

‘‘સૌને બબ્બે ભાઈ અને મારે તો એકેય ભાઈ નહિ!’’

‘‘અરે બેટી ! તારે તો ચાર-ચાર ભાઈ છે. જો આ રહ્યા.’’ એમ કહી ચારેય માતાજીએ એક-એક ભાઈ પાછો આપ્યો.

ચારેય માતાજી ચારેય દીકરા આપીને પાછાં ગયાં, અને વહુને ચારેય દીકરા પાછા મળ્યા.

વહુએ સાસુને, સસરાને અને પોતાના પતિને માંડીને વાત કરી કે પોતાના પતિને બચાવવા માટે પોતે ચાર-ચાર દીકરાનો ભોગ આપ્યો હતો અને એ ચારેય દીકરા આજે પાછા મળ્યા છે, ત્યારે સૌ વહુના વખાણ કરવા માંડ્યા !

હે એવરતમા ! જીવરતમા, જયામા અને વિજયામા! તમે જે આ પરણેલી નવી વહુને ફળ્યાં એમ આ વ્રત કથા કરનારને અને સાંભળનારને સૌને ફળજો.

# ૧૪. યમની સામે

અશ્વપતિ નામનો એક રાજા !

આ રાજાને દોમ-દોમ સાહ્યબી, પણ એક જ વાતનું દુઃખ! અને તે એ કે એમને સંતાન નહોતું.

રાજાએ તો સંતાન પ્રાપ્ત કરવા માટે તપ શરૂ કર્યું.

એમણે તો સાવિત્રીદેવીની આરાધના કરવા માંડી.

રાજાએ તો આકરું તપ કર્યું, એટલે એમને સાવિત્રીદેવી પ્રસન્ન થયાં. સાવિત્રીદેવીએ કહ્યું :

"બોલ રાજન ! તારે શું જોઈએ છે?"

"માતાજી ! મારે બીજું તો કાંઈ જોઈતું નથી, મને એક દીકરો આપો એટલે બસ!"

"રાજા ! તારા નસીબમાં દીકરાનું સુખ લખેલું નથી. એટલે મેં તને વચન આપ્યું છે, તેથી દીકરાને બદલે દીકરી થશે. એનું



નામ તમે મારા નામ ઉપરથી સાવિત્રી પાડજો."

આમ કહીને માતાજી તો અંતર્ધ્યાન થઈ ગયાં.

થોડા વખત પછી રાણીને તો દિવસ રહ્યા અને સમય જતાં રાણીએ રૂડી કુંવરીને જન્મ આપ્યો.

અને માતાજીની સૂચના મુજબ આ કુંવરીનું નામ સાવિત્રી પાડ્યું.

સાવિત્રી પરી જેવી રૂપાળી. જાણે રૂપરૂપનો અવતાર!

સાવિત્રી તો મોટી થવા લાગી. રાત્રે ન વધે એટલી દિવસે વધે અને દિવસે ન વધે એટલે રાત્રે વધે.

એમ કરતાં કરતાં તો ઉંમરલાયક થઈ ગઈ.

રાજાએ તો એને ભણાવી, ગણાવી અને બધી વિદ્યામાં પારંગત બનાવી.

સમય જતાં રાજકુમારો એને જોવા માટે આવવા લાગ્યા, પણ સૌ એની આગળ વામણા લાગવા માંડ્યા, એટલે કોઈ હા પાડતું નથી.

એવામાં નારદજી એક દિવસ ત્યાં આગળ આવી ચડ્યા. રાજાએ એમનું ભાવભીનું સ્વાગત કર્યું અને પછી રાજા કહે :

"પધારો મુનિવર ! આપે તો મને પાવન કર્યો. આપ આજ્ઞા ફરમાવો."

નારદજી કહે : "મહારાજ ! આપ રાજકુંવરીને પરણાવતાં

કેમ નથી?''

''રાજકુંવરીને અનુકૂળ આવે એવો રાજકુમાર કોઈ મળે એટલે એને પરણાવીએ ને!''

એવામાં સાવિત્રી ત્યાં આવી પહોંચી. એટલે નારદજીએ સાવિત્રીને પૂછ્યું : ''સાવિત્રી ! તને કોઈ રાજકુમાર પસંદ પડ્યો છે કે નહિ?''

''ભગવાન ! ધુમત્સેનનું રાજ તેના દુશ્મનોએ પડાવી લીધું. આથી તે જંગલમાં આશ્રમ બાંધીને રહે છે. તે અને તેના પત્ની અંધ છે. એમને સત્યવાન નામનો એક પુત્ર છે. હું એને મનથી વરી ચૂકી છું.''

સાવિત્રીી આ વાત સાંભળ્યા પછી નારદજીને કાંઈ જ બોલવાપણું જ રહ્યું નહિ. પણ થોડીવાર વિચાર કરી એ બોલ્યા : ''સાવિત્રી ! તે પસંદગી તો સારી કરી છે. સત્યાવન ખરેખર રૂપ અને ગુણનો ભંડાર છે. પરંતુ...''

''પરંતુ શું?''

''પરંતુ એનું આયુષ્ય ખૂબ જ ટૂંકું છે. માત્ર એક જ વરસનું એનું આયુષ્ય છે.''

આ સાંભળીને રાજાની ઉપર તો જાણે દુઃખના ડુંગરા તૂટી પડ્યા. રાજાએ અને રાણીએ સાવિત્રીને બીજો પતિ પસંદ કરવા માટે વિનંતી કરી, ખૂબ ખૂબ સમજાવી. પરંતુ સાવિત્રી ન માની



તે જ માની.

હવે તો રાજા પણ સાવિત્રીને સમજાવી સમજાવીને થાકી ગયા અને નારદજીની પણ ધીરજ ખૂટી ગઈ, એટલે નારદજી રાજાની રજા લઈને ચાલતા થયા.

ને રાજા તો જંગલમાં આવેલા ધુમ્ત્સેનના આશ્રમે ગયા.

ધુમત્સેન એક ઝાડ નીચે બેઠા છે. રાજા અશ્વપતિ એમને પ્રણામ કરીને એમની પાસે બેઠા.

પણ રાજા ધુમત્સેન તો અંધ હતા. એટલે એ તો જોઈ શકે એમ હતું જ નહિ.

રાજા અશ્વપતિએ સાવિત્રીના સગપણની વાત રાજા ધુમત્સેનને કરી. આ વાત સાંભળીને અંધ રાજા ધુમત્સેનને તો ભારે નવાઈ લાગી.

ધુમત્સેન કહે : ''રાજા અશ્વપતિ ! આપ જાણો છો કે હું તો વૃદ્ધ અને અંધ છું. વળી હું તો રાજ્ય વગરનો રાજા છું. હું અને મારો દીકરો સત્યવાન બંને જણા આ જંગલમાં આશ્રમ બાંધીને રહીએ છીએ. તમારી દીકરી તો રાજકુમારી છે. એ હાથ કરીને આ જંગલનાં દુઃખો શા માટે સહન કરવા તૈયાર થઈ છે?''

''મહારાજ! સાવિત્રી પોતાની બાબતમાં અડગ છે.''

''તો ભલે ! એની પાછળ પણ ઈશ્વરનો કોઈ શુભ આશય હશે. આપ જરૂર આ લગ્ન કરો. મને મંજૂર છે.''

અને સાવિત્રીનાં લગ્ન ધામધૂમથી સત્યવાન સાથે કરવામાં આવ્યાં.

કન્યાદાનમાં સાવિત્રીને એના પિતાએ ઘણી ચીજવસ્તુઓ આપી અને ધન પણ પુષ્કળ આપ્યું.

આ આશ્રમમાં સત્યવાન, તેના પિતા અને સાવિત્રી બધાં રહેવાં લાગ્યાં.

નારદમુનિ કહી ગયા હતા એટલે સાવિત્રીએ વટ સાવિત્રીનું વ્રત શરૂ કર્યું. આ વ્રત ત્રણ દિવસ ચાલ્યું અને ચોથે દિવસે પૂરું થયું.

નારદમુનિના કહેવા પ્રમાણે સત્યવાનના મૃત્યુ આડા હવે ત્રણ દિવસ બાકી રહ્યા હતા.

જેમ જેમ સત્યવાનની મૃત્યુની ઘડી નજીક આવવા લાગી તેમ તેમ સાવિત્રી વધુને વધુ અડગ થવા લાગી.

અંતે ચોથો અને છેલ્લો દિવસ આવી પહોંચ્યો. એ દિવસે સાવિત્રીએ સાવિત્રીદેવીનું ધ્યાન ધર્યું. પછી બંને જણા તૈયાર થયાં.

ખભે કુહાડી લઈ વનમાં લાકડાં કાપવા માટે સત્યવાન ને સાવિત્રી આશ્રમ છોડીને રવાના થયાં.

પોતે જાણતી હતી કે આજે પોતાનાં સ્વામીનું મોત છે, એટલે તે સત્યવાનને જરાય અળગો મૂકવા ઈચ્છતી નહોતી.



બાકી એને કહી શકાય એમ તો હતું જ નહિ.

સત્યવાન અને સાવિત્રી લાકડાં કાપવા માટે સૂકા ઝાડનું ઠૂંઠું શોધવા જંગલમાં આમતેમ ખૂબ ફર્યાં પણ કશું મળ્યું નહિ, એટલે થાક ખાવા માટે એક ઝાડ નીચે બેઠાં.

થોડીવાર પછી તેઓ ઊભાં થયાં અને નજીકમાં આવેલા એક ઠૂંઠા ઝાડ ઉપર સત્યવાન કુહાડો ઉગામવા ગયો ત્યાં એને આંખે અંધારા આવવા લાગ્યા, એ એકદમ ધ્રુજવા લાગ્યો અને નીચે પડી ગયો.

સાવિત્રી સત્યવાનનું માથું ખોળામાં લઈને બેઠી અને એના માથા ઉપર હાથ ફેરવવા લાગી.

એવામાં બીક લાગે એવા બિહામણા યમરાજા ત્યાં આવી ચડ્યા.

સાવિત્રી કહે : ‘‘આપ કોણ?’’

‘‘હું યમરાજા છું.’’

‘‘શા માટે આવ્યા છો?’’

‘‘તારા પતિનો જીવ લેવા.’’

‘‘સાંભળ્યું છે કે મૃત્યુલોકમાં માનવીનો જીવ લેવા માટે તો આપના દૂતો આવે છે, પછી આપ જાતે કેમ આવ્યા?’’

‘‘સત્યવાન સાચો અને સદાચારી પુરુષ છે. એના પ્રાણ દૂત હરી શકે નહિ માટે.’’

આમ કહી યમરાજાએ સત્યવાનના પ્રાણ હરી લીધા અને યમરાજા ચાલવા લાગ્યા.

સાવિત્રીએ સત્યવાનનું શબ નીચે મૂક્યું અનને વિલાપ કરતી કરતી યમરાજાની પાછળ પાછળ જવા લાગી.

યમરાજા કહે : “બેટી! તું વિલાપ કરતી કરતી શા માટે પાછળ આવે છે? તું પાછી જા! માનવીની હદ પૂરી થઈ ગઈ.”

“યમરાજા ! મારી શ્રદ્ધા અને સંકલ્પ બંને અડગ છે. જ્યાં મારા પતિ ત્યાં હું. સાત ડગલાં સાથે ચાલનારને મિત્રનો અધિકાર મળે છે, હું તો આપની સાથે ઘણાં ડગલાં ચાલી છું, એટલે આપ મારા મિત્ર બન્યા છો. મારો પતિવ્રતા ધર્મ પાળતા આપ મને કઈ રીતે રોકી શકશો?”

આ સાંભળી યમરાજા તો થીજી ગયા.

યમરાજા કહે : “બેટી ! તારા પતિના જીવન સિવાય ગમે તે વરદાન માગી લે!”

“મારા સસરાનો અંધાપો દૂર કરો અને સૂર્ય જેવી તેજસ્વી આંખો આપો.”

“તથાસ્તુ ! પણ હવે પાછી વળ!”

“શા માટે? મારે તો મારા પતિ સાથે ચાલવું છે.”

“બેટી ! તારી વાણી, નમ્રતા અને ધર્મથી હું મુગ્ધ બન્યો છું, માટે સત્યવાનના જીવન સિવાય બીજું જે માગવું હોય તે



માગી લે.”

“મારા સસરાનું ગયેલું રાજ્ય પાછું અપાવો અને મારા સ્વામી આપના ધર્મને લીધે મારો ત્યાગ ન કરે એવું વરદાન આપો.”

“તથાસ્તુ ! પણ હવે પાછી જા.”

“આપ તો સૌને નિયમમાં રાખો છો અને મને શા માટે નિયમ વિરુદ્ધ જવાનું કહો છો? શું મારા પતિ સાથે આવવાનો મારો નિયમ નથી?”

“સાવિત્રી ! તારી તર્કબુદ્ધિ વાણીએ તો મને જ વચનથી બાંધી લીધો છે. તારા પતિના જીવન સિવાય ગમે તે માગી લે!”

“મારા પિતા અશ્વપતિ છે. એમને એકેય પુત્ર નથી. મને સો પુત્ર થાય એવું વરદાન આપો.”

“તથાસ્તુ ! પણ હવે પાછી વળ!”

“પણ યમરાજા ! હું કેવી રીતે પાછી વળું? મારા પતિ વગર મને સો પુત્ર કેવી રીતે થાય અને સતી સ્ત્રીને તો એક જ પતિ હોય છે.”

“સાવિત્રી ! તેં તો ખરેખર ! તારી બુદ્ધિચાતુરી અને તર્કયુક્ત વાણીથી મને હરાવ્યો છે. તથાસ્તુ! જા, તને તારો પતિ પાછો આપું છું. અને એને ચારસો વરસનું આયુષ્ય પણ આપું છું.”

આમ યમરાજા ખાલી હાથે પાછા ગયા.

સત્યવાન જીવતો થયો ને સાવિત્રી સુખી થઈ ગઈ.

વટસાવિત્રીનું વ્રત સાવિત્રીને જેવું ફળ્યું તેવું સૌને ફળજો, આ કથા વાંચનારને અને સાંભળનારને સૌને.



# ૧૫. મંગળા

કુમારપાળ નામનો એક બ્રાહ્મણ !

આ બ્રાહ્મણે મંગળાગૌરીનું પૂજન કર્યું અને તેથી દેવી પ્રસન્ન થયાં. એટલે એમણે કહ્યું :

“હે બ્રાહ્મણ ! હું તારા ઉપર પ્રસન્ન થઈ છું, માટે માંગ, માંગ, માંગે તે આપું.”

કુમારપાળ કહે : “માતાજી ! મારે તો કશાની ખોટ નથી. માત્ર એક પુત્રની જ ઈચ્છા છે.”

“પણ ભાઈ ! તારા નસીબમાં સંતાનસુખ નથી.”

“ગમે એમ કરો માતાજી ! પણ જો મારી ઉપર પ્રસન્ન થયાં હો તો મને જરૂર એક સંતાન આપો.”

“જો ભાઈ ! અહીં મંદિરના ઓટલા પાસે આંબો છે. એની એક કેરી તોડી લે! તારાથી જો ન પહોંચાય તો ગણપતિની

ડૂંટીમાં પગ ભરાવીને કેરી તોડી લેજે.''

ઓટલા ઉપર જ ગણપતિની મૂર્તિ હતી.

કુમારપાળે એક કેરી તોડી, પણ એને લોભ લાગ્યો એટલે ગણપતિની ડૂંટીમાં પગ ભરાવીને બીજી બે કેરીઓ તોડી.

આથી ગણપતિ ગુસ્સે ભરાયા !

એમણે શાપ આપ્યો કે, ''જા કુમારપાળ ! માતાજીની આજ્ઞાથી તને પુત્ર તો થશે પણ સોળમે વરસે તે મૃત્યુ પામશે.'' અને તરત જ કુમારપાળના હાથમાંની બે કેરીઓ અદૃશ્ય થઈ ગઈ અને એક કેરી બાકી રહી ગઈ.

એટલે કુમારપાળ એક જ કેરી લઈને ઘેર આવ્યો અને પોતાની પત્નીને ખવડાવી. આથી થોડા વખતમાં જ એની પત્ની સગર્ભા બની, અને સમય થયો એટલે એક રૂપાળા બાળકને જન્મ આપ્યો.

આ બાળકનું નામ શંકર પાડ્યું.

શંકર દશ વરસનો થયો એટલે એને જનોઈ આપી. અને પછી એના મામા સાથે એને કાશીએ ભણવા મોકલ્યો.

તેઓ કાશીએ ભણવા જતા હતા ત્યાં રસ્તામાં એક ગામ આવ્યું. આ ગામને પાદરે ત્રણ-ચાર છોકરીઓ કૂવે પાણી ભરવા આવી અને ઝઘડતી હતી.

એમાં એક છોકરીએ રંભા નામની છોકરીને 'રાંડ' કહી



એટલે રંભા બોલી :

''તમે ભલે મને રાંડ કહો પણ હું રંડાવાની જ નથી. મારી બાએ મંગળાગૌરીનું વ્રત કર્યું છે, તેથી અમારા કુળમાં કોઈ વિધવા થવાનું નથી.''

શંકર અને તેના મામા આ વાત સાંભળી ગયા. મામાને થયું કે જો શંકરનાં લગ્ન આ રંભા સાથે કરવામાં આવે તો શંકર મૃત્યુ પામે નહિ.

એટલે શંકરના મામા રંભાની સાથે એને ઘેર ગયા અને પિતા પાસે શંકરના લગ્નની માગણી કરી. રંભાના પિતાએ હા પાડી, એટલે શંકર અને રંભાનાં લગ્ન થઈ ગયાં.

શંકરના મામાએ રંભાની બાને પૂછ્યું :

''તમે મંગળાગૌરીનું વ્રત કર્યું છે, તો એ વ્રતની વિધિ શું છે એ તો કહો?''

એટલે એમણે કહ્યું :

''આ વ્રત શ્રાવણ માસના બધા મંગળવારે કરવામાં આવે છે. દર મંગળવારે સવારે સ્નાન કરીને પાર્વતી મંગળાગૌરીની પૂજા કરવી. ઘઉંના લોટનું કોડિયું બનાવી તેમાં સૂતરના તારની દિવેટ મૂકવી, અને પછી ઘી પૂરીને દીવો કરવો. પછી બીલીપત્રો, પુષ્પ, જીરાના દાણા, ધરોનાં પાંદડાં, ધતુરાનાં પાન, અઘેડાનાં પાન - આ બધું સોળ સોળ લઈને માતાજીનું પૂજન કરવું અને

એકટાણું કરવું. પાંચ વરસ પૂરાં થાય એટલે ઉજવણું કરવું.

આમ વાતો કરીને સૌ સૂઈ ગયાં.

શંકર અને રંભા પણ એક ઓરડામાં સૂતાં હતાં. એવામાં રંભાને સ્વપ્નમાં મંગળાગૌરીએ આવીને કહ્યું :

"અરે રંભા ! તુ જલદી ઊઠ! તારા પતિને નાગ કરડવા માટે આવ્યો છે. એને ઝટ દૂધ આપી દે, એટલે દૂધ પીને એ ચાલ્યો જાય."

અને રંભા તો તરત જાગી ગઈ.

જોયું તો બારીમાંથી કાળો ભમ્મર જેવો એક નાગ ઓરડામાં આવતો દેખાયો. એણે તરત જ ઊઠીને નાગને દૂધ આપ્યું, એટલે એ તો દૂધ પીને ચાલ્યો ગયો. શંકર બચી ગયો.

સવારે શંકર ઊઠ્યો.

શંકર અને એના મામા શંકરના સાસુ-સસરાની રજા લઈને કાશીએ ગયા.

થોડા વરસમાં તે ભણીને પાછો આવ્યો.

વળતા તેઓ રંભાને પોતાની સાથે તેડતાં ગયાં.

આમ મંગળાગૌરીના વ્રતને કારણે શંકર બચી ગયો અને એનું આયુષ્ય વધી ગયું.

હે મંગળાગૌરી ! આપ જેવા રંભાને ફળ્યાં એવાં આ વ્રત કરનાર સૌને ફળજો.



# ૧૬. તુલસી

એક હતો બ્રાહ્મણ, બિચારો સાવ ગરીબ !

એને એક દીકરી.

આ દીકરીને ભગવાન ઉપર ભારે શ્રદ્ધા!

એણે ખૂબ જ ભક્તિભાવપૂર્વક ગાય અને તુલસીમાતાનું વ્રત કરવા માંડ્યું.

પરંતુ આ વ્રત પૂરું થાય એ પહેલાં તો એ માંદી પડી અને તરત જ મરણ પામી.

મરણ પામ્યા પછી એણે કોળીને ત્યાં જન્મ લીધો.

પોતાને ત્યાં આવી રૂપરૂપના અંબાર જેવી છોકરીનો જન્મ થયેલો જોઈને કોળી તો રાજી રાજી થઈ ગયો. એ તો ધીમે ધીમે મોટી થવા લાગી અને જેમ જેમ એ મોટી થવા લાગી તેમ તેમ તેનું રૂપ પણ ખીલવા માંડ્યું.

આવી રૂપાળી છોકરીને કોળી સારી રીતે ઉછેરવા લાગ્યો.

એમ કરતાં કરતાં છોકરી ચૌદ વરસની થઈ અને એનું રૂપ ઓર ખીલી ઊઠ્યું.

એવામાં રાજકુમાર એ કોળીની ઝૂંપડી આગળ ફરતો ફરતો આવી ચડ્યો.

એણે એ છોકરીને જોઈ અને એને થયું : આવા રંકને ઘેર આવું કિંમતી રતન ક્યાંથી પાક્યું?

કુંવર તો કોળીની ઝૂંપડીની પાસે ઊભો રહ્યો અને ઊભો ઉભો છોકરીને જોવા લાગ્યો.

ત્યાં કોળીએ ઝૂંપડીમાંથી રાજકુમારને જોયા.

એને લાગ્યું કે રાજકુમારને મારું કંઈક કામ હશે, એટલે એ બહાર આવ્યો અને બહાર આવીને પૂછવા લાગ્યો :

"બોલો રાજકુમાર ! મારે લાયક કંઈ કામ-સેવા હોય તો ફરમાવો."

આ સાંભળી રાજકુંવરે કહ્યું : "આ તમારી કન્યા રાજમહેલમાં શોભે એવી છે, એટલે એને મારી સાથે પરણાવો."

"પણ બાપુ ! ક્યાં અમે એક ગરીબ કોળી અને ક્યાં તમે ભવિષ્યના અમારા રાજા! તમારી વાત માન્યામાં આવતી નથી. તમે મારી મશ્કરી કરો છો!"

"હું મશ્કરી કરતો નથી, સાચું કહું છું."



"તો પછી સૂર્યનારાયણની સાક્ષીએ હું તમારાં લગ્ન કરાવી આપું."

"ભલે!"

અને કોળીએ પોતાની દીકરીનાં લગ્ન પોતાના ગામના રાજાના કુંવર સાથે કરાવી આપ્યાં.

કુંવર તો કોળીની છોકરીને લઈને રાજમહેલે ગયો.

ત્યાં જઈને એણે એનું નામ રાણી રાખ્યું.

આમ, તેઓ આનંદથી દિવસો પસાર કરવા લાગ્યાં.

એક દિવસની વાત છે.

આ રાણી તળાવને કાંઠે ફરવા ગઈ છે. ત્યાં આગળ કેટલીક સ્ત્રીઓ 'ગાય-તુલસીનું વ્રત' કરતી હતી.

આ જોઈ એને આગલા ભવનું અધૂરું વ્રત યાદ આવ્યું. પરંતુ એમાં શું વિધિ કરવી એ એને યાદ આવતી નહોતી.

આખરે એ પેલી સ્ત્રીઓ પાસે ગઈ અને એમની પાસે જઈને એની વિધિ પૂછી.

એટલે એ સ્ત્રીઓએ વિધિ વિશે કહેતાં કહ્યું :

"રાણીબા ! પહેલાં તો જાણે ત્રીસ સેરવાળો પીળા સૂતરનો દોરો લેવો જોઈએ, અને એને ત્રીસ ગાંઠો વાળવી જોઈએ."

પછી દોરો પોતાને ગળે બાંધવો જોઈએ. ત્યાર બાદ ગાય-તુલસીમાનું સ્મરણ કરીને ગાય-તુલસીની વાર્તા કહેવી. આ વાર્તા

કોઈ સાંભળનાર ન હોય તો તુલસીક્યારે ઘીનો દીવો મૂકીને તુલસીમાતાને વાત કહેવી. ગાયને પણ વાર્તા કહી શકાય. એ દિવસે લીલી વસ્તુ ખાવી નહિ અને પહેરવી-ઓઢવી પણ નહિ.''

અને રાણી એ આ વ્રત શરૂ કર્યું.

પણ રાણીની સાસુને આ ન ગમ્યું. એણે એનું વ્રત તોડાવવા માટે એને લીલા રંગનાં કપડાં પહેરવાં માટે મોકલ્યાં. ભોજનમાંપણ લીલા રંગનું ટીંડોરાનું શાક બનાવવા માટે હુકમ કર્યો અને રાણીના ભાણામાં એ જ ટીંડોરાનું શાક પીરસ્યું.

પણ રાણી તો ચતુર હતી.

એને વ્રત વધારે વહાલું હતું. એ કંઈ એની સાસુથી ગાંજી જાય એમ નહોતી.

એણે તો લીલું શાક જમીનમાં દાટી દીધું અને લીલાં કપડાં પટારો ઉઘાડીને એમાં મૂકી દીધાં. એણે તો બીજાં કપડાં પહેર્યાં અને છાશની સાથે રોટલો ખાઈને એ તો ઊભી થઈ ગઈ.

એટલે આ રાણીને તો ગાય-તુલસીનાં વ્રત ફળ્યાં.

રાણીને ચડતા દિવસ થયા અને પાંચ મહિના થયા એટલે રાણીએ તો એની સાસુને સમાચાર આપ્યા.

આથી રાણીની સાસુએ તો રક્ષા બાંધી, પણ એ રાખડી એણે કચવાતે મને બાંધી.

સાત મહિના થયા એટલે રાણીએ એની સાસુને ખોળો



ભરવાનું કહ્યું. એટલે સાસુ બબડી :

“કોળીની છોકરી મારા ઘરમાં રાણી થઈને બેઠી છે. એને વળી ખોળો ભરવાના ઉમળકા શાના? અમારે ખોળો ભરવા હોય તો ભરીએ અને ના ભરવો હોય તો ના પણ ભરીએ. ''

છતાં પણ સાસુએ સમાજથી ડરીને કચવાતે મને શ્રીફળ અને ચોખા ખોળામાં નાખી ખોળો ભર્યો.

નવ માસ અને નવ દિવસ થયા અને રાણીને સરસ મજાનો દીકરો અવતર્યો.

સાસુને તો આ ન ગમ્યું.

પણ સાથે સાથે રાણીને છ શોક્યો હતી, એમને પણ ન ગમ્યું. એમને તો રાણીનો આ રૂડો રૂપાળો છોકરો જોઈને ઈર્ષ્યા થવા લાગી.

અને સાસુએ એક દાસી મારફત રાજાને શું સમાચાર મોકલ્યા ખબર છે? સાસુએ સમાચાર મોકલ્યા કે રાણીને તો સૂંથિયું અવતર્યું છે.

રાજા કહે : “હશે! જેવી મારા વહાલાની મરજી.”

રાજા બીજું કહે પણ શું!

સાસુએ તો અદેખાઈને લીધે એક દાસી મારફત છોકરાને ચોરીને મંગાવ્યો. છોકરાને લઈને એને તો પહાડ ઉપર મોકલી અને પહાડ ઉપરથી નીચે ગબડાવી મુકાવ્યો.

પરંતુ જેને રામ રાખે એને કોણ ચાખે?

પહાડ ઉપરથી નીચે ગબડાવી મુકેલા છોકરાની રખવાળી તો ગાયમાતાએ અને તુલસીમાતાએ કરી.

છોકરો પહાડ ઉપરથી ગબડીને સીધો નીચે ઊગેલા ઘાસમાં પડ્યો. એક સુથારની છોકરી ત્યાં વ્રત કરવા આવેલી, તેણે તેને ઊંચકી લીધી.

એ તો છોકરાને પોતાને ઘેર લઈ ગઈ.

ઘેર લઈ જઈને એની માને કહેવા લાગી : "મા! મા! જો, હું મારે માટે એક નાનકડો ભાઈ લાવી."

"ભાઈ વળી કેવો? કોનો છોકરો તું ઉપાડી લાવી છો? મારે તો કોઈનો છોકરો ન જોઈએ."

"બા ! ભાઈ તો મને ગાયમાતા અને તુલસીમાતાએ આપ્યો છે. હું પહાડની તળેટીમાં વ્રત કરવા ગઈ હતી, ત્યાંથી મને મળ્યો છે. મારે ભાઈ નથી, એટલે હું તો એને રમાડીશ અને રાખીશ."

છોકરીની માને તો આ છોકરા ઉપર હેત આવ્યું.

એ તો છોકરાને રમાડવા પાછળ ગાંડી-ઘેલી થઈ ગઈ. એને તો પોતાનો સગો દીકરો હોય એટલું હેત આવવા લાગ્યું. સુથાર પણ એને સવારે રમાડીને કામે જાય અને સાંજે પણ કામેથી આવીને એને રમાડે.



ધીમે ધીમે છોકરો મોટો થવા માંડ્યો.

અને કાલી કાલી ભાષા પણ બોલવા માંડ્યો.

પેલો સુથાર તો એને લાકડાનાં અવનવાં રમકડાં બનાવ આપે છે અને એનાથી એ રમે છે.

સુથારે એક લાકડાનો ઘોડો બનાવી આપેલો.

એને દોરી બાંધીને એ છોકરો ઘોડાને તળાવે પાણી પીવા લઈ ગયો. ત્યાં રાજાની છએ રાણીઓ બેઠી હતી.

છોકરાએ ઘોડાને પાણીમાં નમાવીને કહેવા માંડ્યું :

"ચાલ ઘોડા ! પાણી પી!"

આ સાંભળીને રાણીઓ હસી પડી. એક રાણી કહે : "અલ્યા ! આવી અક્કલ વગરની વાત કેમ કરે છે? લાકડાનો ઘોડો તે કંઈ પાણી પીતો હશે?"

"જો લાકડાનો ઘોડો પાણી પીતો ન હોય તો શું રાજાની રાણીને સૂંથિયું અવતરતું હશે?"

આ સાંભળી રાણીઓ તો ગુસ્સે થઈ.

"રાણીઓએ તો પોતાના રાજમહેલમાં જઈને રાજાને ફરિયાદ કરી કે સુથારને છોકરો અમને મેણાં આપે છે. એટલે અમારે તો આ ગામમાં રહેવું નથી."

આથી રાજાએ સિપાઈઓને હુકમ કર્યો કે જાઓ. સુથારના છોકરાને પકડી લાવો.

રાજાના સિપાઈઓ તો તરત દોડ્યા અને સુથારના છોકરાને પકડી લાવ્યા અને રાજમહેલના એક જુદા ઓરડામાં પૂરી દીધો.

એ દિવસે રાજમહેલમાં જમણવાર હતો, એટલે સુથારના છોકરાને ઓરડામાંથી બહાર કાઢ્યો અને એને પીરસવાનું કામ સોંપ્યું.

રસોડામાં હારબંધ પાટલા નંખાયા. એની ઉપર છ રાણીઓ જમવા બેસી ગઈ અને સાતમી કોળણ રાણીને સાસુએ જરા દૂર બેસાડી.

રાજા પણ રાણીઓ સાથે જમવા બેસી ગયો.

પેલો છોકરો પીરસતો પીરસતો કોળણ રાણી પાસે આવ્યો. એ તો એની મા હતી, એટલે દીકરાને જોઈને જ કુદરતી રીતે એને વહાલ આવ્યું. એના કમખાની કસ તૂટી અને ધાવણની સેર છૂટી. એ સેર વાંકા વળીને પીરસતા પેલા છોકરાના મોઢામાં જઈને પડી.

આ જોઈને રાજાને નવાઈ લાગી.

રાણી ઊભી થઈ અને પેલા છોકરાને ભેટી પડી અને કહેવા લાગી :

''આખરે ગાય અને તુલસીમાતાએ આપણને મા-દીકરાને ભેગાં કરી આપ્યાં ખરાં.''



અને રાજાને છએ રાણીઓની કપટની ગંધ આવી ગઈ. રાણીઓએ પણ પોતાની ભૂલ કબૂલ કરી.

એવામાં સુથારની છોકરી આવીને રાજાને કહેવા લાગી :

''મને મારો ભાઈ પાછો આપો.''

રાજા કહે : ''બેટી ! તને તારો આ ભાઈ ક્યાંથી મળ્યો હતો?''

એટલે પેલી છોકરીએ માંડીને બધી વાત કરી.

અને સુથારની છોકરી પાસે ગાય-તુલસીમાતાના વ્રતની વિગત જાણી.

આ પ્રમાણે છએ રાણીઓએ આ વ્રત કર્યું અને છએ રાણીઓને પુત્ર અવતર્યા.

સાસુના હરખનો પાર રહ્યો નહિ.

કોળણ રાણીના માન વધી ગયાં.

હે ગાયમાતા ! હે તુલસીમાતા! તમે જેવાં આ રાણીને ફળ્યાં એવાં સૌને ફળજો.

## ૧૭. ફૂલ કાજળી

શ્રાવણ સુદ ત્રીજ!

એટલે કે શ્રાવણ માસની પહેલી ત્રીજ!

આ દિવસે આ વ્રત લેવામાં આવે છે અને ખાસ કરીને આ વ્રત કુંવારી કન્યાઓ લે છે. આ દિવસે વ્રત કરનાર કન્યા વહેલી ઊઠે છે અને સવારે નાહી-ધોઈ તૈયાર થાય છે.

એ દિવસે કન્યા નકોરડો ઉપવાસ કરે છે અને પાણી પણ બને ત્યાં સુધી પીતી નથી. તેમ છતાં પણ જો પાણી પીવું હોય તો ફૂલ સૂંઘીને પાણી પીએ છે.

ત્યાર પછી શંકર ભગવાનના મંદિરે જાય છે અને ત્યાં આગળ શંકર ભગવાનનું પૂજન કરે છે. પછી જ્યારે દિવસ આથમે ત્યારે ગાયો ઘેર આવે છે ત્યારે સાંજે ગાયનું પૂજન કરે છે અને ગાયનું પૂજન કર્યા પછી જ એ જમે છે.



એ દિવસે વ્રત કરનાર આખી રાત જાગરણ કરે છે અને ઘરના બીજા માણસો તેને જાગરણ કરવામાં મદદ કરે છે.

શ્રાવણ મહિનો આવ્યો !

એ મહિનાની અંધારી ત્રીજ.

એ દિવસે કુંવારી કન્યાઓ આ વ્રત કરે છે.

આ વ્રત દરમિયાન કન્યા ડાંગર લઈને દર વરસે ડાંગરના હજાર દાણા ફોલે છે.

# ૧૮. ઓખા

ફરતાં ફરતાં પાર્વતીજીએ કહ્યું : "તમારાં વગર આ નિર્જન પર્વત ઉપર હું એકલી કેવી રીતે રહીશ?"

"જુઓ દેવી ! મારું વરદાન છે કે તમોને જ્યારે એકલું લાગે અને તમે ઈચ્છા કરશો ત્યારે મારું સ્મરણ કરજો એટલે તમારે બે પુત્રો થશે."

આમ કહીને શંકર ભગવાન તો ચાલ્યા ગયા.

પાર્વતીજીને એકલું લાગવા માંડ્યુ એટલે એમણે તો શંકર ભગવાનનું સ્મરણ કરીને જમણા અંગ ઉપર ચંદન લેપમાંથી ગણપતિ અને ડાબા અંગના ચંદન લેપમાંથી ઓખાને ઉત્પન્ન કર્યાં.

બંને ભાઈ-બહેન રમવા લાગ્યાં અને રમતાં રમતાં મોટાં થવાં લાગ્યાં.



એક વખતની વાત છે.

પાર્વતીજી ઓરડામાં સ્નાન કરવા ગયાં અને ગણપતિ તથા ઓખાને બારણામાં ચોકી કરવા મૂક્યાં.

આ બાજુ શંકર ભગવાન તપ કરતા હતા ત્યાં નારદજી આવી ચડ્યા. આવીને કહ્યું :

"અરે મહાદેવજી ! તમે તો સાવ ભોળાં છો. તમે તો અહીં તપ કરો છો ને ઘેર પાર્વતીજીને બે બાળકો થયાં."

આ સાંભળી શંકર ભગવાન ગુસ્સે થયા, એટલે ધૂંવાપૂંવા થતા ઘેર પહોંચ્યા.

ત્યારે ગણપતિ અને ઓખા ઓરડાની બહાર ચોકી કરતાં હતાં અને પાર્વતી અંદર સ્નાન કરતાં હતાં.

શંકર ભગવાનનો આવો વિચિત્ર વેશ જોઈને ગણપતિએ એમને ઘરમાં જતા રોક્યા.

આથી શંકર ગુસ્સે થયા અને ત્રિશૂળ વડે ગણપતિનું માથું ઉડાવી દીધું.

એવામાં પાર્વતીજી સ્નાન કરીને બહાર આવ્યાં. એટલે શંકર ભગવાને કહ્યું : "જુઓ, આ તમારા પાપનું પરિણામ!"

અને ગણપતિનું શબ જોઈને પાર્વતીજી હૈયાફાટ રુદન કરવા લાગ્યાં, એટલે શંકર ભગવાન બોલ્યા :

"મારી ગેરહાજરીમાં તમે આ સંતાનો શી રીતે ઉત્પન્ન

કર્યાં?''

આ સાંભળી પાર્વતીજી બોલ્યાં :

''તમે આજ્ઞા આપીને નહોતા ગયા કે એકલું લાગે તો બે સંતાનો ઉત્પન્ન કરી લેજો?''

તરત જ શંકર ભગવાનને પોતાની ભૂલ સમજાઈ ગઈ. એ તો તરત જ દોડ્યા. સામે હાથી મળ્યો, એટલે એનું માથું કાપી લાવ્યા્ ને ગણપતિના ધડ ઉપર મૂકીને એમને સજીવન કર્યા અને પાર્વતીજીને કહ્યું :

''આખા બ્રહ્માંડમાં ગણપતિનું પૂજન થશે અને એમની ગેરહાજરીમાં કોઈ શુભ કાર્ય નહિ થાય.''

આ આખો બનાવ જોઈ ઓખા તો ગભરાઈ ગઈ અને કોઠી પાછળ સંતાઈ ગઈ. ત્યાં ઊભી ઊભી એ તો ધ્રૂજતી હતી. આથી પાર્વતીજીએ એને શોધી કાઢી અને શાપ આપ્યો :

''તારો જીવ બચાવ્યો અને ભાઈને મરવા દીધો, તેથી તને શાપ આપું છું કે તારું શરીર મીઠામાં મળી જજો, અને તારો બીજો જન્મ રાક્ષસ કુળમાં થજો.'' પણ પછી એમને પસ્તાવો થયો અને કહ્યું : ''પણ તારાં લગ્ન કોઈ દેવ સાથે થશે. તારો મહિમા ચૈત્ર માસમાં ગવાશે અને આ માસમાં જે કોઈ મીઠા વગરનું ખાશે એને અખંડ સૌભાગ્ય પ્રાપ્ત થશે.''

અને ખરેખર એમ જ બન્યું.



આ વ્રતના પ્રભાવે ઓખાના લગ્ન અનિરુદ્ધ સાથે થયાં! આ વ્રત કરનારને ઓખાની જેમ વ્રત ફળજો!

# ૧૯. વાલિયો

વાલિયો એનું નામ.

લૂંટફાટ કરવાનું કામ.

જંગલમાં રહે. આવતા જતા લોકોને લૂંટી લે. જે કંઈ મળે તેનાથી કુટુંબનું ભરણપોષણ કરે.

લોકો એને વાલિયો લૂંટારો કહે.

વાલિયો એટલે વાલિયો.

જબરો લૂંટારો. કોઈ મુસાફર જતો હોય તો ગડગડતી દોટ મૂકીને પકડી પાડે. સિંહની જેમ ગર્જના કરે. વાઘની જેમ તરાપ મારે.

જંગલમાં એની હાક વાગે. એ જંગલમાંથી કોઈ પસાર ન થાય. ગામડાવાળા એનું નામ સાંભળીને ધ્રૂજે.

એક વખત નારદજી નીકળ્યા.



નારદજીને એ જંગલમાંથી પસાર થવાનું લોકોએ કહ્યું :

''નારદજી ! એ રસ્તે જાનનું જોખમ છે. જંગલમાં વાલિયો લુંટારો રહે છે. કોઈ જીવતો આવતો નથી. માટે એ રસ્તેથી ના જશો.''

લોકોએ ખૂબ સમજાવ્યા. પણ આ તો નારદ. આકાશ પાતાળ અને પૃથ્વી પર ફરનારા. એમને વળી વાલિયાની શી બીક? વાલિયા જેવા કંઈકને સીધા કરી નાખે.

એ તો ઉપડ્યા.

એ જ જંગલમાં આવ્યા.

વાઘ અને સિંહની ગર્જનાઓ સંભળાય. સાપ અને નાગનાં ફૂંફાડાં સંભળાય. પણ નારદજીને કોની બીક? એ તો નારાયણ, નારાયણ બોલતા ચાલ્યા જાય.

પણ એકદમ આ શું થયું? આકાશમાં ધૂળની ડમરીઓ ચડી. પ્રાણીઓ ડરી ડરીને ભાગવા માંડ્યાં. નારદની સામે આ કોણ આવ્યું? આ તો પહાડ જેવડો માણસ છે.

નારદ તો ઊભા રહ્યા. પેલાએ ગર્જના કરી.

'એ બામણ કોણ છે? ક્યાંથી આવ્યો છે?'

નારદે શાન્તિથી કહ્યું :

'હું નારદ છું. વિષ્ણુ ભગવાનનો ભક્ત છું. પણ તમે કોણ છો?'

જવાબમાં વાલિયો ખડખડાટ હસી પડ્યો.

'અલ્યા બ્રાહ્મણ ! તું મને પૂછે છે કે હું કોણ છું? મને કોણ નથી ઓળખતું? આ ઝાડને જીભ હોત તો એ પણ બોલત. તું સ્વર્ગમાંથી આવે છે, એટલે નહીં જાણતો હોય. મારું નામ છે વાલિયો લુંટારો.'

'વાહ! સરસ નામ છે! ધંધો શું કરો છો?' નારદે મીઠી વાણીમાં પૂછ્યું.

'ધંધો તો હમણાં જ ખબર પડશે. ચાલ, આપી દે તારી પોટલી.' વાલિયો લાલ આંખ કરીને બોલ્યો.

નારદ દુઃખી થઈ ગયા.

'અરેરે! તમારા જેવા સારા માણસ આવો ધંધો કરે? મને તારો ધંધો ન ગમ્યો. ઠીક છે. લો આ પોટલી અને આ વીણા.' એમ કહીને નારદે વીણા અને પોટલી નીચે મૂક્યાં.

વાલિયો પોટલી લેવા નીચે વળ્યો. પણ નારદના શબ્દો સાંભળી અટકી ગયો. તે બોલ્યા વિના ના રહ્યો.

'તું તો ભીખ માગીને પણ પેટ ભરે. મારે તો પેટ ભરવા માટે આ ધંધો જ સારો છે. વાલિયો બોલ્યો.'

'આ પાપી ધંધો છે. તમે ભયાનક નર્કમાં પડશો.' નારદે કહ્યું.

'તારી વાત તો સાચી. મારો ધંધો પાપી છે જ. પણ એ



પાપ મને એકલાને નથી લાગવાનું. મારાં મા-બાપ, બૈરી-છોકરાં બધાં જ લુંટનો માલ ખાય છે. એમની પણ ભાગીદારી ગણાય ને?'

નારદે તેને સમજાવ્યો :

'જુઓ ભાઈ ! પાપ તો જે કરે તે ભોગવે. કોઈનું પાપ કોઈ લે નહીં. કોઈ દિવસ ઘરમાં પૂછ્યું છે?'

'ના, પૂછ્યું તો નથી. પૂછી આવું?'

વાલિયે દોડવા માટે પગ ઉપાડ્યો, પણ અટકી ગયો. તેને શંકા ગઈ : 'તું નાસી જાય તો?'

'તું પૂછી આવ. હું નહીં નાસી જાઉં. છતાં તને વિશ્વાસ ના આવે તો મને ઝાડ સાથે બાંધીને જા.' નારદે કહ્યું.

'એ વાત ખરી !' એમ કહીને વાલિયાએ નારદને ઝાડ સાથે બાંધી દીધા.

પછી દોડ્યો. સીધો આવ્યો ઘેર.

પહેલાં માબાપને મળ્યો. તેમને પૂછ્યું :

'હું લુંટફાટ કરીને તમને ખવડાવું છું. લુંટફાટ કરવી એ પાપ છે. તમારે માટે હું પાપ કરુ છું. એ પાપમાં તમે પણ ભાગીદાર ખરાં ને?'

માબાપે ચોખ્ખી ના પાડી.

'દીકરા મારા ! તું નાનો હતો. ત્યારે અમે તારું પેટ ભર્યું.

હવે તું અમારું પેટ ભર. તું ગમે તે ધંધો કરે. અમારે શી લેવાદેવા? માટે અમે પાપમાં ભાગીદાર નહીં.'

પછી વાલિયાએ પત્નીને પૂછ્યું :

'તું મારા પાપમાં ભાગીદાર ખરીને?'

'સ્વામીનાથ! હું પાપ કરવાનું કહેતી નથી. ધણીનું કામ કમાવાનું, મારું કામ ખવડાવવાનું. કમાણી માટે તમે જે પાપ કરો તે તમારું. હું એમાં ભાગીદાર નહીં.'

હવે છોકરાં બાકી રહ્યાં. વાલિયે છોકરાંને પૂછ્યું :

'બેટા ! તમે મારા પાપમાં ભાગીદાર ખરાં?'

'બાપા ! અમે પાપમાં શું સમજીએ! તમે જે કામ કરો તેની જવાબદારી તમારી. અમારે લેવા દેવા નહીં.'

વાલિયાની આંખ ઊઘડી ગઈ. માબાપે પાપની ભાગીદારી ના લીધી. પત્નીએ પણ ના પાડી. છોકરાં બાજુ પર રહ્યાં.

'હું લાવું તે બધાં ખાય. પણ પાપ કોઈને સ્વીકારવું નથી. તો પછી મારે એકલાએ પાપ ભોગવવાનું ! હું શા માટે પાપ કરું?'

વાલિયો દોડતો જંગલમાં આવ્યો : આવીને નારદના પગમાં પડ્યો : 'મહારાજ ! મને માફ કરો. મારી ભૂલ થઈ. મારે પાપ નથી કરવું. જેમને હું મારાં માનતો હતો તે બધાં સ્વાર્થી છે. આજથી હું મારો ધંધો છોડી દઉં છું.'



નારદ મરક મરક હસવા માંડ્યા.

'ભાઈ વાલિયા ! હવે તમે સમજ્યા. પણ મને છોડો તો ખરા.'

વાલિયાએ ઝટપટ દોરડું છોડી નાખ્યું.

નારદ છુટા થયા. મીઠું મીઠું હસતાં તેમણે વાલિયાને પૂછ્યું.

'શું કહ્યું ઘરવાળાંએ?'

'મહારાજ! એમની વાત ના પૂછશો. હવે મને રસ્તો બતાવો. હું આજથી લુંટફાટ કરવાનું બંધ કરું છું. પણ આજ સુધી મેં ઘણા પાપ કર્યાં છે. એ દૂર કરવાનો કોઈ ઉપાય છે?'

'ઉપાય તો છે, પણ તારાથી બનશે?'

'તમે કહેશો તે કરીશ. તમારા આશીર્વાદથી બધું થશે.'

'જો ત્યારે, આ ઝાડ નીચે બેસી જા. આંખ બંધ કરીને 'રામ રામ' બોલ્યા કર. હું કહું ત્યારે આંખ ખોલજે. ત્યાં સુધી એ કામ કર.'

વાલિયો તો બેસી ગયો.

'રામ, રામ' જપવા માંડ્યો ! રાત હોય કે દિવસ, ઉનાળો હોય કે ચોમાસું. તેનો જાપ ચાલુ જ રહ્યો.

ઘણા વર્ષો વીતી ગયાં.

નારદજી ફરીથી એ જંગલમાં આવ્યા. વાલિયાની આજુબાજુ રાફડો બની ગયેલો. નારદજીએ આજુબાજુ રાફડો

બની ગયેલો. નારદજીએ રાફડો દૂર કર્યો. વાલિયાને જગાડ્યો. વાલિયાએ ખૂબ તપ કર્યું.

હવે તે જ્ઞાની બની ગયો. હવે વાલિયો નામ સારું ન લાગે. તેથી નારદે તેનું નામ વાલ્મીકિ પાડ્યું.

રામાયણ આપણો મહાન ગ્રંથ છે.

એ ગ્રંથ વાલ્મીકિએ લખેલો. એ જ આ વાલિયો લુંટારો. નારદના કામ આવાં પણ હતાં.



# ૨૦. ફજેતી

નૈષેધ નામનો દેશ હતો.

ત્યાં નળ રાજા રાજ્ય કરે.

નારદજી ફરતાં ફરતાં નળ પાસે આવી પહોંચ્યા. નારદને મહેલમાં રાણી ન દેખાઈ. એમણે તો મીઠું મીઠું હસને કહી નાખ્યું :

'રાજા, કેમ પટરાણી દેખાતાં નથી? હજુ સુધી પરણ્યા નથી! કારણ શું છે?'

નળે ઉદાસ બનીને કહ્યું :

'દેવ ! તમે તો બ્રહ્માના પુત્ર છો. તમે તે જાણતા જ હશો. બ્રહ્માએ મારે માટે કોઈ કુંવરી ઘડી છે? મેં તો ઘણી કુંવરીઓ જોઈ. રૂપ હોય ત્યાં ગુણ ના હોય. બોલો, કોની સાથે પરણું?'

નારદ બોલ્યા : 'નળ ! વિદર્ભ નામનો દેશ છે. ત્યાં ભીમક

નામનો રાજા રાજ્ય કરે છે. તેની છોકરીનું નામ દમયંતી છે. એ તારા માટે લાયક છે.'

નારદની વાતમાં નળને વિશ્વાસ હતો. તેણે કહ્યું :

'નારદજી ! એના રૂપ વિષે કહો.'

નારદજી બોલ્યા : 'હે નળ, એના રૂપની તો વાત ના પૂછીશ. એનો ચોટલો જોયા પછી નાગ શરમાઈને પાતાળમાં જતા રહ્યા. એટલી બધી રૂપાળી છે કે ચંદ્રમા દિવસે દિવસે ઘટતો જાય છે. બ્રહ્માએ પૃથ્વીનું સમગ્ર તેજ ભેગું કર્યું. એ તેજમાંથી દમયંતી ઘડી. જે ગરો પડ્યો તે ભેગો કરીને ચાંદો ઘડ્યો.'

'નારદજી ! તમે ગપ્પાં ના મારશો. દમયંતી તો હમણાં જન્મેલી. તો પછી ચંદ્ર પહેલાં ન હતો?'

'હે નળ, તારી શંકા સાચી છે. જો કે બ્રહ્માએ ચંદ્રને ઘડતા પહેલાં જ દમયંતીને ઘડી હતી. પણ તેને લાયક કોઈ પુરુષ ન હતો. એટલે જ બ્રહ્માએ તેને પછી પૃથ્વી પર મોકલી.'

નળને સંતોષ થયો. તેણે કહ્યું :

'મારી શંકા દૂર થઈ ગઈ. હવે આગલ કહો.'

'પહેલાં કોયલ કાળી ન હતી. દમયંતીનો મધુર કંઠ સાંભળ્યા પછી તે ઈર્ષાને કારણે કાળી થઈ ગઈ. એનું રૂપ જોઈને ઘણા દુઃખી થવા લાગ્યા. એના રૂપથી એ જગતને દમે છે. માટે એનું નામ દમયંતી પાડ્યું છે.'



'શું વાત કરો છો? એટલી બધી રૂપાળી?'

'નળ, હું જે કહું તે સત્ય માનજે. હમણાં હું સ્વર્ગમાં ગયો હતો. હમણાંનું સ્વર્ગમાં કોઈ જતું નથી અને યમલોકમાં ખૂબ મોટા પ્રમાણમાં જીવાત્માઓ આવે છે. એનું કારણ જાણે છે? બધા દમયંતીનો જાપ જપતાં જપતા જ મરે છે.'

હવે નળને ચટપટી થઈ. દમયંતીને પરણવા અધીરો બની ગયો. તેણે ઝટ નારદને કહ્યું :

'નારદજી ! મને એ કન્યા અપાવો.'

નારદજી ખડખડાટ હસ્યા. તેમણે જવાબ આપ્યો :

'જો ભાઈ, દમયંતી છે રૂપાળી. રૂપાળી એટલે નર્યો રૂપનો જ અવતાર. હવે હું રહ્યો બ્રહ્મચારી. મને તેનાં મોહબાણ વાગે તો શું થાય? એ કામ મારું નહીં.'

એમ કહીને નારદજી તો ઊઠ્યા.

'નારાયણ, નારાયણ!' નો પોકાર કરતા ચાલ્યા.

નારદને શાન્તિ હતી. પણ નળના હૃદયમાં તેમણે આગ સળગાવી હતી.

નારદનું કામ જ આ.

પોતે જંપીને બેસે નહીં અને બીજાંને જંપીને બેસવા દે નહીં. એકને આમ કહે અને બીજાને તેમ કહે. ધણીને કહેશે ધા (દોડ) અને ચોરને કહેશે નાસ. એના જેવી વાત છે.

બિચારો નળ.

શાન્તિથી રોટલો ખાતો હતો.

તેના મનમાં દમયંતીની ચટપટી મૂકી. તે દિવસથી તેને ઊંઘ હરામ થઈ ગઈ. ખાવાનું ભાવે નહીં. રાજ્ય કારભારમાં રસ ના પડે. દમયંતી દમયંતીનું રટણ કર્યા કરે.

છેવટે તેને મિત્ર મળ્યો.

એ મિત્ર હતો મોતી ચારો ચરતો હંસ.

તે દમયંતીને મળ્યો. નળની વાતો કહી. એવી વાતો કહી કે, દમયંતી ઘેલી બની ગઈ. દમયંતીએ નિશ્ચય કર્યો : પરણું તો નળને જ.

નળ તો તૈયાર જ હતો. બંનેનું લગ્ન ગોઠવાઈ ગયું. લગ્નની તિથિ નક્કી કરવામાં આવી.

નારદજીને પણ આ વાતની ખબર પડી.

તેમને એક વિચાર આવ્યો : 'દેવોને દમયંતીની લગની લગાડી હોય તો મજા આવી જાય.'

અને નારદજી ઉપડ્યા. તેમને તો એવું કે વિચાર આવ્યો કે તરત જ અમલમાં મૂકે. આવ્યા સ્વર્ગમાં.

ઈન્દ્ર રાજા દરબાર ભરીને બેઠા છે. બધા નાના મોટા દેવો પણ હાજર છે. નારદજી તો આવ્યા ઈન્દ્રના દરબારમાં. ઈન્દ્રએ તેમને આવકાર આપીને આસન આપ્યું.



'નારદજી, થોડા સમયથી વિચિત્ર બાબત બની છે. પૃથ્વી પરથી આવતા બહુ ઓછા જીવોને સ્વર્ગ મળે છે. જ્યારે યમલોકમાં જીવોનું પ્રમાણ વધી ગયું છે. પૃથ્વી પરના જીવોએ જપ-તપ બંધ કરી દીધાં કે શું?'

નારદજી હસ્યા. તેમને જે વાત કરવી હતી એ તો સામે જ આવી ગઈ. મંદ હસ્યા. સાથે તેમણે કહ્યું :

'હે દેવાધિદેવ ! પૃથ્વી પર જપ-તપ બંધ થઈ ગયાં છે. એનું કારણ છે દમયંતી. દેવાંગનાઓને પણ શરમાવે એવું એનું રૂપ છે. આખું જગત એને પરણવા માટે જાપ જપે છે. ઋષિમુનિઓએ જંગલ છોડી દીધાં છે. બધા ભગવાનને યાદ કરવાને બદલે દમયંતીને યાદ કરે છે. એને યાદ કરતા કરતા મરી જાય છે. એટલે આ પ્રમાણે બન્યું છે.'

'ઓહો, એટલી બધી રૂપાળી છે?' ઈન્દ્ર બોલ્યો. બીજા બધા દેવોને પણ નવાઈ લાગી. નારદે વાત આગળ વધારી :

'હવે તેનો સ્વયંવર છે. જેનું નસીબ જોર કરતું હશે એ તેને મળશે. ત્રણ લોકમાં મેં એવી સુંદરી જોઈ નથી. એટલે બિચારા લોકોનો પણ શું દોષ?'

'આપણા સ્વર્ગની અપ્સરાઓ...'

'અરે, રામ રામ કરો. સ્વર્ગની અપ્સરાઓ જેવી તો એની દાસીઓ છે. દમયંતી સ્વર્ગમાં હોય તો સ્વર્ગ ઝાંખું પડે.'

નારદની વાત પૂરી થઈને ઈન્દ્ર ઊભા થયા. તે ઝટપટ બહાર નીકળવા લાગ્યા. નારદ સમજી ગયા કે તીર બરોબર લાગ્યું છે. તેમણે કટાક્ષમાં પૂછ્યું પણ ખરું : 'કેમ દેવ! સ્વયંવરમાં ચાલ્યા?'

નારદના પ્રશ્નથી ઈન્દ્ર ઝાંખો પડી ગયો. તરત જ કહ્યું :

'ના, ના, મારે તો બીજું કામ છે.'

થોડીવાર પછી વરુણદેવ, યમદેવ અને અગ્નિદેવ પણ નીકળ્યા. તેમને નીકળતા જોઈને નારદ ખડખડાટ હસી પડ્યા.

બીજા દેવોએ હસવાનું કારણ પૂછ્યું. પણ નારદે જવાબ ન આપ્યો. તે તો 'નારાયણ, નારાયણ' બોલતા ચાલવા માંડ્યા.

હવે તેમણે બીજું કામ હાથ પર લીધું. એ ચારે દેવની પત્નીઓને મળ્યા. નારદે દરેકને પૂછી લીધું.

'ક્યાં ગયા દેવ?'

જવાબ મળ્યો : 'તેમને અગત્યનું કામ આવી પડ્યું તેથી પૃથ્વી પર ગયા છે.'

પત્નીઓનું ભોળપણ જોઈ નારદ હસી પડ્યા. તેમણે દમયંતીના સ્વયંવરની વાત જણાવી દીધી. નારદે ચારે ઘેર હોળી સળગાવી દીધી. પત્નીઓ ગુસ્સે થઈને બોલી ઊઠી :

'આવવા દો એમને ઘેર.'

વળી પાછી નારદે મંજિલ શરૂ કરી.



આવ્યા દમયંતીના સ્વયંવરમાં. તેમણે ખાતરી કરી લીધી. ચાર દેવો પણ આવ્યા હતા.

બિ....ચ....ચા...ચા દેવો !

નારદજીએ જો દશા કરી!

ચારે દેવો રસ્તામાં ભેગા થઈ ગયા. શરૂઆતમાં તો એકબીજાથી વાત છૂપાવી. છેવટે બધા સંપી ગયા. તેમણે નક્કી કર્યું, 'દમયંતીને મેળવવા સામુહિક પ્રયત્ન કરવો. જેની નસીબમાં હશે તેને મળશે.'

પૃથ્વી પર આવ્યા ત્યારે તેમને જાણવા મળ્યું. આખી દુનિયા દમયંતીનું રટણ કરે છે. પણ દમયંતી નળનું રટણ કરે છે.

એટલે બધા દેવોએ નળનું સ્વરૂપ ધારણ કર્યું! સ્વયંવર વખતે ચારે દેવો નળની સાથે જ બેસી ગયા.

દમયંતી વરમાળા લઈને આવી. તેણે તો વરમાળા નળને પહેરાવવાનું નક્કી કર્યું હતું. હવે સ્વયંવરમાં તો પાંચ નળ દેખાય છે. કયા નળને વરમાળા પહેરાવવી?

સાચા નળને શોધવા તે નજીક આવી. દમયંતી નજીક આવી એટલે ઈન્દ્રએ પોતાની ડોક આગળ ધરી.

અગ્નિ સમજી ગયો. ઈન્દ્રની ડોક આગળ હોય તો દમયંતી તેને જ વરમાળા પહેરાવે. પણ ઈન્દ્રદેવને તો શું કહેવાય?

એટલે અગ્નિએ બીજો ઉપાય કર્યો. તેણે ઈન્દ્ર કરતાં પણ

વધારે પોતાની ડોક લંબાવી. ઈન્દ્રથી આ શી રીતે સહન થાય? તેણે ગુસ્સે થઈને શાપ આપ્યો.

'તારું મુક વાંદરા જેવું થાઓ.'

અગ્નિનું મુખ વાંદરા જેવું થઈ ગયું. હવે તો દમયંતી મળે જ નહીં. અગ્નિદેવને ઈન્દ્ર પર ગુસ્સો આવ્યો. તેમણે પણ શાપ આપ્યો.

'ઈન્દ્ર ! તારું મુખ રીંછ જેવું થાઓ.'

બે જણના ચહેરા જોઈને દમયંતી આગળ વધી.

હવે વરુણને આશા બંધાઈ. તેણે ડોક આગળ ધરી. છેલ્લે યમરાજ બેઠા હતા. તેમને લાગ્યું કે દમયંતી વરુણને મળી જશે. એટલે તેમણે વરુણને શાપ આપ્યો.

'કૂતરા જેવું મુખ થાઓ.'

દમયંતી આગળ વધી. યમરાજને લાગ્યું કે હવે દમયંતી મળવી જ જોઈએ. પણ વરુણદેવ એમને છોડે કે? તેમણે તરત જ યમરાજાને શાપ આપ્યો.

'તમારું મુખ બિલાડા જેવું થાઓ.'

ઈન્દ્ર રીંછ જેવો, અગ્નિ વાંદરા જેવો, વરુણ કૂતરા જેવો અને યમરાજ બિલાડા જેવો.

અગ્નિ વાંદરા જેવો થયો ત્યારથી નારદ સમજી ગયેલા. તે તો ઝડપથી સ્વર્ગમાં પહોંચી ગયા. ચાર દેવોની પત્નીઓને



ઝડપથી વિમાનમાં બેસાડી દીધી. વિમાન બરોબર સ્વયંવર હતો ત્યાં ઉપર આકાશમાં ઉભું રાખ્યું.

તે જ વખતે યમરાજ પણ બિલાડા જેવા બની ગયેલા. નારદે તેમના પતિઓ બતાવીને કહ્યું :

'જુઓ, તમારા પતિદેવ. મોંઢાના ઠેકાણાં નથી અને દમયંતી વરવા નીકળ્યા છે.'

પોતાના પતિઓનો વેશ જોઈને દેવીઓ તો ખડખડાટ હસી પડી. બધાની નજર આકાશમાં ગઈ. દેવોએ પણ જોયું.

દેવો તો ચમકી ગયા. પોતાની પત્નીઓ સાથે નારદને પણ જોયા. તેમણે ઝટપટ એકબીજાના શાપ પાછા ખેંચી લીધા.

દમયંતી મળી નહીં અને પત્નીઓ આગળ આબરુ ગઈ.

ચારે દેવો નારદજી પર ગુસ્સે થઈ ગયા.

'આ બધાં નારદનાં કામ.'

આવા નારદજી. આવાં એમનાં કામ.

બોલો, નારદજી અમર રહો.

# ૨૧. કોયલ

ગુંગણ નામનું એક ગામ !

એ ગામમાં બે સખીઓ રહે!

એકનું નામ સરલા અને બીજીનું નામ તરલા!

બંને વચ્ચે ભારે બહેનપણાં! સવારથી સાંજ સુધી બંને બહેનપણીઓ સાથે ને સાથે જ હોય! રાત પડે એટલે છૂટાં પડે અને સવારે પાછાં ભેગાં થઈ જાય!

આ ગામને પાદર મચ્છુ નદી વહે!

આ ગામમાં એક બ્રાહ્મણ રહે! એમણે આ બંને સખીઓને કોયલ વ્રત કરવાનું કહ્યું. એમણે આ વ્રતનો દિવસ આવ્યો એટલે વ્રત શરૂ કર્યું.

સવારે વહેલા ઊઠીને બંને સખીઓ મચ્છુ નદીમાં સ્નાન કરવા ગઈ. સ્નાન કરીને તેઓ કાંઠા ઉપર આવી. કાંઠા ઉપર જ



આંબાનું ઝાડ હતું તેની ઉપર કોયલ બેઠી હતી.

બંને સખીઓનું તેનું પૂજન કર્યું અને પૂજન કરતી વખતે નીચેનું ગીત ગાવા લાગી :

આંબા ડાળે કોયલ બેઠી : કૂ... ઉ, કૂ... ઉ.
નદી કિનારે કોયલ બેઠી : કૂ... ઉ, કૂ... ઉ.
સરવર પાળે કોયલ દોડી : કૂ... ઉ, કૂ... ઉ.
આંબા ડાળે કોયલ બેઠી : કૂ... ઉ, કૂ... ઉ.
કાળી કાળી કોયલડી ને રૂપડા વગરની,
નદીને કિનારે
આંબા ડાળે,
બોલો કોયલ કૂ... ઉ, કૂ... ઉ.!
દોરાની ગૂંથી જાળી,
કોયલ રંગ કાળી,
અમે સૌએ ભાળી
બોલો કોયલ કૂ... ઉ, કૂ... ઉ.!

અને આટલી વારમાં તો કોયલ બોલ્યા વગર રહે જ નહિ. કોયલ બોલી. એનો ટહુકો સાંભળીને સરલા અને તરલા બંને ઘેર ગયાં અને ઘેર જઈને એકટાણું કર્યું.

ત્યારે સરલાની માએ કહ્યું : “જુઓ દીકરીઓ! તમે કોયલ વ્રત કર્યું છે ને! એટલે આજે કાળાં કપડાં પહેરવાના નહિ અને

કોઈપણ કાળી ચીજનો ઉપયોગ કરવનો નહિ હોં?''

અને સરલા-તરલાએ આ વ્રત કર્યું.

એટલે બંનેને સારા વર અને ઘર મળ્યાં.

સરલા પરણીને પીલુડી ગઈ અને તરલા પરણીને દેશળા ગઈ.



## ૨૨. માયાજાળ

ભગવાન શંકર.

ભોળાના ભગવાન.

હિમાલયના કૈલાસ શિખર પર તેમનું નિવાસ સ્થાન ! સાથે પાર્વતી રહે. બંને પળવાર પણ વિખૂટા ન પડે.

પણ શંકર તો જોગી. સંસારનાં સુખ ભોગવી ને તે તો અકળાઈ ગયા. તેમને તપ કરવાની તાલાવેલી લાગી. તેમને તો તપથી જ શાન્તિ મળતી. પોતાના મનની વાત તેમણે પાર્વતીને કરી :

'દેવી ! સંસારમાં મને અકળામણ થાય છે. મારું મન અશાન્ત થઈ ગયું છે. શાન્તિ મેળવવાની મારી ઈચ્છા છે. માટે મને દુર જંગલમાં જવાની રજા આપો. હું ત્યાં તપ કરીશ.'

શંકર જંગલમાં જાય. પછી પાર્વતી સાથે કોણ? પાર્વતી

તો એકલાં પડી જાય. એકલાં રહીને સમય પણ કેમ જાય? પાર્વતીને આ મૂંઝવણ હતી. તેમણે કહ્યું :

'પ્રભુ! તમારા વિના એક ઘડી પણ હું રહી શકતી નથી. તમે તપ કરવા જાઓ પછી હું એકલી શું કરું?'

ભોળાનાથ બોલ્યા :

'દેવી ! હું આત્માનું કલ્યાણ કરવા જાઉં છું. તમે મને ના રોકો.'

પાર્વતીએ વિનંતી કરતાં કહ્યું :

'દેવ ! તમે જરૂર તપ કરવા જાઓ. પણ હું એકલી શું કરું! બાળક હોત તો પણ મારો સમય જાત!'

પાર્વતીની વાત સાંભળીને ભગવાન હસ્યા. પાર્વતીનું દુઃખ તે સમજ્યા. તેમણે મુખ મલકાવીને કહ્યું :

'અચ્છા, હવે સમજ્યો. દેવી, તમે પણ ગજબ કરો છો. દુઃખે છે માથું અને કૂટો છો પેટ. સારું, તમને જ્યારે એકલવાયું લાગે ત્યારે બે બાળકો પેદા કરજો. હવે તો જાઉં ને?'

એમ કહીને શંકરે તીરછી નજરે પાર્વતી સામે જોયું. પાર્વતી શરમાઈ ગયાં. શંકર ખડખડાટ હસી પડ્યા. અને મસ્તરામની જેમ ડોલતા ચાલી નીકળ્યા.

શંકરના ગયા પછી પાર્વતીએ બે બાળકો પેદા કર્યાં.

એક પુત્ર.



એક પુત્રી.

પુત્રનું નામ ગણેશ.

પુત્રીનું નામ ઉષા.

પાર્વતી પોતાનાં બાળકો સાથે રહે છે. બાળકોની કાલીઘેલી ભાષા સાંભળીને ખુશ થાય છે. બાળકો આખો દિવસ કિલ્લોલ કરે છે. પાર્વતીનો સમય આનંદથી પસાર થાય છે.

એક દિવસની વાત છે.

દૂરથી 'નારાયણ' 'નારાયણ' નો અવાજ સંભળાયો. થોડી જ વારમાં વીણા વગાડતાં નારદ દેખાયા. પાર્વતીએ નારદજીને આવકાર આપ્યો.

નારદજી પણ નિરાંતે બેઠા. તેમની પાસે વાતોનો ભંડાર. વળી નારદજી એટલે હરતું-ફરતું સમાચારપત્ર. નારદજી સૌને ગમે. પાર્વતીજી પણ તેમની સામે વાતો કરવા બેસી ગયાં.

નારદની નજર બાજ પક્ષી જેવી. ઘરમાં બે બાળકો જોઈ લીધાં. તેમને મશ્કરી કરવાનું મન થયું. નારદે તરત જ હસતાં હસતાં પૂછ્યું :

'માતાજી ! અત્યાર સુધી તો ભગવાન જોગી હતા. એ સંસારી ક્યારથી થયા?'

નારદની આ મશ્કરી સાંભળીને પાર્વતી પણ હસ્યાં. પછી તેમણે બાળકોના જન્મની કથા કહી.

થોડીવાર અલક-મલકની વાતો કરી નારદજી ઊઠ્યા. ‘નારાયણ, નારાયણ’ બોલતા ચાલવા માંડ્યા. ચાલતાં ચાલતાં તેમને એક વિચાર આવ્યો. મનમાં જ ખુશ થઈ ગયા. બબડ્યા પણ ખરા :

‘શંકર પાર્વતીને લડાવું તો જ હું નારદ!’

પછી તો તેમની ઝડપ વધી ગઈ. વીણા પર ફરતી આંગળીઓ અટકી ગઈ. ‘નારાયણનું’ નામ અલોપ થઈ ગયું. તે તો સીધા ઉપડ્યા શંકરની શોધમાં.

શંકર મળ્યા. નારદજીએ આડી અવળી વાતો કરીને શંકરને ખુશ કરી દીધા. શંકર તો બિચારા ભોળા. નારદની વાતો સાંભળે ને ખડખડાટ હસી પડે.

હવે નારદે પોતાની યોજના અમલમાં મૂકી. તેમણે ધીમેથી ગંભીર મોં રાખીને કહ્યું :

‘ભગવાન હમણાં જ તમારે ઘેર જઈને આવ્યો. માતાજીને વંદન કરવા ગયો હતો. પણ એક કૌતુક જોયું!’

‘શું, શું?’ શંકર અધીરા થઈ ગયા.

‘પ્રભુ! વાત કહેવાય તેમ નથી, કહું તો માતાજી ગુસ્સે થાય. નથી કહેતો તો તમારા પાપમાં પડું છું.’

આમ કહીને નારદે વળી પાછી વાત અધૂરી મૂકી.

શંકર તો તલપાપડ થઈ ગયા. નારદે વાતને એવો વળ



ચઢાવ્યો કે શંકર ઉતાવળા થઈ ગયા. તેમણે કહ્યું :

‘દેવર્ષિ નારદ ! પાર્વતીની ચિંતા ના કરો. મારા પર વિશ્વાસ રાખો. બોલો, જલદી બોલો!’

નારદે દયામણું મુખ બનાવીને કહ્યું :

‘પ્રભુ ! ખરેખર તમે ભોળા છો. તમે અહીં તપ કરો છો, પણ... પણ... ઘેર માતાજીને બે...’

નારદ જાણીને અટકી ગયા.

શંકરે ઉતાવળે કહી નાખ્યું :

‘શું બે નારદ ! જલદી કહો.’

‘તમારે ઘેર બે બાળકો છે. પ્રભુ, એ બને જ શી રીતે? ચાલો, હું જાઉં. મારી વાત મનમાં જ રાખજો.’

એમ કહીને નારદ ચાલતા થયા.

પણ શંકરના મનમાં અંગારો મૂકતા ગયા.

તપ કરવા બેઠા. પણ તપમાં ધ્યાન રહે નહીં. છેવટે તે ઊભા થયા. ખભે વ્યાઘ્રચર્મ નાખ્યું. એક હાથમાં પકડ્યું ત્રિશૂળ, બીજા હાથમાં ડમરું. ચાલ્યા ઝપાટાબંધ ઘર તરફ.

કૈલાસ શિખર પર આવ્યા. બારણામાં જ ગણપતિએ શિવને અટકાવ્યા.

‘મારા માતાજી સ્નાન કરે છે, હમણાં તમે અંદર જઈ શકશો નહીં.’

પણ શંકર તો ગુસ્સાથી લાલચોળ થઈ ગયેલા. તેમને લાગ્યું કે પોતાના ઘરમાં પણ પોતાનો અધિકાર નહીં? તેમણે ગણપતિ તરફ ધ્યાન આપ્યું નહીં. પણ ગણપતિ ગાંજ્યા જાય તેવા ન હતા.

તેમણે તો તરત જ તલવાર ખેંચી. શંકર પણ તૈયાર થઈ ગયા. શંકર ગણપતિને ના ઓળખે. બન્ને વચ્ચે લડાઈ થઈ.

ગણપતિ મરાયા.

શંકર અંદર દાખલ થયા. એટલામાં અવાજ સાંભળીને પાર્વતી બહાર આવી ગયાં.

તેમણે ગણપતિને મરેલા જોયાં. તે તો શંકર પર ગુસ્સે થઈ ગયાં :

'મારા લાડકાને મારી નાખ્યો. તમને શરમ પણ ના આવી? તમે તો બાપ છો કે પછી...!'

શંકર પણ ગુસ્સામાં હતા. તેમણે પાર્વતીને વચ્ચેથી અટકાવીને કહ્યું :

'આ તમારું પાપ છે. હવે ભોગવો એનું પરિણામ.'

'તમે આ શું બોલો છો? તમે તપ કરવા ગયા ત્યારે મને બે બાળકો પેદા કરવાની મંજૂરી નહોતી આપી? તમને કોણે ભરમાવ્યા?'

એટલામાં 'નારાયણ, નારાયણ' કરતા નારદજી આવી



પહોંચ્યા.

શંકરે પાર્વતીને કહ્યું :

'દેવી! મને માફ કરો. મને આ નારદે ભરમાવ્યો. નહીં તો એમ ન બનત.'

આમ કહી શંકર ઝડપથી બહાર ગયા. એક હાથીના બચ્ચાનું માથું કાપી લાવ્યા. એ માથું ગણપતિના દેહ સાથે મૂકીને જીવતા કર્યા.

હવે નારદજી નજીક આવ્યા. પાર્વતીએ ભવાં ચડાવીને કહ્યું :

'નારદજી ! આ તમારાં કારસ્તાન છે?'

નારદજી હાથ જોડીને બોલ્યા :

'માતાજી ! ભગવાનનો ગુસ્સો જ એવો છે. મેં તો જે જોયું તે જ કહ્યું. હું તો સીધો માણસ છું.'

'બહુ સીધા.' પાર્વતીએ કટાક્ષમાં કહ્યું. નારદ તો હસતા હસતા આગળ ચાલ્યા.

આવા છે આપણા નારદજી.

શંકર જેવા શંકર પણ તેમની વાતોથી ભરમાઈ ગયા.

# ૨૩. વૈકુંઠ

શ્રાવણ માસ હતો.

પૃથ્વી ધર્મમાં તરબોળ હતી. જ્યાં જાઓ ત્યાં ભજન ચાલે. જ્યાં જાઓ ત્યાં ભગવાનનું નામ લેવાય. પૃથ્વી પર બધા જ ભગવાનનું નામ લે.

નારદજી પૃથ્વીની મુલાકાત તો લેતા.

વારંવાર આવતા.

પણ આ વખતે તો શ્રાવણ મહિનામાં આવી ચડ્યા. અને શું જોયું નારદે ! તેમની તો નવાઈનો પાર ના રહ્યો. મુખમાંથી બોલી ઉઠ્યા :

'વાહ! અદ્‌ભુત!'

નારદે તો પોતડીને ઊંચી પકડી લીધી. વહેલા વહેલા આવ્યા ડાકોરના મંદિરમાં. મંદિરમાં તો જબરી ભીડ જામેલી.



મંદિર તો ભક્તોથી ખીચોખીચ ભરાઈ ગયેલું.

તેમણે પણ અંદર જવાનો પ્રયત્ન કર્યો. પણ જાય શું? મહાપરાણે એક ફુટ આગળ વધે. એવામાં એક ધક્કો આવે ને પાંચ ફુટ પાછા ધકેલાઈ જાય.

જેમ તેમ કરીને તે તો પેઠા મંદિરમાં.

મંદિરમાં તો ધૂન જામેલી :

'જય રણછોડ,'

'માખણ ચોર.'

બીજી તરફ સ્ત્રીઓ પણ હતી. એ પણ ભગવાનના ભજનમાં મગ્ન બની ગયેલી. તેમણે પણ ધૂન મચાવેલી :

'હાથી ઘોડા પાલખી!

જય કનૈયા લાલકી!'

નારદ તો ખુશ ખુશ થઈ ગયા. મંદિરમાંથી નીકળીને ગોમતી પર આવ્યા.

ગોમતી પર પણ એવો જ મેળો જામેલો.

લોકો સ્નાન કરે, કોઈક દાન કરે, કોઈક ગોમતીના પાણીનું પાન કરે. કોઈ સાધુ ધ્યાન કરે.

નારદ તો ડોલી ઊઠ્યા :

આખી પૃથ્વી 'નારાયણ'ની ઘેલી છે.

નારદ ત્યાંથી નીકળ્યા.

દોડ્યા સીધા સ્વર્ગ તરફ. હાંફ ચડી ગયેલો. શ્વાસ તો માય નહીં. આવ્યા વિષ્ણુલોકમાં. વિષ્ણુ ભગવાન લક્ષ્મીજી સાથે બેઠેલા. ભગવાને નારદને દૂરથી આવતા જોયા.

નારદ નજીક આવ્યા. ભગવાને આવકાર આપ્યો :

'આવો, નારદજી !'

પણ નારદ તો ઝડપથી બોલી ઉઠ્યા :

'પ્રભુ ! તમે નિરાંતે બેઠા છો? ઉઠો. ઉભા થાઓ અને કામે વળગો.'

'શું... ? કામે વળગું? શાનું કામ?'

નારદ બોલ્યા :

'પ્રભુ ! પૃથ્વી પર ગજબ થઈ ગયો છે.'

વિષ્ણુ ભગવાન અર્ધા ઊભા થઈ ગયા. તેમને પૃથ્વીની ચિંતા થવા લાગી.

'નારદ, શાનો ગજબ!'

નારદ બોલ્યા :

'અરે પ્રભુ ! વૈકુંઠ મોટું કરો. પૃથ્વી પર તો ધમાલ ધમાલ થઈ ગઈ છે. લોકો નવરા જ નથી. થોડા વખતમાં વૈકુંઠ ભરાઈ જશે.'

હવે વિષ્ણુ ચિડાયા. તેમને નારદની વાતમાં કંઈ સમજણ પડી નહીં. તે ગુસ્સે થઈને બોલ્યા :



'નારદ ! તમારી વાત જ ઢંગધડા વગરની છે. વાત નહીં, વાતનો પાયો નહીં. કંઈક સીધી વાત કરો તો સમજાય.'

નારદે કહ્યું :

'પ્રભુ ! પૃથ્વી પર લોકો તમને ખૂબ યાદ કરે છે. એ બધાં મરશે ત્યારે વૈકુંઠમાં આવશે. એટલે હવે વૈકુંઠ નાનું પડશે. હું એ જ કહેવા આવ્યો હતો. હવે વૈકુંઠ મોટું કરો.'

વિષ્ણુ ભગવાન હસીને બોલ્યા :

'નારદ, લોકોને લક્ષ્મીમાં રસ છે. કોઈને લક્ષ્મીવરમાં રસ નથી. માટે ખોટી ચિંતા કરવાની જરૂર નથી.'

નારદ બોલ્યા :

'ના પ્રભુ, પૃથ્વી પર મેં જાતે જોયું છે. લોકો તમારા નામની ધૂન મચાવે છે. તમને યાદ કરે છે.'

વિષ્ણુએ કહ્યું :

'નારદજી ! હજુ તમે કાચા છો. છતાં પારખું કરવું હોય તો જાઓ પૃથ્વી પર. જેમને વૈકુંઠમાં આવવું હોય તેમને લઈ આવો. હું સદેહે વૈકુંઠમાં રાખીશ. પાપી માણસને પણ રાખીશ. જાઓ, લઈ આવો.'

નારદ તો ઝટપટ ઉપડ્યા.

આવ્યા પૃથ્વી પર.

તેમણે જાહેરાત કરી.

'જેને વૈકુંઠમાં આવવું હોય તે ચાલો. ભગવાન આગળ મારી લાગવગ છે. તમને બધાને ભગવાન તેમની જોડે રાખશે.'

જાહેરાત સાંભળીને લોકો ખુશ થઈ ગયા.

વૈકુંઠમાં આવવા તૈયાર થઈ ગયા.

આગળ નારદજી.

પાછળ ભક્તોનું ટોળું.

રસ્તામાંથી બીજા પણ જોડાયા. દૂર દૂરથી લોકો આવતા હતા. મફતમાં સ્વર્ગ મળે તો કોને ના ગમે? નારદની પાછળ તો જાણે મોટું લશ્કર! લોકો ચાલી ચાલીને થાકી ગયા.

નારદને વારંવાર પ્રશ્ન પૂછવા લાગ્યા :

'આ વૈકુંઠ ક્યાં આવ્યું?'

નારદજીએ સામેનો પર્વત બતાવ્યો અને બોલ્યા :

'પેલા પર્વત ઉપર વિષ્ણુ ભગવાન છે. ત્યાં વૈકુંઠનો દરવાજો છે. ભગવાન તેમના ગરૂડ પર બેસાડીને લઈ જશે.'

લોકોએ આનંદથી કિકિયારી કરી.

હવે તો ઝડપ પણ વધી.

થોડીવારમાં તો પર્વતની નજીક આવી ગયા. જેવો પર્વત નજીક આવ્યો કે તરત જ ચમત્કાર થયો.

આકાશમાંથી તાંબાના સિક્કા પડ્યા. કેટલા સિક્કા? સો, બસો કે હજાર નહીં. સિક્કાનો વરસાદ વરસ્યો.



લોકો તો સિક્કા વીણવા માંડ્યા. વૈકુંઠ તેમના મનમાંય ના રહ્યું. નારદજી ઘણા સમજાવે. લોકોને તો પૈસાની ઘેલછા ! પછી નારદનું માને ખરા ?

નારદ આગળ ચાલ્યા.

તેમણે પાછળ નજર કરી. મોટા ભાગના લોકો સિક્કા વીણતા હતા.

નારદની પાછળ થોડા માણસો રહ્યા.

નારદને વિશ્વાસ હતો :

'આટલા માણસો તો છે ને? એમને તો વૈકુંઠ અપાવીશ. એમને ધનનો મોહ નથી.'

આવો વિચાર કરતા હતા, ત્યાં બીજો ચમત્કાર થયો. આકાશમાંથી સિક્કાનો ફરી વરસાદ વરસ્યો. પણ આ વખતે તાંબાના સિક્કા ન હતા. આ વખતે તો ચાંદીના સિક્કા પડતા હતા.

જે તાંબાથી ના લોભાયા, તે ચાંદીથી લોભાયા.

નારદે કહ્યું :

'ભાઈઓ ! હવે વૈકુંઠ નજીક છે. પૈસાનો મોહ રાખશો નહીં. ફરી આવી તક નહીં મળે.'

પણ માને કોણ?

નારદ આગળ ચાલ્યા.

તેમણે પાછળ નજર કરી. પાછળ ત્રણ માણસો હતા. નારદ દુ:ખી દુ:ખી થઈ ગયા. પણ છેવટે મન વાળ્યું :

'ત્રણ તો છે જ. એમને વૈકુંઠ અપાવીશ. આ ત્રણ તો ચાંદીના સિક્કાથી પણ લોભાયા નથી. એ તો ચોક્કસ મારી સાથે રહેશે. વિષ્ણુ જુઠા પડશે.'

નારદે પાછળ ફરીને પેલા ભક્તોને કહ્યું :

'ભાઈઓ, જુઓ સામે વૈકુંઠનો દરવાજો દેખાય. બહાર ભગવાનનો ગરૂડ બેઠો છે. તેના પર ભગવાનના વિષ્ણુ બેઠા છે. ટુંક સમયમાં જ તમને વૈકુંઠ મળશે.'

એવામાં વળી પાછો ચમત્કાર થયો. આકાશમાંથી સોનાના સિક્કા પડવા લાગ્યા. પેલા ત્રણે સિક્કા વીણવા લાગ્યા. નારદે ઘણા સમજાવ્યા. પણ આ તો સોનાની માયા.

વૈકુંઠના દરવાજા આગળ નારદ આવ્યા. નારદ એકલા જ હતા. વિષ્ણુએ હસીને કહ્યું :

'નારદજી, જોયું ને? લોકોને લક્ષ્મી વહાલી છે. લક્ષ્મીવર કોઈનેય ગમતા નથી.'

'પ્રભુ, તમારી વાત સાચી છે.'

નારદે કહ્યું અને નિરાશાથી બેસી પડ્યા.



## ૨૪. ઉપદેશ

નારદજીનો સ્વભાવ?

વાત ન પૂછો. કોઈનું ઘર છંડાવે.

બે જણને લડાવવાની તો મુખ્ય પ્રવૃત્તિ. ગમે તેમ પણ નારદને કામ જોઈએ. નવરો માણસ બીજું કરે પણ શું?

એક દિવસની વાત છે.

નારદજી ફરતા ફરતા એક રાજાના દરબારમાં આવી પહોંચ્યા.

રાજા પણ કેવો? એક કરોડ તો તેને રાણીઓ.

પણ બિચારાનું નસીબ ટૂંકું. આટલી બધી રાણીઓ હોવા છતાં તેને પુત્ર ન હતો.

આ રાજાનું નામ ચિત્રકેતુ. બિચારો ચિત્રકેતુ ! આટલી રાણીઓ. પણ પુત્ર નહીં ! બધી રીતે સુખ. આ એક જ દુ:ખ.

પુત્ર વિના કેમ ચાલે?

છેવટે એક ઋષિની કૃપા મળી.

અંગિરા નામના ઋષિ હતા. ભારે તપસ્વી, એમને રાજાની દયા આવી. તેમણે રાજાને એક પુત્ર આપ્યો.

એ રાજાના દરબારમાં નારદજી આવ્યા. તેમણે જોયું તો, રાજા ખૂબ દુઃખી હતો. તેમણે રાજાને પૂછ્યું.

'હે રાજા ! તું બધી રીતે સુખી છે. અંગિરા ઋષિએ તેને પુત્ર આપ્યો. છતાં તું દુઃખી કેમ જણાય છે?'

'નારદજી ! મારા દુઃખની શું વાત કરું? મારો પુત્ર મરણ પામ્યો.'

નારદજી ચમકી ગયા.

'હેં શું વાત કરે છે? પુત્ર મરી પણ ગયો? એ કેમ બન્યું?'

'દેવ ! બીજી રાણીઓને ન ગમ્યું. પુત્રને સાવકી માતાઓ તો ઘણી છે. તેમણે ભેગા મળીને તેને મારી નાખ્યો. હમણાં જ મને એ સમાચાર મળ્યા. હજુ તો તેનું શબ પણ પડ્યું છે.'

નારદજીને પણ દુઃખ થયું. રાજાનું દુઃખ ઓછું કરવાનો તેમણે નિશ્ચય કર્યો. તરત જ તેમણે સમાધિ લગાવી. મરેલા પુત્રનો આત્મા શોધી કાઢ્યો. પોતાના યોગબળથી એ આત્માને બોલાવ્યો.

આત્મા આવ્યો. નારદજીએ તેને સલાહ આપી :



'ભાઈ ! તારા પિતા ખુબ દુઃખી છે. તું ફરીથી તારા દેહમાં પાછો ફર. આ રાજ તારે જ ભોગવવાનું છે. સુખેથી ભોગવ અને તારા પિતાને શાંતિ આપ.'

આ સાંભળી બાળકનો આત્મા બોલ્યો.

'મુનિ ! કોણ પિતા ને કોણ પુત્ર? હું પણ ગયા જન્મે રાજા હતો. પાછલી ઉંમરમાં મને વૈરાગ આવ્યો. હું જંગલમાં તપ કરવા ગયો.'

ત્યાં એક સ્ત્રીએ મને ફળ આપ્યું. એ ફળ મેં અગ્નિમાં શેક્યું. ફળમાં લાખો જંતુઓ હતાં. અગ્નિમાં શેકવાને કારણે તે જંતુઓ બળી ગયાં. અજાણતાં જ મારાથી પાપ થયું.

ફળ આપનાર સ્ત્રી આ જન્મે મારી માતા બની. બળી મરનાર લાખો જંતુઓ મારી સાવકી માતાઓ બની. મને મારા કર્મનું ફળ ભોગવવા દો.'

આમ કહીને તે આત્મા ચાલ્યો ગયો.

રાજાએ બાળકની આત્મા વાત વાત સાંભળી. પછી નારદનો ઉપદેશ સાંભળ્યો.

એટલે તેને વૈરાગ આવ્યો. તેણે રાજ છોડી દીધું અને જંગલમાં જઈને તપ કરવા લાગ્યો.

નારદજી આવા પરોપકારી હતા.

**સમાપ્ત**